શ્રીમદ્-ભગવદ્-ગીતા

(કર્મનો સિદ્ધાન્ત અને શરણાગતિનો માર્ગદર્શક ગ્રન્થ)

પદ્યાનુવાદ

સર્જક અને અનુવાદક

ડૉ. શ્રી કે. આઈ. શાહ

મંગલાચરણ

હરિ ગીતમાં હરિ-ગીત-ગાથા-ગાન સંકીર્તન સુધા
સુરસના ઝરે; રસ-અબ્ધિ રેલે; અંતરે દુઃખ-દલ-દળી
ને દીવ્યનું દર્શન નયન-પર-દેશ વિભાવાત આ ઝીલે
જીવ આત્મ અંતર્ગત બને; શાંત-દલ-પ્રફુલ્લ હૃદયે ખીલે.

અધ્યાય ૧લો.

રણભેરીઓ ગાજી ઉઠી, રણ-વાદ્ય રણક્યાં યુદ્ધનાં,
દિગપાલ ડોલ્યા આજ શંખશત શંખ ડણક્યા રોષમાં;
"સંજય કહે" ધૃતરાષ્ટ્ર પૂછે, "સમરઘેલા યશભૂખ્યા,
"મમ કૌરવો મમ (ને) પાંડવો, કુરુક્ષેત્રમાં સમરે ચઢ્યા?"
કુરુક્ષેત્રના વાણી સુણી પલ વિમાન સમું ~~સંજય~~ નામેલ મુખે
પ્રજ્ઞા-નયન પલક્યાં ઉરે, સરિતા સરી સંજય મુખે;

"નીરખી વ્યવસ્થિત શત્રુસેના, શાંત-સાગર શી અરે!
"ગુરુ દ્રોણ સન્મુખ ક્ષુબ્ધ સંક્ષોભિત સુયોધન ઓચરે
"પ્રાતઃ થતાં પ્રાચી મહીં જ્યમ તેજ સાગર ઉભરે
"આચાર્ય એવો વિસ્તર્યો નીલ શત્રુ-સાગર ત્યાં ખરે!!
"તવ શિષ્ય પાંચાલેયનો રણવ્યૂહ દુસ્તર છે ઘણા
"ડુબવું સમરમાં, પાર તરવું સરલ છે ગુરુ દ્રોણના.

ડૉ. શ્રી કે. આઈ. શાહના હસ્તાક્ષર

ॐ कृष्णाय वासुदेवाय हरये परमात्मने ।
प्रणत: क्लेशनाशाय गोविन्दाय नमो नम: ॥

શ્રીમદ્-ભગવદ્-ગીતા

(કર્મનો સિદ્ધાન્ત અને શરણાગતિનો માર્ગદર્શક ગ્રન્થ)

[ભજન, પ્રાર્થના, ગીતો સહિત]

પદ્યાનુવાદ

સર્જક અને અનુવાદક

'આનન્દ'

ડૉ. શ્રી કે. આઈ. શાહ

જૂનાગઢ

સમ્પાદક :

વસન્તકુમાર મ.ભટ્ટ

પૂર્વ-નિદેશક, ભાષા-સાહિત્ય ભવન,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ -૯

Shrimad-Bhagvad-Geeta
Translated into Verses by Dr. K. I. Shah
First Edition : 2025

શ્રીમદ્-ભગવદ્-ગીતા
(કર્મનો સિદ્ધાન્ત અને શરણાગતિનો માર્ગદર્શક ગ્રન્થ)
સર્જક અને પદ્યાનુવાદક : ડૉ. શ્રી કે. આઈ. શાહ

© શ્રી પરેશભાઈ કે. શાહ

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૫

કિંમત : હરિ સ્મરણ

પ્રકાશન :
શ્રી પરેશભાઈ કે. શાહ
'આનન્દ-કુટિર',
૪, મહાશ્વેતા કાદમ્બરી સોસાયટી,
આંબાવાડી, અમદાવાદ
મો. ૯૭૨૫૫ ૪૯૪૧૪

મુદ્રક :
ક્રિષ્ના ગ્રાફિક્સ
અમદાવાદ. મો. ૯૮૯૮૬૫૯૯૦૨

શ્રીમદ્-ભાગવત-ગીતાની
પદ્યાનુવાદરૂપી પ્રસાદીનું પ્રકાશન...

પરમ ભાગવત વૈષ્ણવશિરોમણિ ડૉ. શ્રી કે આઈ. શાહ દ્વારા ૧૨-૧૦-૬૯થી આરમ્ભાયેલો અને ૨૦૧૭ સુધીના કાલખણ્ડમાં પરિવર્ધિત-પરિવર્તિત તથા મઠારાતો રહેલો આ પદ્યાનુવાદ ભગવદ્-પ્રીતિના અનુરાગી ભક્તજનોના કરકમલોમાં મૂકતાં આનન્દ-ની લાગણી થાય છે. અદ્યાવધિ ગુજરાતી ભાષામાં શ્રીમદ્-ભગવદ્-ગીતાના અનેક અનુવાદો પ્રકાશિત થયેલાં જોવા મળે છે. પરન્તુ પ્રસ્તુત અનુવાદ એ સૌમાં નિરાળો છે. એને વાંચવા, માણવા અને ભગવદ્-ભક્તિમાં ડૂબવા આપ સૌને સાગ્રહ સ્નેહ ભર્યું આમન્ત્રણ છે.

ડૉ. શ્રી કે. આઈ. શાહસાહેબે (૧-૬-૧૯૩૦ થી ૨૨-૧૦-૨૦૧૭, જૂનાગઢ) જીવન ભર ગીતાનું અધ્યયન કર્યું અને ગીતાના ઉપદેશ-વચનોને પહેલાં મનમાં ઉતારીને પછી જીવનમાં ચરિતાર્થ કરવા સતત પ્રયાસ કર્યો છે. તદુપરાંત એને પદ્યબંધોમાં ઉતારીને, સતત ગાયા છે — એ એમના અંતરની અમૂલ્ય મૂડીને, પ્રકાશિત સ્વરૂપે જાહેરમાં મૂકીને એમના સુપુત્રશ્રીપરેશભાઈ અને એમના પરિવારના સૌ સદસ્યોએ અમાપ પિતૃ-ઋણને થોડુંક પણ ઓછું કરવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે, જે અભિનન્દનીય છે. આશા છે કે ગીતાનો આ પદ્યાનુવાદ વાંચીને ભક્તહૃદયો રાજી થશે.

ડૉ. શ્રી કે. આઈ. શાહસાહેબે રચેલા શ્રીમદ્-ભગવદ્-ગીતાના આ પદ્યાનુવાદનું સમ્પાદન તૈયાર કરવાની વિનન્તી એમના સૌ સુપુત્રો વતી શ્રીપરેશભાઈ શાહે મને કરી. (જૂનાગઢમાં રહેતા મારા સહપાઠી મિત્ર શ્રીપ્રિયકાન્ત ઉપાધ્યાયને ડૉ. શાહસાહેબની સદ્-ભાવના ભરી હુંફ મળી હતી. તેના આગ્રહથી મેં આ કાર્યનો સ્વીકાર કર્યો) — એ મારા જીવનની એક અણધારી સુખદ ઘટના બની ગઈ ! (મને ડૉ. શાહસાહેબને રૂબરૂ મળવાનો લાભ ન મળ્યો, એનો અફસોસ પણ થાય છે.) ડૉ. શ્રી કે. આઈ. શાહસાહેબે કરેલા આ પદ્યાનુવાદને પૂરા મનોયોગથી, મેં પ્રકાશનને-યોગ્ય સ્વરૂપ આપ્યું છે. આ સમ્પાદન કાર્ય દરમ્યાન ૧. ગુજરાતી શબ્દોની જોડણીને સુધારીને

શબ્દકોશને અનુકૂળ બનાવવા પૂરો પ્રયાસ કર્યો છે. ૨. કેટલાક શબ્દો જે કાઠિયાવડી બોલીમાં વણાઈ ગયેલા છે, અને વપરાશમાં આવી ગયેલા છે તેમને યથાતથ રાખવાનું ઉચિત સમજ્યું છે. ૩. ક્યાંક અમુક અક્ષરને ઉમેરવો જરૂરી જણાયો છે, ત્યાં કૌંસમાં એ અક્ષરને દર્શાવ્યો છે. ૪. ઘણા પ્રત્યયોને છુટા પાડ્યા છે, ૫. જુદા જુદા અલ્પવિરામોનું ઉમેરણ કરીને, વાચકને અર્થબોધમાં સહાય કરવા પ્રયાસ કર્યો છે. ૬. ડૉ. શાહસાહેબે ઘણા શ્લોકોને પદ્યમાં ફેરવતી વખતે, એકથી વધારે જુદા જુદા પાઠભેદ, વૈકલ્પિક રચનાઓ, પણ હાંશિયામાં લખેલ છે. તેથી સમ્પાદન દરમ્યાન તેમાંથી કોઈ એકનું ચયન કરીને, બીજા વિકલ્પોને ત્યજી દીધા નથી. અમે તેને પાદ-ટિપ્પણીમાં પાઠાન્તર રૂપે નોંધી રાખ્યા છે. આશા છે કે કોઈક વાચકને તે પણ ઉપયોગી થશે. ૭. મૂળ ભગવદ્-ગીતામાં તો “ભગવાન્ ઉવાચ”, કે “અર્જુન ઉવાચ” લખ્યા પછી, તે તે વક્તાના શ્લોકોને ઉતાર્યા છે. શાહસાહેબે પણ શરૂઆતમાં તો”ભગવાન” કે “અર્જુન” શબ્દો વાપરીને અમુક શ્લોક કોણ બોલી રહ્યું છે – એ દર્શાવ્યું છે. પણ આ પદ્ધતિનું તેમણે સાદ્યન્ત અનુસરણ કર્યું નથી. બલ્કે એમ કહેવું જોઈએ કે તેમણે પદ્યાનુવાદ કરતી વેળાએ જ “હવે કોણ બોલે છે?” અને “કોણ સાંભળે છે ?”- એ સ્પષ્ટ કરવા, એ અંગેના સ્વતન્ત્ર પદ્યોની જ નવરચના કરી છે ! તેથી વાચકને આપો-આપ સમજાઈ જશે કે ક્યાં, કોણ વક્તા છે અને કોણ શ્રોતા છે. આવી પદ્ધતિ મૂળ ભગવદ્-ગીતાની પદ્ધતિ કરતાં વધુ આકર્ષક જણાય છે. કેમકે વાચકને ભાવનું અને વિચારનું સાતત્ય સહજ રીતે આત્મસાત્ થાય છે. આવી યોજનાની મજા કંઈક જુદી જ છે- એ દરેક વાચક જોઈ શકશે. વળી, ભગવદ્-ગીતાની આ નવી પદ્ધતિમાં તો ઘણે સ્થળે એવું પણ લાગે કે શ્રી શાહસાહેબ કુરુક્ષેત્રના મેદાનમાં થઈ રહેલા જગદ્-ગુરુ શ્રીકૃષ્ણ અને અધિકારી શિષ્ય અર્જુનના એ સંવાદને પ્રત્યક્ષ જોઈ રહ્યા છે અને આપણને બતાવી રહ્યા છે! ઉદાહરણ તરીકે - તેરમા અધ્યાયના આરમ્ભે તેમણે નિમ્નોક્ત પ્રાસ્તાવિક શ્લોકો મૂક્યા છે :-

સાકાર નિરાકારની સહુ વાત વિગતે સાંભળી
જલ કમલ દલ સમભક્ત જનની પરખ પાંડવને મળી
અણમોલ અવસર આવીઓ શુભ-લોભ અર્જુનને વસ્યો

ગુઢ તત્ત્વવિદ્યા જાણવા પરિપ્રશ્ન શ્રીહરિને પૂછ્યો :-

હે નાથ, સચરાચર-પતિ માધવ મુરારિ શ્રી હરિ!
મુરલીમનોહર, મદનમોહન, સકલ જગ કલિમલહારિ
લૌકિક અલૌકિક જ્ઞાન ને વિજ્ઞાન જ્ઞાતા આપ છો,
પ્રજ્ઞાન પૂરણ બ્રહ્મ જ્ઞાન સ્વરૂપ આપ જ એક છો.
આ પ્રકૃતિ ને પુરુષ શું? વળી જ્ઞાન તેમ જ જ્ઞેય શું?
આ ક્ષેત્ર ને ક્ષેત્રજ્ઞ શું? મુજને કહો તવ શિષ્ય છું
વાણી સુણી નરવીર કેરી પલક મલક્યા શ્રીહરિ
સંશય વિપર્યય મુક્ત સરિતા જ્ઞાનની મુખથી સરી.

આવી જ રીતે, પાંચમા અધ્યાયના આરમ્ભે મૂકેલા શ્લોકો જુવોઃ-

ગાયો પરમ મહિમા હરિએ આજ ગરવા જ્ઞાનનો,
યજ્ઞો તણો, તર્પણ તણો, વળી કર્મનાં વિજ્ઞાનનો.
વાણી સુણી મુખરિત થયું મનમુકુર પાંડુ-પુત્રનું,
અંતર પ્રફુલ્લિત પદ્મ સમ વિકસિત કુન્તાસુતનું.
તૃષા કદી મરતી નથી અમૃત કેરા પાનની,
ત્યમ આજ અર્જુનની તૃષા મટતી નથી એ જ્ઞાનની !
દ્વય કર-નિકર જોડી ધનંજય આજ હરિને વિનવે,
મનમાં ભર્યો સંદેહ કરવા દૂર કેશવને કહે.

શ્રીશાહસાહેબે આ પ્રાસ્તાવિક પદ્યોમાં જે વિચારો મૂક્યા છે - મૂળ ગીતામાં તો તે શ્લોકબદ્ધ રૂપે આવેલા નથી, અને છતાંય એટલા બધા હ્રદયસ્પર્શી છે કે તે પદ્યોનું હોવું અનિવાર્ય લાગે છે. આવા નવા ઉમેરેલા શ્લોકોમાં, શ્રી શાહસાહેબનું ભક્ત હ્રદય પણ પ્રતિબિંબિત થઈ કહ્યું છે. જેમ કે, કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનના સારથિ બનેલા શ્રીકૃષ્ણના એક હાથમાં તો ઘોડાની ધુરા હોય અને બીજા હાથમાં ચાબુક હોય, પણ શાહસાહેબ એ કૃષ્ણને ''મુરલી-મનોહર'' રૂપે ય જોતાં હોય છે !

શ્રીમદ્-ભગવદ્-ગીતાના કેટલાક સુપ્રસિદ્ધ શ્લોકોનો પદ્યાનુવાદ તેમણે બહુ જ સુન્દર કર્યો છે- તે પણ ઉદાહરણમુખથી જોઈશું :-

(ક)

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥ (२-००)

આનો ગુજરાતીમાં પદ્યાનુવાદ નીચે મુજબ કુલ બે રીતે આપ્યો છે:-

વસ્ત્રો પુરાણાં ત્યજી પુરવાસી
પ્રેમે સજે વસ્ત્ર નવા સુવાસી
ત્યમ જાણે દેહો ત્યજીને શરીરી
પ્રેમી સજે વસ્ત્ર નવાં સુહાસી
રૂડાં ધરે રૂપ એ જ દેહધારી. (૨-૨૨)

અથવા,

વસ્ત્રો ત્યજીને જીર્ણ, માનવ વસ્ત્ર નવલાં પે'રતો
ત્યમ દેહ ત્યજી ને જીર્ણ, આતમ દેહ નવલાં ધારતો.
(૨-૨૨)

(ખ)

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोस्त्वकर्मणि ॥

કર્મયોગનો વિચાર રજૂ કરનાર ઉપર્યુક્ત અતિમહત્ત્વના સુપ્રસિદ્ધ શ્લોકનો અનુવાદ નીચે મુજબ કરી આપ્યો છે:-

કર્મ તણો અધિકાર તમને એકમેવ અનન્ય છે
ફલમાં ન આસક્તિ કરો, ફલ આપનારો અનન્ય છે (૨-૪૭)

અહીં તેઓ ગીતાના મૂળ શ્લોકના શબ્દોને વળગી રહ્યા નથી, શ્લોકના ચોથા ચરણમાં તેમણે "કર્મફળ ભગવાન્ આપનારો છે જ" એવી પોતાની અંગત આસ્થાને આગળ કરીને,મૂળ સંસ્કૃત શ્લોકના શબ્દોમાંથી બહાર નીકળી જઈને, પોતાના મત મુજબનો અનુવાદ આપ્યો છે! મૂળ શ્લોકમાં તો "તું (અર્જુન) કર્મના ફળમાં આસક્તિ ના રાખીશ – એમ કહ્યું છે, પરંતુ ડૉ. શાહસાહેબનું વૈષ્ણવ મન અનુવાદમાં એમ લખે છે કે, "ફલ આપનારો અનન્ય છે." સાચા ભક્તને આવી છૂટ લેવાનો અધિકાર છે !

(ગ)

ભગવદ્-ગીતામાં શ્રીકૃષ્ણે જે અવતારવાદનો શંખ ફૂંક્યો છે અને સમગ્ર મનુષ્યજાતને એક અતૂટ ભરોસો આપ્યો છે કે જ્યારે જ્યારે મનુષ્યપ્રજા દુઃખી થશે, પૃથિવી ઉપરથી ધર્મનો લોપ થશે ત્યારે ત્યારે હું અવશ્ય નવા નવા અવતારો લઈને પાછો આવીશ. (અવતારવાદનો વિચાર ભગવદ્-ગીતામાં જ પહેલ વહેલો રજુ થયો છે, એ અવતારવાદની વાત ગીતાની અગાઉના વેદોમાં કે ઉપનિષદ્ વગેરે ગ્રન્થોમાં જોવા મળતી નથી) એથી આ અવતારવાદ વિશેના શ્લોકોનો પદ્યાનુવાદ શ્રીશાહસાહેબે કેવો કર્યો છે - તે જાણવાનું કૌતક થવું સ્વાભાવિક છે.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानम् अधर्मस्य तदाऽत्मानं सृजाम्यहम् ॥

એવા શબ્દો મૂળ ભગવદ્-ગીતામાં છે. તેનો અનુવાદ નીચે મુજબ આપ્યો છેઃ-

જ્યારે ધનંજય ધર્મ-ધ્વજનો ધ્વંશ ધરતી પર થતો
અવનિ ઉપર અધરમ તણો અતિઘોર ઓળો ઉતરતો
સુખ સાધુજનને આપવા, ફરી ધર્મ જગમાં સ્થાપવા,
દુર્જેય દુષ્ટો દંડવા અધીરો બનું અવતરણ લેવા ! (૪-૭, ૮)

આવા નમૂનાઓ જોવાથી માલૂમ પડશે કે શ્રી શાહસાહેબે કરેલો પદ્યાનુવાદ સર્વથા મૌલિક અને સર્જનશીલતાથી ભરેલો છે.

એવી જ રીતે–

(ઘ)

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥

આ પ્રસિદ્ધ શ્લોકનો અનુવાદ પણ માણવા યોગ્ય છે :-

ઋષિ-વાલ્મીકિ જેવો બને ત્રય-તાપ એને ના નડે
કૌંતેય, પ્રતિ-શત જાણજો- મુજ ભક્ત કદિએ ના ખુડે[૧]
(૯-૩૧)

અહીં ભગવાનને શરણે જનારો, બહુ જલ્દીથી 'ધર્માત્મા' બની જાય છે – એવી જે દઢ આસ્થા ભગવદ્-ગીતામાં ઉચ્ચારવામાં આવી છે, તેમાં એક પણ ભક્તનું નામ મૂળ શ્લોકમાં તો આપ્યું જ નથી, પણ શ્રીશાહ સાહેબે તેને માટે ઋષિ વાલ્મીકિ,જે વાલિયા લૂંટારામાંથી ઋષિ બનેલા- એ પુરાણી વાર્તાનું અવલમ્બન લઈને, એને શ્લોકમાં વણી લીધેલ છે! આ તેમની આગવી પ્રતિભા છે.

(ङ) અગાઉ કહ્યું છે કે બીજા વિદ્વાનોએ પણ ભગવદ્-ગીતાના ગુજરાતી પદ્યાનુવાદ કર્યા છે, છતાંય ડૉ. શ્રી કે. આઈ. શાહસાહેબે કરેલો આ પદ્યાનુવાદ તદ્દન નિરાલો છે. – તેના સમર્થનમાં હજી વધુ એક-બે ઉદાહરણ આપવા રસપ્રદ બનશે :-

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥२-५८॥

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं, रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥२-५९॥

ગુજરાતીના સુપ્રસિદ્ધ કવિશ્રી સ્નેહરશ્મિએ આ શ્લોકોનો પદ્યમાં કરેલો અનુવાદ નીચે મુજબ છે :-

કાચબો જેમ અંગોને તેમ જે વિષયો થકી,
સંકેલે ઈન્દ્રિયો સર્વે, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. (૨-૫૮)

નિરાહારી શરીરીના ટળે છે વિષયો છતાં,
રસ રહી જતો તેમાં, તે ટળે દેખતાં પરમ. (૨-૫૯)

પરન્તુ, આવા શબ્દે-શબ્દને પકડી રાખીને કરેલા અનુવાદ કરતા શ્રીશાહસાહેબે પોતાની રીતે જે અનુવાદ કર્યો છે, તે વધુ આસ્વાદ્ય છે. જેમકે,

ભય ભાળતાં જ્યમ કાચબો નીજ અંગ સંકોચન કરે
ત્યમ ભોગથી મુખ ફેરવે, સ્થિતપ્રજ્ઞતા એને વરે. (૨-૫૮)
ઈન્દ્રિય તણા આ ભોગ શમશે યમ-નિયમ સાધન થકી
રસ-ભોગ શમશે અંતમાં ઉર પરમના દર્શન થકી. (૨-૫૯)

*

પ્રસ્તુત પદ્યાનુવાદમાં એકથી વધારે જગ્યાએ, શ્રીશાહસાહેબે પોતાના કવિહૃદયમાંથી નીતરી આવેલાં પદ્યોને પણ વચ્ચે વચ્ચે સુન્દર રીતે ગૂંથી લીધેલાં છે.જેમકે, અગિયારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણે અર્જુનને પોતાનું જે વિશ્વવ્યાપી સ્વરૂપ દેખાડ્યું છે, ત્યાં ઉમેરેલું નિમ્નોક્ત એક ભજન પણ અતિશય ભક્તિ-ભાવથી ભરેલું છે :-

પ્રેમ પદારથ જે નર પામ્યા, ભક્તિ પથ સંચરિયા,
શ્રદ્ધા કેરી નાવડી નાની, ભવસાગર ને તરિયા.
જે નર ભક્તિપંથ સંચરિયા...

મૈત્રી કરુણા મુદિતા કેરા ભાવ હ્રદયમાં ભરીયા
મમતા તોડી, સમતા જોડી, જગ આખામાં ફરીયા.
જે નર ભક્તિપંથ સંચરિયા...

અગાઉ જણાવ્યું છે તેમ તેમણે ઘણા અધ્યાયોને આરમ્ભે, વક્તા-શ્રોતાની કડી જોડી આપતાં અમુક પદ્યો જોડ્યાં છે, તે ફરી ફરીને આપણું ધ્યાન ખેંચે છે. આનું ઉદાહરણ અગિયારમાં અધ્યાયને આરમ્ભે પણ મળે છે:-

હે નયનપદ્મ મુકુંદમાધવ સહજ સુન્દર શ્રીપતિ
હે દેવના અધિદેવ, દીન-હીન જન તણી શરણાગતિ,
આપે કહી વિસ્તારથી વિભૂતિ તણી જે વારતા
મનમોહ ટળતાં શમન પામ્યા સંશયો ઉર જે હતા,
સાચું કહું તો નાથ હજીએ એક અભિલાષા મને.
જો શક્ય હોય તો દિવ્ય સ્વરૂપે નીરખવા છે આપને.
કરુણાકરે કરુણા કીધી નિજ શિષ્ય મસ્તક કર ધર્યો,
કૌન્તેયની મન-કામના પરિતોષવા નિર્ણય કર્યો.

આ પ્રકારે, મૂળ ભગવદ્-ગીતાના શ્લોકો ઉપરાન્ત જે કેટલાંક નવો પદ્યોને અહીં-તહીં સમાવવામાં આવ્યાં છે, તેથી સમ્પાદન-કાર્ય કર્યા પછી, એ જરૂરી,બલ્કે અનિવાર્ય લાગ્યું છે કે દરેક અધ્યાયના ગુજરાતી પદ્યાનુવાદને અન્તે, મૂળ ભગવદ્-ગીતાના સંસ્કૃત શ્લોકોનો પાઠ પણ આપવો. કેમકે, જે વાચકને શ્રીશાહસાહેબના પદ્યાનુવાદને વાંચ્યા પછી, તે તે અનુવાદનું મૂળ સંસ્કૃત સ્વરૂપ કેવું છે – એ તપાસવાની ઈચ્છા થાય તો એવા વાચકને ગુજરાતી

પદ્યાનુવાદની નીચે જ સંસ્કૃત પાઠ પણ મળી રહે. આમ વાચકોને મૂળ સંસ્કૃતમાં રચાયેલી ગીતા અને પુણ્યશ્લોક ડૉ. શ્રી કે. આઈ. શાહસાહેબનો પદ્યાનુવાદ એક સાથે ઉપલબ્ધ કરાવી આપ્યો છે.

ભગવદ્-ગીતાને વિશે દુર્ભાગ્યે એવી ગેરસમજ છે કે ગીતા એ મરણોત્તર (=કોઈકના મરણ પછવાડે કર્મકાણ્ડી વ્યક્તિ પાસે વંચાવવામાં આવતો) ગ્રન્થ છે. ભારતીય હિન્દુ-સમાજમાં ફેલાયેલી આ ગેરસમજ દૂર કરીને, ગીતાને જીવન જીવતાં જીવતાં જ વાંચવાની અને તે મુજબ જિંદગી જીવતાં શિખવાનું છે - એવી સાચી સમજ કેળવવાની જરૂર છે. ભગવદ્-ગીતા એ જો મરણોત્તર ગ્રન્થ હોત તો શ્રીકૃષ્ણે મહાભારતનું યુદ્ધ પૂરું થયા પછી, એટલે કે અઢાર અક્ષૌહિણી સેનાનો ઘોર સંહાર કરી નાંખ્યા પછી જ, અર્જુનને તે ગીતા સંભળાવી હોત. પણ એવું તો નથી. હકીકતમાં તો ગીતાને મહાભારતનું યુદ્ધ શરૂ થાય તે પહેલાં જ શ્રીકૃષ્ણે સંભળાવી છે, કે જેથી અર્જુન એ વાત બરાબર સમજી લે કે કઈ દૃષ્ટિથી આ ધર્મયુદ્ધમાં લડવાની(=કર્મો કરવાની) અનિવાર્યતા છે, અને કઈ દૃષ્ટિ કેળવવાથી હિંસાનું ઘોરકર્મ કર્યા પછીય એ (હિંસા)નું કોઈ કર્મબંધન ઊભું નહીં થાય. બીજી પણ વિવાદાસ્પદ સમજણ ફેલાયેલી છે કે શ્રીકૃષ્ણે ગીતામાં જ્ઞાન, કર્મ અને ભક્તિની ત્રિવેણી વહેવડાવી છે. તથા આ ત્રણ મુદ્દાની વાત કરતી વખતે, પ્રાસંગિક રીતે તેમાં યોગશાસ્ત્ર, સ્થિતપ્રજ્ઞ-નાં લક્ષણ અને ત્રિગુણાતીતનાં લક્ષણોને પણ વર્ણવ્યાં છે. પરન્તુ શ્રીશાહસાહેબે જ્યારે ભગવદ્-ગીતાનો પદ્યાનુવાદ લખ્યો છે ત્યારે તેમાંથી એમને આત્મસાત્ થયેલું તત્ત્વજ્ઞાન કયા પ્રકારનું છે ? — એ મુદ્દાને લઈને વિચારીશું તો, શ્રીશાહસાહેબને ભગવદ્-ગીતામાંથી કેવળ વૈષ્ણવભક્તિ અને પ્રપત્તિ (ઈશ્વર-શરણાગતિ)નો સૂર જ પ્રધાન સૂર તરીકે હાથ લાગ્યો છે.

શ્રીમદ્-ભગવદ્ગીતા એક એવો અદ્ભુત ગ્રન્થ છે કે જે દરેક યુગમાં, દરેક ભૂગોળમાં, દરેક વાચકને અને પ્રત્યેક વાચનની આવૃત્તિએ નવા નવા અર્થઘટનો, નવું નવું તત્ત્વજ્ઞાન તારવવાનો મોકો પૂરો પાડે છે. ગીતા એ હંમેશા તાજો રહેતો ગ્રન્થ છે. તેથી જ તે દરેક વાચકને હંમેશાં (એક) નવો અર્થ આપી શકે છે, અને જીવન જીવવાની નવી દિશા ઉઘાડી આપે છે. એટલા માટે જ ઘણા ભારતીય લોકો ફરી ફરીને ગીતાનું પારાયણ કર્યા જ કરે છે. સર્વજનોને

થતો આ અનુભવ શાશ્વત હોઈને, ડૉ. કે. આઈ. શાહસાહેબે કરેલો પદ્યાનુવાદ પણ એમને ભગવદ્-ગીતામાંથી મળેલા તત્ત્વજ્ઞાન, જીવનબોધને સમજવાની ચાવી પૂરી પાડે છે. વળી શ્રીશાહસાહેબ ભલે પાર્થિવ સ્વરૂપે આપણી વચ્ચે નથી, પણ આ અનુવાદ રૂપી તેમનો"અક્ષરદેહ" (ન ક્ષરતિ ઈતિ અક્ષરઃ, અર્થાત્ જેનો કદાપિ ક્ષર એટલે કે વિનાશ નથી થતો તેવો 'અક્ષર' દેહ) તો આપણી પાસે સુરક્ષિત છે, જે ભવિષ્યમાં પણ સૌ વાચકોને સુલભ થાય એવા શુભ-આશયથી એને વિનમ્ર ભાવે પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે.

ડૉ. કે. આઈ. શાહસાહેબે પંદર વર્ષની ઊંમરથી કવિતાઓ લખવાનું શરૂ કર્યું હતું. આમ, અંદરથી તે એક કવિજીવ હતા, તેઓ એક સાચો કલાકારનો જીવ હતાં. તેમણે પોતે જ અન્યત્ર લખેલ એક પદ્યને ઉદ્ધૃત કરીને આ પ્રસ્તાવનાને પૂરી કરીશું :-

કલાકારો વિવિધ રંગો પૂરી
એક કલાકૃતિ અર્પે છે.
જે કલાના છાંટણા આજે પણ
જમાનો યાદ રાખે છે.

હા, બીજી બે વાત પણ આ તબક્કે કહેવી જરૂરી છે કે – (૧) ડૉ. શાહસાહેબની અંગત ડાયરીઓમાંથી ગીતાના અઢારમા અધ્યાયના અમુક અંતિમ શ્લોકોના પદ્યાનુવાદ મળી શક્યા નથી – તેથી એક નાની અધુરપ રહ્યાનું અપાર દુઃખ પણ છે. (૨) એમના પદ્યાનુવાદની પાછળ, ડૉ. શાહસાહેબે "આનન્દ" ઉપનામથી કેટલીક પ્રાર્થનાઓ, ભજનો, ગીતો અને ગીતાના એક-બે અધ્યાયના સારને ગીતોમાં વણી લીધા છે, તેને પણ મૂકવામાં આવેલ છે. 'આનન્દ'નાં તે ૧૮ ગીતો તમોને અનેરો જુદો આનન્દ આપશે – એની ખાતરી છે.

વસન્તકુમાર મ. ભટ્ટના જયશ્રી કૃષ્ણ

હે દ્વિજકુલોત્તમ આપણા આ સૈન્યના રણ-શૂરવીરો
દુર્જય ધનુર્ધર આપ છો, રણ-ખ્યાત દુર્દમ ભીષ્મ છે
કુરુવંશ કુલગુરુ કૃપ ને પ્રભુ સોમદત્ત મહાન છે. (૧-૮)
રણમાં અડગ ગિરિશૃંગશા રણવીર કર્ણ વિકર્ણ છે
અરિરક્ત-તૃષાતુર રુદ્ર સ્વરૂપ આ તવ સુત છે
વળી અન્ય, અગણિત શૂરનર રણરંગ વિશારદવીરો
રણયજ્ઞમાં થઈ આહુતિ મરવાય તત્પર શૂરવીરો (૧-૯)
આવી ઊભી છે સાથ એવી વિજયસેના કૌરવી
વરશે વિજયની માળ રણમાં રોળી સેના પાંડવી
તો પણ પ્રભુ ! રણવ્યૂહનું કડીબધ્ધ આયોજન કરો
રણત્રાતા, રુદ્ર પ્રતાપ ભીષ્મનું રક્ષણ કરો. (૧-૧૧)
ત્યાં ધવલ કેશ કલાપ કમનીય, સૌમ્ય દર્શન ભીષ્મની
કુરુકુલ આદ્ય, અજેય, અવિચલ અભૂત વીર્ય પ્રતાપની
રણકેસરીશી ગર્જના અરિ ધૈર્ય ડોલાવી રહી
અતિઘોર શંખનિનાદિની ધરણીય ધ્રુજાવી રહી. (૧-૧૨)
ને ત્યાં ગગડીઆ શંખને રણભેરીયો વાજી[1] ઊઠી
રણવાદ્ય વાગ્યાં સામટાં દશદિશા ત્યાં ધ્રુજી ઊઠી. (૧-૧૩)
ગિરિરાજધરણ, ગજેન્દ્રમોચન, શ્યામસુંદર શ્રીહરિ
રથ દોરને ધારી, હસી, નિજ શિષ્યને હાકલ કરી,
કટિ બાંધી, કેશ ઝુલાવી, શેષ વિશેષ અંતરમાં ભરી
ધારી પાંચજન્ય મુખે હવે રણગર્જના ભીષણ કરી. (૧-૧૪)
સુણીને ચરાચરવિશ્વ સ્વામી કૃષ્ણનો શંખધ્વનિ
અર્જુન યુધિષ્ઠિર ભીમની ગરજીય શંખનિનાદિની
ગરજ્યા મૃદંગો ઢોલ ને શરણાઈ ત્યાં ગાજી ઉઠી
પાંડવો તણી શૂરવીરતા રણ રુદ્રતા જાગી ઊઠી.
ગાજી ધરા ઘનઘોર ને ગંભીર ઘેરા નાદથી
જાણે પ્રલયના પૂર ગરજ્યાં આજ ઘોર નિનાદથી

૧. ગાજી

ખંખેરીને જ્યમ યાળ, ભરીને ફાળ,ગરજે કેસરી
ત્યમ વીરતા ગરજી સમરમાં શત્રુ-ઉર વિદારતી.
જેના હૃદયમાં વંચના ને વિકૃતિનું વિષ ભર્યું
ધૃતરાષ્ટ્રનાએ પુત્રનું મન વિવશ આ નાદે કર્યું
જેની પતાકા શોભતી રણ રુદ્ર અંજની સુતથી
ત્રિભુવન વિમોહન સમરમાં જેના બન્યા છે સારથિ
દિગપાલ ડોલે સામટા જેના ધનુષટંકારથી
ધરણી આ ધ્રૂજે જેની પ્રલય તાંડવ સમી રણ હાકથી
શુરવીર કુલ શિરોમણિ કૌન્તેય ગાંડીવને સજે
નીરખી વ્યવસ્થિત શત્રુ સેના વિનયવાણી ઓચરે
હે નાથ, હે કરુણાનિધિ, હે શ્યામસુંદર શ્રીહરિ
રણ-સૈન્ય-સાગર મધ્ય મુજને લઈ ચલો કરુણા કરી
આ વિશ્વ-આદરણીય વીર-સમાજના દર્શન કરૂં
વંદન વીરશ્રીને કરી કૃતકૃત્યતા ઉરમાં ભરૂં. (૧-૨૧)
દુર્બુદ્ધિ દુર્યોધન તણું રણશ્રેય કરવાને ભલે
થઈ શત્રુ ઉભા, તોય જગમાં વીરજન અભિવંદ્ય છે. (૧-૨૩)
નિજ પ્રાણ સમ નિજ શિષ્યની આરત ભરી વાણી સુની
હૃષીકેશજી લઈ ચાલીઆ રથ શત્રુસાગરના ભણી.(૧-૨૪)
જ્યાં ભીષ્મ ને ગુરુ દ્રોણ ઊભા ને ઊભા સહુ રાજવી
ત્યાં અંગુલી ધરીને વદ્યા હરિ "આ પ્રબળ વ્યૂહ કૌરવી" (૧-૨૫)
નિરખ્યા પિતામહ ભીષ્મને, નિરખ્યા સમરગુરુ દ્રોણને
કાકા અને મામા વળી, નિરખ્યા શ્વસુર પિતરાઈને
ને ભાઈ ને સુત મિત્ર ને નિરખ્યા ઉભય રણવ્યૂહમાં (૧-૨૬)
કરુણાસભર હૃદયે વદ્યા કૌન્તેય દુર્દમ ભાવમાં.
જ્યારે વિચારું સમરમાં હરિ, કોણ મરશે જીવશે ?(૧-૨૭)
ને ભારતીની આ વીરશ્રી સમરમાં[૨]સળગી જશે
નિજસ્વાર્થમાં બની અંધ, ભીષણકાંડમાં હોમી રહ્યા

---

૨. નિમેશમાં.

રણવીરતા, રણધીરતા, શૂરવીર ગુણગંભીરતા,
ગાત્રો ગળે તવ[૩] નાથ ને, અમી ઓસરે છે મુખનું
કંપે પવનથી, પાંદડું ત્યમ પંડ મારું કંપતું. (૧-૨૯)
જેના પ્રબલ ટંકારથી ધરણી ધ્રુજે કંપે અરિ
ગાંડીવ સરે એ હસ્તથી, મુજ રોમ-રોમ જલે હરિ. (૧-૩૦)
રણ કેસરી શો નાથ અડગ, અજય, નિર્બલ હું નથી,
ટેકો તમારો તોય મનડું ધૈર્ય ધરતું આ નથી, (૧-૩૦)
નજરે નિહાળું નાથ નોબત નાશની અહીં વાગશે,
સ્વજનો હણીને યુદ્ધમાં કદી શ્રેય કોઈ પામશે ? (૧-૩૧)
સ્વજનો તણું શોણિત વહાવું, ને વિજય રણમાં વરે
એ વિજય કે, એ રાજ્ય મુજને આ જીવનમાં ના ખપે.(૧-૩૨)
જેની સુવિધા કાજ આ સંસાર સરજાતો હરિ,
શસ્ત્રો સજી સૌ એ ઉભા નીજ જીવન આશા પરહરી. (૧-૩૩)
વસુધા તણા શા ભાર, વસુધા તૃણસમાન દિસે મને
ત્રણ લોકોનું સામ્રાજ્ય પણ હરિ આજ શિવનિર્માલ્ય (૧-૩૫)
લાક્ષાગૃહે બાળ્યા કપટથી, રાજ્ય સઘળું લઈ લીધું
સતી દ્રૌપદીના ચીર ખેંચ્યા, દુઃખ વસમું છે દીધું
ભીતર જલે છે નાથ, તો'એ ગ્લાનિ મનમાં થાય છે.
છે આતતાયી સુયોધન પણ પંડનો પિતરાઈ છે ! (૧-૩૬)
બાંધવ હણી જો રાજ્યવૈભવ સમરમાં મળતો મને
તો'એ સમંદર નીર શો, સંસાર ખારો આ બંને (૧-૩૭)
જેને પડળ હરિ(!) લોભના જામેલ છે નયનો પરે
કુલઘાત સ્વજન-દ્રોહને કેમ ન એ હૃદયે ધરે ? (૧-૩૮)
પણ સુજ્ઞ સચરાચરપતિ જેના સહજ સન્મિત્ર છે
કુલઘાતનું અતિઘોર પાતક કેમ કરીએ આખરે?!(૧-૩૯)
કુલ નાશ પામે તો સનાતન કુલધર્મો ના ટકે
ને એ હુતાશન જ્વાલથી,"કૃત્યા"[૪] અધર્મ તણી ફુટે (૧-૪૦)

---

૩. અર્થાત્ - ત્યારે. ૪. વિનાશકારી (ડાકણ જેવી) અદૃષ્ટ શક્તિ.

જો ગૃહની કુળલક્ષ્મીઓ વિપરીત ગામિની બને
દુર્ભાગી ભારત-વંશવેલી વર્ણસંકર તો બને. (૧-૪૧)
ને શૌર્ય, ગૌરવ, કીર્તિ તર્પણ પિતૃને જો ના ચડે
તો પિતૃસહ હતભાગી રૌરવ- નર્કમાં જઈને પડે. (૧-૪૨)
કુલઘાતીનું એ પાપ જ્યારે રાહુ થઈ જગને ગ્રસે
કુલ-આશ્રમોના ધર્મ આ ધરણી ઉપર હરિ ના રહે; (૧-૪૩)
જેના હણાયા ધર્મ, કુલને આશ્રમો આ જગતમાં
નિઃશંક એ નિકૃષ્ટ જનનો વાસ થાએ નર્કમાં; (૧-૪૪)
આશ્ચર્ય છે! હરિ જ્ઞાની થઇ હું કર્મ કરી કેવું રહ્યો,
નીજ આપ્તજનનું રાજ્યલોભે રુધિર રેલાવી રહ્યો! (૧-૪૫)
ટુકડો જમીન ને ધાન મુઠી, હૃદય કરુણા છલકતું
જો જીવન જીવતાં આવડે તો જીવનમાં આ બસ થતું;
શસ્ત્રો અને સંહાર જીવનમાં ખપે મુજને નહીં
નિઃશસ્ત્ર રણમાં હું હણાઉં તો'એ રંજ મને નહીં (૧-૪૬)
સંજય કહેઃ- "રાજન્, સમરજીત પાર્થ વ્યગ્ર બની ગયા
શસ્ત્રો ત્યજી, ડૂબી ગહન વિચારસાગરમાં ગયા (૧-૪૭)

॥ ૐ તત્-સત્- પરમાત્મને નમઃ ॥

अथ प्रथमोऽध्यायः ।

(अर्जुन-विषाद-योगः)

धृतराष्ट्र उवाच ।

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय ॥ १-१ ॥

सञ्जय उवाच ।

दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसङ्गम्य राजा वचनमब्रवीत् ॥ १-२ ॥
पश्यैतां पाण्डुपुत्राणामाचार्य महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥ १-३ ॥

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥ १-४ ॥
धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित्कुन्तिभोजश्च शैब्यश्च नरपुङ्गवः ॥ १-५ ॥
युधामन्युश्च विक्रान्त उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥ १-६ ॥
अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥ १-७ ॥
भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिञ्जयः ।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥ १-८ ॥
अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥ १-९ ॥
अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥ १-१० ॥
अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्व एव हि ॥ १-११ ॥
तस्य सञ्जनयन्हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शङ्खं दध्मौ प्रतापवान् ॥ १-१२ ॥
ततः शङ्खाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥ १-१३ ॥
ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
माधवः पाण्डवश्चैव दिव्यौ शङ्खौ प्रदध्मतुः ॥ १-१४ ॥
पाञ्चजन्यं हृषीकेशो देवदत्तं धनञ्जयः ।
पौण्ड्रं दध्मौ महाशङ्खं भीमकर्मा वृकोदरः ॥ १-१५ ॥
अनन्तविजयं राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥ १-१६ ॥
काश्यश्च परमेष्वासः शिखण्डी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥ १-१७ ॥

द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।
सौभद्रश्च महाबाहुः शङ्खान्दध्मुः पृथक्पृथक् ॥ १-१८ ॥
स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलोऽभ्यनुनादयन् ॥ १-१९ ॥
अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान् कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसम्पाते धनुरुद्यम्य पाण्डवः ॥ १-२० ॥
हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।

अर्जुन उवाच ।

सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥ १-२१॥
यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन् रणसमुद्यमे ॥ १-२२ ॥
योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥ १-२३ ॥

सञ्जय उवाच ।

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥ १-२४ ॥
भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥ १-२५ ॥
तत्रापश्यत्स्थितान्पार्थः पितॄऽनथ पितामहान् ।
आचार्यान्मातुलान्भ्रातृन्पुत्रान्पौत्रान्सखींस्तथा ॥ १-२६ ॥
श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ।
तान्समीक्ष्य स कौन्तेयः सर्वान्बन्धूनवस्थितान् ॥ १-२७ ॥
कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ।

अर्जुन उवाच ।

दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ॥ १-२८ ॥
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥ १-२९ ॥
गाण्डीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ।
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥ १-३० ॥

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥ १-३१ ॥
न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।
किं नो राज्येन गोविन्द किं भोगैर्जीवितेन वा ॥ १-३२ ॥
येषामर्थे काङ्क्षितं नो राज्यं भोगाः सुखानि च ।
त इमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च ॥ १-३३ ॥
आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः सम्बन्धिनस्तथा ॥ १-३४ ॥
एतान्न हन्तुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ।
अपि त्रैलोक्यराज्यस्य हेतोः किं नु महीकृते ॥ १-३५ ॥
निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन ।
पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः ॥ १-३६ ॥
तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान्स्वबान्धवान् ।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ॥ १-३७ ॥
यद्यप्येते न पश्यन्ति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥ १-३८ ॥
कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥ १-३९ ॥
कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥ १-४० ॥
अधर्माभिभवात्कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसङ्करः ॥ १-४१ ॥
सङ्करो नरकायैव कुलघ्नानां कुलस्य च ।
पतन्ति पितरो ह्येषां लुप्तपिण्डोदकक्रियाः ॥ १-४२ ॥
दोषैरेतैः कुलघ्नानां वर्णसङ्करकारकैः ।
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥ १-४३ ॥
उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।
नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम ॥ १-४४ ॥

अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ॥ १-४५ ॥
यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥ १-४६ ॥

सञ्जय उवाच ।

एवमुक्त्वार्जुनः सङ्ख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥ १-४७ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे अर्जुनविषादयोगो नाम प्रथमोऽध्यायः ॥ १ ॥

અધ્યાય ૨જો

શંકિત વ્યથિત કૌન્તેયને નિરખી સ્વજન વ્યામોહમાં,
રાજન્ , હૃદય ડોલાવતી વાણી વદે હૃષિકેશ ત્યાં . (૨-૧)
ક્યાંથી થયો આ મોહ કીર્તિ-કલંક કાયરતા ભર્યો?
વસમે સ્થળે વસમી પળે સમ્મોહ ક્યાંથી આ ધર્યો? (૨-૨)
ના ના ધરો અધીરાઈ અંતર ધૈર્યને ધારણ કરો
ખંખેરીને આ ક્ષુદ્ર ભીરુતા, હસ્ત ગાંડીવને ધરો (૨-૩)

અર્જુન :

"પૂજનીય મુજને ભીષ્મ ને ગુરુદ્રોણ હૃદય સદૈવથી
"છે યોગ્ય એને અર્ઘ્ય દેવો મર્મભેદી બાણથી? (૨-૪)
"શોણિત વહાવી પૂજ્યજનનું પૃથ્વીના સ્વામી થવું
"એના થકી તો શ્રેય છે ઘર ઘર ભટકવું, માંગવું;
જાણું ન આ સંગ્રામમાં પ્રભુ કોણ હારે કે જીતે
જેને હણી જીવવુંય દુષ્કર, સમરમાં સામે જ તે ! (૨-૫)
મતિમૂઢ હરિ આજે બન્યો, જાણું ના ઇષ્ટ અનિષ્ટ શું
ચીંધો હવે પ્રભુ માર્ગ, ભવભવનો તમારો દાસ છું
વસુધા તણા સામ્રાજ્યમાં કે સ્વર્ગ સમૃદ્ધિ મહીં
મુખ-શોષતા આ શોકનું ઔષધ મને જડતું નથી.[૫]
એવું વદિ હૃષીકેશને નીજ ધનુષ ધરણી પર ધર્યું (૨-૯)
લડવું નથી કહી અર્જુને પછી મૌન ધારણ ત્યાં કર્યું !
પરિતપ્ત પાંડુપુત્રની દયનીય દેખી દુર્દશા
અવિનાશ અચ્યુત બુધજનની કરુણતા નિરખી હસ્યા
નયને નીતરતાં નેહથી નિજ શિષ્યની સન્મુખ ફર્યા
આગમ નિગમ ને ઉપનિષદની સૌમ્ય વાણી ઓચર્યાઃ-(૨-૧૦)
જેનો ઘટે ના શોક, એનો શોક કરવો વ્યર્થ છે,
આવાગમન મનને મથે તો પંડિતાઈ વ્યર્થ છે.
ના હું હતો, ના તું હતો, આ રાજવી પણ ના હતા (૨-૧૧)

એવું ન માનો, મૃતજનો નવજીવન ધારી આવતા
આ દેહી કુમળો તરુણને વળી વૃદ્ધદેહે થાય છે
ત્યમ દેહ બદલે, સુજ્ઞજનને મોહ શાનો થાય છે?
સુખ-દુઃખના આ સ્પર્શ વિષયોમાં રહેલા વર્ણવ્યા
આવે, રહે ને જાય એને સબર જગ કરવા રહ્યા. (૨-૧૪)

(શિખરિણી છન્દ)

મરે ના જન્મે ના, અમર અજરાત્મા જગ મહીં
બળે કે છેદાયે અગન અસિધારે કદી નહીં
થએ ના કે થાશે, અચલ અવિકલ્પા ચિદરૂપી
હણે ના એ કો'ને અગર ના હણાયે કવચિદપિ.

જન્મે મરે કદિયે ન આતમરામ, રૂપ અવનવાં ધરે
અજ નિત્ય શાશ્વત ને પુરાતન દેહ મરતાં ના મરે (૨-૨૦)
ને હે પુરુષવર,[૫] દ્વન્દ્વ જગના વ્યથનકારી ના બને
સુખ-દુઃખ સરખા જેહને તે અમૃત અધિકારી બને (૨-૧૫)
સત-ભાવ કાલાતીત છે ને અસત કદીએ ના હતું
તે ઉભય નું અનુમાન જ્ઞાની તત્ત્વદર્શી ને થતું (૨-૧૬)
અવિનાશ એને જાણ, જે આ વિશ્વમાં વ્યાપી રહ્યો
અવિનાશ કેરો નાશ કદી ના કોઈથી થાતો રહ્યો. (૨-૨૧)
દેહો બધા છે અંતવન્તા, દેહી એક જ નિત્ય છે
રણમાં ચઢોને, જય વરો, આ દેહી નિત્ય અવધ્ય છે. (૨-૧૮)
દેહી હણાય યુદ્ધમાં કે અન્યને રણમાં હણે
એ વાત અજ્ઞાની કરે, ના એ હણાયે કે હણે. (૨-૧૯)
ના જન્મ જેને પછી મૃત્યુ ક્યાંથી?
પૂર્વે હતો તે નહીં હોય શાથી ?
આ નિત્ય ને શાશ્વત ને અનાદિ
દેહો હણાયે, ના હણાય કો'દિ (૨-૨૦)
ના જન્મ કે મૃત્યુ કદી, ના ઉદય અસ્ત નડે કદી

૫. પુરુષવર=નરર્ષભ-અર્જુન

અજ-અમર આતમરામને હણવું હણાવું ના કદી
આ દેહ સ્વામી શાસ્ત્રમાં અજ અવ્યયી રૂપે વસે
હે પાર્થ, આતમરામ આ કદીએ ના મરશે મારશે.
વસ્ત્રો પુરાણાં ત્યજી પુરવાસી
પ્રેમે સજે વસ્ત્ર નવાં સુવાસી
ત્યમ જાણે દેહો ત્યજીને શરીરી
પ્રેમી સજે વસ્ત્ર નવાં સુહાસી
રૂડાં ધરે રૂપ જ દેહધારી. (૨-૨૨)
વસ્ત્રો ત્યજીને જીર્ણ, માનવ વસ્ત્ર નવલાં પે'રતો
ત્યમ દેહ ત્યજી ને જીર્ણ, આતમ દેહ નવલાં ધારતો. (૨-૨૨)
છેદી શકે નહીં શસ્ત્ર જેને, અગ્નિ બાળી ના શકે
જલ ભીંજવી શકતું નથી, વાયુ સુકાવી ના શકે (૨-૨૩)
છેદી, બળી, પલળી, સુકાઈ ન શકે કદીએ જે
ઘટ-ઘટ નિવાસી અમર આતમ વેદથી વખણાય છે (૨-૨૪)
અવ્યક્ત ને અવિકાર્ય છે, અવિંચિત્ય આતમરામ છે
એવો પ્રમાણીને સખા, આ શોક ધરવો વ્યર્થ છે (૨-૨૫)
જન્મે જગતમાં જીવ જે અનિવાર્ય એ મરતો રહે
ઘટમાળ આ ઘટતી રહે, પછી શોક એનો શું રહે?
સહુ દેહમાં દેહી રહ્યો, ના નાશ એનો સંભવે
સામા ઊભા સ્નેહી જનોનો શોક ના કરવો હવે[૬] (૨-૩૦)
માનો ઘડીભર નિત્ય મરતો ને જનમતો દેહી આ
તો એ મહાબાહો અનુચિત છે તમારો શોક આ (૨-૨૬)
જે જન્મ પામ્યું તે મરે ને મૃત્યુ પામી જન્મતું
આ જન્મ મૃત્યુનું અહર્નિશ ચક્ર અવિરત ઘૂમતું (૨-૨૭)
દેખાય આદિ અંતમાં નહિ, વ્યક્ત બનતો મધ્યમાં
પરિણામ, લક્ષણ ને અવસ્થા ધર્મ ત્રણ છે દેહીમાં(૨-૨૮)
પ્રાકૃત જનો આશ્ચર્યથી જુએ ભણે કે સાંભળે

---

૬. પાઠભેદ - સામે ઊભા આ શત્રુ તેનો શોક કરવો ના હવે.

પણ શુદ્ધ ચેતન તત્ત્વને આતમ સ્વરૂપેના ગણે
દેહી અમર અવિનાશી, મરતા દેહ એ મરતો નથી
જાણી અમર અવિનાશી બુધજન, શોક મન ધરતો નથી.(૨-૨૯)
શાને ડરે, લડવું સમરમાં એ જ તારું ધ્યેય છે
આ ધર્મયુદ્ધે દેહનું બલિદાન ધરવું શ્રેય છે (૨-૩૧)
રે! દૈવયોગે સાંપડ્યું ને સ્વર્ગ-સોપાનો સમું
આ સમર છે, શૂરવીર નરના શૌર્યનું સૌભાગ્ય છે.(૨-૩૨)
કીર્તિ તણા જે કાંગરા પડશે પગો પારઠ ભરે[૭]
શ્રદ્ધેય તો અપકીર્તિ કરતાં મોતને રણમાં વરે (૨-૩૩)
જીતે મળે સામ્રાજ્ય, મરતાં સ્વર્ગ સહેજે સાંપડે
ઉઠો હવે કૌંતેય આવા યુદ્ધમાં લડવું પડે ! (૨-૩૭)
સુખ-દુઃખ લાભ જયાજયે સમતા સદા મનમાં હશે,
તો રક્તરંજિત યુદ્ધનું ના પાપ તમને લાગશે. (૨-૩૮)
આ સાંખ્ય કેરા જ્ઞાન ને વિજ્ઞાનની વાતો કરી,
પણ યોગના સિદ્ધાન્ત કેરી વાત તો બાકી રહી. (૨-૩૯)
જે બુદ્ધિથી, જે જ્ઞાનથી સંસારસાગરને તરે
તે સહજ આ નિષ્કામ યોગે, કર્મનું બંધન ખરે
જેનો ના થાયે નાશ, જેને બાદ કોઈ ના નડે
થોડો ધર્યો આ ધર્મ, એને ભય કદી ના સાંપડે (૨-૪૦)
નિશ્ચય ભર્યું આ જ્ઞાન એક જ શાસ્ત્રમાં વર્ણવાય છે. (૨-૪૧)
એના વિનાનું જ્ઞાન સઘળું અપ્તરંગ ગણાય છે
મીમાંસકો ને કર્મ-કાંડી વાત સૌ મોટી કરે
ને અર્થવાદી સૂત્ર સઘળાં વેદના આગળ કરે (૨-૪૨)
સુખો સુવાળાં સ્વર્ગના, ફૂલડોલ વાણીમાં વદે
પણ વ્યં(વં)ચના વાણી તણી ના કર્મયોગીને સદે. (૨-૪૩)
ભોગો તણાને વાસનાનો મેલ મનમાં જે હશે
નિર્મલ અને નિશ્ચલ કદાપિ બુદ્ધિ એની ના બને.(૨-૪૪)

---

૭. પારઠ ભરે અર્થાત્ પીછે હઠ કરીશ તો.

મંત્રો ચતુર્વિધ વેદના છે, દેવવાણી ઈશની,
અનુભૂત ઋષિઓએ કરીને, શબ્દ સ્વરૂપે વર્ણવી.
લૌકિક-અલૌકિક જ્ઞાનનો ભંડાર અભરે એ ભર્યો
ત્રિગુણાત્મ છે; નિર્દ્વન્દ્વ થઈને સાર એનો સારવો.
જાણ્યું પિછાણ્યું બ્રહ્મને ને બ્રહ્મચર્ય થઈને રહ્યો,
આ શાસ્ત્રસાગર તેહને ગોપાદ જલ જેવો કહ્યો. (૨-૪૬)
કર્મ તણો અધિકાર તમને એકમેવ અનન્ય છે
ફલમાં ન આસક્તિ કરો, ફલ આપનારો અનન્ય છે (૨-૪૭)
ક્રિયમાણ કર્મકલાપથી સંચિત કર્માશય બને
તે 'જાતિ-આયુષ-ભોગનું' પ્રારબ્ધ જીવનમાં બને
યોગી બની કર્મો કરો, છોડી સકલ-ફલ-સંગને
સિદ્ધિ-અસિદ્ધિ ગૌણ છે "સમતા જ સાચો યોગ છે" (૨-૪૮)
નિષ્કામ બુદ્ધિયોગથી જે અન્ય, તે હલકું ગણ્યું
માટે ધનંજય શરણ એક જ ધારજો બુદ્ધિ તણું (૨-૪૯)
સારું અને નરસું ત્યજીને કર્મ આચરતા રહો
'છે યોગ કૌશલ કર્મમાં' તે સૂત્રનું શરણું ગ્રહો (૨-૫૦)
જ્ઞાનીજનો ફલની સ્પૃહા ત્યજી કર્મ આ જગમાં કરો
આવાગમનને પાર કરીને, પરમ પદને તે વરે (૨-૫૧)
જ્યારે મલિન આ મોહ મનનો અદલ ઓસરતો જશે
ત્યારે સખા શ્રુત-અશ્રુતનો નિર્મોહ નિર્મલ જાગશે.(૨-૫૨)
શ્રુતિઓ બધી ના એક છે, શ્રુતમાં સમન્વય સાધવો,
સ્થિત-પ્રજ્ઞ થઈને પરમ પાવન યોગને આરાધવો. (૨-૫૩)
આ ધન્ય વાણી સુણીને પ્રભુજી શાતા મળે ને ઉર થાય રાજી,
જાણે સદાયે સુણતો રહું હું ને ભાગ્ય મારું ભરતો રહું હું!
હવે કહો કેમ હરે ફરે ને બોલે બધાથી જગમાં ભળીને
સમાધિ સેવી સ્થિતપ્રજ્ઞ છે જે, તેનાં હવે લક્ષણ જાણવાં છે. (૨-૫૪)
અમરત સમી વાણી સુણી મન શાંત પાંડવનું થયું,
પછી પરમ પાવન ઈશને, હૃષિકેશને વિનયે કહ્યું:-
હે નાથ ! હે ગિરિવર-ધરણ! શરણે તમારે હું રહ્યો,

બ્રહ્મ સંશયોને ટાળવા સ્થિત-પ્રજ્ઞની વાતો કહો
સ્થિતપ્રજ્ઞ શું બોલે અને વર્તન, પ્રભો !કેવું કરે ?
મનમાં વિચારે શું અને શા ભાવે જગમાં વિચરે ? (૨-૫૪)
નિજ શિષ્યને, નિજ પ્રાણસમપ્રિય પાર્થને પછી બાંધવા
કરુણાતણા સાગર તણી વાણી સરી સંબોધવા.
મનમાં ભર્યા આ કામના-ના થર બધા દૂર જે કરે
અંતઃકરણમાં તુષ્ટિ માણે તેહ નર સ્થિતપ્રજ્ઞ છે (૨-૫૫)
દુઃખમાં ડરે કદી એ નહીં, સુખમાં છકીના જાય જે[૮]
જેના ગયાં છે રાગ ને ભય, ક્રોધ તે સ્થિતપ્રજ્ઞ છે. (૨-૫૬)
ઉરમાં ભર્યો છે પ્રેમ પણ મમતા જગતમાં ના રહે
શુભ-અશુભમાં જે સ્થિર રહે, સ્થિતપ્રજ્ઞ એને સૌ કહે (૨-૫૭)
ભય ભાળતાં જ્યમ કાચબો નીજ અંગ સંકોચન કરે
ત્યમ ભોગથી મુખ ફેરવે, સ્થિતપ્રજ્ઞતા એને વરે. (૨-૫૮)
ઈન્દ્રિય તણા આ ભોગ શમશે યમ-નિયમ સાધન થકી
રસ-ભોગ શમશે અંતમાં ઉર પરમના દર્શન થકી. (૨-૫૯)
જ્ઞાનીજનો સાધના કરે, પણ મોહ દુર્દમ ના મરે
મદમત્ત આ ઈન્દ્રિયગણ મઝધારમાં મનને હરે. (૨-૬૦)
ના દમનથી, પણ શમનથી, મન વાસનામાં ના રમે
પછી ઈન્દ્રિયો વશવર્તીને સ્થિત-પ્રજ્ઞતામાં વિરમે
આ વાસનાના પુંજ, તેમાં સંગ સ્મરતાં સંચરે[૯]
ને સંગમાંથી રાગ, રાગે ક્રોધ, ઉરમાં ઉભરે[૧૦]
ક્રોધાગ્નિથી સંમોહ, ને મનમોહથી[૧૧] સ્મૃતિ ભ્રમ ધરે
સ્મૃતિભ્રંશે બુધ્ધિનાશથી નીજ નાશ અંતે નોતરે
જે રાગ દ્વેષોને ત્યજી, વશ ઈન્દ્રિયે, વિષયો ગ્રહે
તે સુજ્ઞજન વિષયો થકી પણ ચિત્ત-પ્રસાદો લહે (૨-૬૪)
પ્રગટે જીવન-પ્રસાદ એને દુઃખ જગમાં ના રહે
મુખરિત બને મનમંજુષા પછી બુદ્ધિ તેની વશ રહે. (૨-૬૫)

૮. પાઠભેદ - સુખમાં નહિ છલકાય જે. ૯. પાઠભેદ - ઉપજે. ૧૦. પાઠભેદ - નીપજે. ૧૧. પાઠભેદ - ધૂમમોહથી.

હતબુદ્ધિ કેરા જીવનમાં શુભ ભાવનાઓ ના જડે
નહિ ભાવ ત્યાં શાંતિ નથી, પછી સુખ ક્યાંથી સાંપડે. (૨-૬૬)
વિષયો તણા વનમાં ભટકતી ઈન્દ્રિયો જો મન હરે,
મન વશ કરી નીરખો હવે, નવ-જીવન કેરા મોડને
સંસારની જે મોહરાત્રિ, જોગીજન જાગૃત ત્યાં રહે
સંસાર જાગૃત હોય ત્યારે યોગ-નિદ્રામાં વહે. (૨-૬૯)
સરિતા બધી છલકાય તો'એ શાંત સમંદર ના છલે
સહુ કામના ઉરમાં શમે તો શાંતિ અંતરમાં મળે. (૨-૭૦)
સ્પૃહા નથી, મમતા નથી અભિમાન જેનું ઓગળ્યું
મનની શમી સહુ કામના, સામ્રાજ્ય શાંતિનું મળ્યું. (૨-૭૧)
બ્રાહ્મી-સ્થિતિ છે શ્રેષ્ઠ, એમાં મોહ જરીએ ના ટકે
મૃત્યુ સમે આવી મળે તો બ્રહ્મ-પદ પામી શકે.(૨-૭૨)

॥ ૐ તત્-સત્- પરમાત્મને નમઃ ॥

अथ द्वितीयोऽध्यायः ।

(साङ्ख्ययोगः)

सञ्जय उवाच ।

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ २-१ ॥

श्रीभगवानुवाच ।

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ २-२ ॥
क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परन्तप ॥ २-३ ॥

अर्जुन उवाच ।

कथं भीष्ममहं सङ्ख्ये द्रोणं च मधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥ २-४ ॥

गुरूनहत्वा हि महानुभावान्
श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।
हत्वार्थकामांस्तु गुरूनिहैव
भुञ्जीय भोगान् रुधिरप्रदिग्धान् ॥ २-५ ॥
न चैतद्विद्मः कतरन्नो गरीयो
यद्वा जयेम यदि वा नो जयेयुः ।
यानेव हत्वा न जिजीविषाम-
स्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥ २-६ ॥
कार्पण्यदोषोपहतस्वभावः
पृच्छामि त्वां धर्मसम्मूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥ २-७ ॥
न हि प्रपश्यामि ममापनुद्याद्
यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम् ।
अवाप्य भूमावसपत्नमृद्धं
राज्यं सुराणामपि चाधिपत्यम् ॥ २-८ ॥

सञ्जय उवाच ।

एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परन्तप ।
न योत्स्य इति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव ह ॥ २-९ ॥
तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।
सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदं वचः ॥ २-१० ॥

श्रीभगवानुवाच ।

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥ २-११ ॥
न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥ २-१२ ॥
देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥ २-१३ ॥

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥ २-१४ ॥
यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥ २-१५ ॥
नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥ २-१६ ॥
अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥ २-१७ ॥
अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ॥ २-१८ ॥
य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ २-१९ ॥
न जायते म्रियते वा कदाचिन्
नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ २-२० ॥
वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम् ॥ २-२१ ॥
वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा-
न्यन्यानि संयाति नवानि देही ॥ २-२२ ॥
नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ २-२३ ॥
अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥ २-२४ ॥
अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥ २-२५ ॥

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो नैवं शोचितुमर्हसि ॥ २-२६ ॥
जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ २-२७ ॥
अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥ २-२८ ॥
आश्चर्यवत्पश्यति कश्चिदेन-
माश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ २-२९ ॥
देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥ २-३० ॥
स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥ २-३१ ॥
यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ॥ २-३२ ॥
अथ चेत्त्वमिमं धर्म्यं सङ्ग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥ २-३३ ॥
अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।
सम्भावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥ २-३४ ॥
भयाद्रणादुपरतं मंस्यन्ते त्वां महारथाः ।
येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ॥ २-३५ ॥
अवाच्यवादांश्च बहून्वदिष्यन्ति तवाहिताः ।
निन्दन्तस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ॥ २-३६ ॥
हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः ॥ २-३७ ॥
सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ २-३८ ॥

एषा तेऽभिहिता साङ्ख्ये बुद्धिर्योगे त्विमां शृणु ।
बुद्ध्या युक्तो यया पार्थ कर्मबन्धं प्रहास्यसि ॥ २-३९ ॥
नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥ २-४० ॥
व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन ।
बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥ २-४१ ॥
यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥ २-४२ ॥
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥ २-४३ ॥
भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥ २-४४ ॥
त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥ २-४५ ॥
यावानर्थ उदपाने सर्वतः सम्प्लुतोदके ।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥ २-४६ ॥
कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ २-४७ ॥
योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥ २-४८ ॥
दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनञ्जय ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥ २-४९ ॥
बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥ २-५० ॥
कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयम् ॥ २-५१ ॥
यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥ २-५२ ॥

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥ २-५३ ॥

अर्जुन उवाच ।

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥ २-५४ ॥

श्रीभगवानुवाच ।

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ २-५५ ॥
दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ २-५६ ॥
यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ २-५७ ॥
यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ २-५८ ॥
विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥ २-५९ ॥
यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥ २-६० ॥
तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ २-६१ ॥
ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते ।
सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते ॥ २-६२ ॥
क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ २-६३ ॥
रागद्वेषविमुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥ २-६४ ॥
प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥ २-६५ ॥

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥ २-६६ ॥
इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥ २-६७ ॥
तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ २-६८ ॥
या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ २-६९ ॥
आपूर्यमाणमचलप्रतिष्ठं
समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे
स शान्तिमाप्नोति न कामकामी ॥ २-७० ॥
विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहङ्कारः स शान्तिमधिगच्छति ॥ २-७१ ॥
एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥ २-७२ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे साङ्ख्ययोगो नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

અધ્યાય ૩જો

અર્જુન

જો શ્રેય છે આ જ્ઞાનપથ ને કર્મપથ નિકૃષ્ટ છે,
તો ઘોર હિંસાથી ભર્યો આ માર્ગ મારે વર્જ્ય છે. (૩-૧)
ભ્રમણા ભરી વાણી થકી મન-મોહ સંકોચી રહ્યા .
હે નાથ, હે વાર્ષ્ણેય, શાને પતન-પંથે દોરી રહ્યા? (૩-૨)

ભગવાન

વાણી સુણી કૌન્તેયની હરિ પલ-વિપલ નીરખી રહ્યા
ત્રિભુવન વિમોહન મંદ મરકત મુખ ઉપર ધારી રહ્યા
નિજ પ્રાણ સમ પ્રિય શિષ્યને, નિજ ભક્તને સંબોધવા
વાણી પરમ-પાવન સરી, નિજધર્મને સમજાવવાઃ-
પૂર્વે કીધેલી એ જ આ નિષ્ઠા, પુરાણી એ જ છે,
જે જ્ઞાની જનનો સાંખ્ય તે, કર્મી જનોનો યોગ છે. (૩-૩)
વિધવિધ દિસે છે માર્ગ, પણ ગંતવ્ય સૌનું એક છે
બંધન છુટે, હરિ હાથ સાહે, એ જ ઉપાદેય છે
તું જાણ પૂરક રૂપ, આનો અંધ-પંગુ ન્યાય છે!
છે છાપ કાંટ-વાઘની, સિક્કો જ એનો એ જ છે[૧૨],
ના કર્મના આરંભ છોડે સાંપડે નિષ્કર્મતા,
ના કર્મસંન્યાસે કરી, મનની ફળે છે માનતા.
ના જન્મે, કે મૃત્યુ કદિ, ના ઉદય અસ્ત નડે કદિ
અજર અમર આતમરામને હણવું હણાવું ના કદિ
વસ્ત્રો ત્યજીને જીર્ણ માનવ વસ્ત્ર નવલાં પહેરતો
ત્યમ દેહ જીરણ ત્યાગી[૧૩]આતમ દેહ નવલાં ધારતો
ક્ષણ માત્ર પણ જગમાં જનો, ના કર્મ-પથ છોડી શકે
નિયતિ નચાવે તેમ નર નાચે નિરંતર નત-મુખે. (૩-૫)
કર્મેન્દ્રિયોને વશ કરું જે વિષય વાગોળ્યાં કરે,
તે મૂઢ જનની સાધના ત્રણલોકમાં અવળી ઠરે. (૩-૬)

---

૧૨. પાઠભેદ - સિક્કો છતાંએ એક છે. ૧૩. પાઠભેદ - ત્યજી ને જીર્ણ.

પણ ઈન્દ્રિયોના સમૂહને જે મન થકી વશમાં કરે,
તે સુજ્ઞ-જન નિષ્કામ ભાવે કર્મ જગમાં આચરે. (૩-૭)
કર્મો નિયત કરતાં રહો,ના ત્યાગ કર્મોનો ઘટે,
આ શરીરયાત્રા કાજ પણ કર્મો સદા કરવાં ઘટે. (૩-૮)
યજ્ઞાર્થભાવી કર્મ તે નિષ્કામ ભાવી જાણવાં
એક કર્મ નો ના બંધ કદિએ, મુક્ત થઈને માણવાં (૩-૯)
પૂર્વે પ્રજાપતિએ ઘડી આ યજ્ઞ સેવી સૌ પ્રજા
કીધું પછી યજ્ઞનો થકી પામો સુયશ, રસ,કામનાં[૧૪] (૩-૧૦)
યજ્ઞો થકી દેવો રીજે અને દેવ તમને રીજવે
આ ભાવના તંતુ પરસ્પર શ્રેય સૌરભ ખીલવે. (૩-૧૧)
દેવો રીજે, ને દિવ્યભોગો, જીવનમાં આવી મળે[૧૫]
એ ભોગના ભાગો કરો; ભાગો કરીને ભોગવો[૧૬](૩-૧૨)
એ ભોગના ભાગો કરીને ભોગવે જીવન ફળે
જીવન બધું છે યજ્ઞ રૂપ, ને શેષ પુણ્ય પ્રસાદ છે
પ્રાશન કરો એ ગ્રાસ, તે પણ અન્ય પાપ-સમાન[૧૭] છે. (૩-૧૩)
અન્ને ટકી છે કાય, ને એ અન્ન વર્ષાથી ઉગે,
વર્ષા વરી છે યજ્ઞને, જો યજ્ઞ કર્મ થકી જગે, (૩-૧૪)
કર્મો મહત બ્રહ્મે કરી, ને મહત અક્ષર બ્રહ્મથી,
અભરે ભર્યું આ વિશ્વ સઘળું બ્રહ્મ ભાન-પ્રભાવથી. (૩-૧૫)
આવું રચાયું યજ્ઞચક્ર, એને વશ રહી વરતે ન જે,
ઈન્દ્રિય તણો છે દાસ તે નર, વ્યર્થ એનું જીવન છે. (૩-૧૬)
જાણો પરંતપ આટલું નીજ આત્મમાં રતિ-જે રહે
તૃપ્તિ અને સંતોષ છે, ના કર્મ-બંધન તેહને (૩-૧૭)
કર્મો કરે કે ના કરે, ના સ્વાર્થે કાંઇ જગ મહીં
ભૂત માત્રમાં ના અર્થના, કે સ્વાર્થના સોદા નહીં(૩-૧૮)

---

૧૪. પાઠભેદ - ૧. મન કામના, ૨. ધન કામના. ૧૫. પાઠભેદ - માનવી તમને મળે. ૧૬. પાઠભેદ - ના ચૌર્ય જીવનમાં ફળે. ૧૭. પાઠભેદ - પાપ-પ્રસાદ.

માટે કરોને કર્મ સઘળાં સંગ-આસક્તિ વિના
નિઃસંગ ભાવી કર્મથી ઉગશે પ્રભુ-પદ ભાવના (૩-૧૯)
રાજા જનક આ કર્મથી વિદેહ-સિદ્ધિ ને વર્યા
જન્મ-સમૂહના કલ્યાણ કાજે, માર્ગ અંકિત આ કર્યા[૧૮](૩-૨૦)
જે જે સુજન-જન આચરે તે ઇતરજન તો અનુસરે
એનું પ્રમાણ પુનિત-પથ પર સહજ ભાવે સંચરે (૩-૨૧)
ત્રણ લોકમાં મારે નથી કર્તવ્ય કોઇ શેષ છે
ના શેષ છે કંઇ પામવું, પણ કર્મ મારો પંથ છે! (૩-૨૨)
જાગૃત રહીને જગતમાં હું કર્મ કરતો ના રહું
બેસી રહે બે હાથ જોડી, જીવ આ જગના સહુ (૩-૨૩)
વ્યાપી રહે ઉચ્છેદ જ્યારે કર્મ-પથ નિર્જન-બને
સંકર બને સઘળી પ્રજા, ને નાશની નોબત બજે.(૩-૨૪)
આસક્ત જગના જીવ કાંધે કર્મનું ભારણ વહે[૧૯]
ને લોક-સંગ્રહ કાજ બુધ-જન કર્મ આચરતાં રહે,(૩-૨૫)
શાસ્ત્રે કથ્યા દ્રવ્ય કર્મ, જગ નિષ્કામ, અન્ય સકામ છે
ભ્રમ ના સૂજે ને જોતરે પથ-કર્મ તે જન સુજ્ઞ છે.(૩-૨૬)
ત્રિગુણાત્મક આ પ્રકૃતિ કર્મો કરાવે જીવને
નિર્ગુણ આતમરામ છે, ના મૂઢ પરખે તેહને. (૩-૨૭)
માયા તણા આ ગુણ સઘળાં કાર્ય જીવનમાં કરે
ગુણે રચાયું વિશ્વ[૨૦] એમાં મોહ જ્ઞાની ના ધરે. (૩-૨૮)
મોહિત બન્યું છે વિશ્વ માયા સંગથી ને રંગથી
જાગૃત જને જગ રંગવું બસ કર્મ કેરા મર્મથી,
કરણી ભાવ તણા શુભ સંગથી. (૩-૨૯)
મુજમાં સમર્પણ સહુ કરી દૃઢ ભાવ અંતરમાં ભરી
રણમાં ચઢો, સંતાપ ને આશા-નિરાશા પરહરી. (૩-૩૦)

---

૧૮. પાઠભેદ - ૧. નક્કી આ કર્યા, ૨. નિશ્ચલ આ કર્યા.
૧૯. પાઠભેદ - સઘળાં કર્મ જીવનમાં વહે.
૨૦. પાઠભેદ - ગુણો થકી આ વિશ્વ.

મત આ સનાતન મેં કથ્યો,તે પંથપર જે ચાલશે
તે સુજ્ઞ, શ્રદ્ધાવાન જનના પાપ સ્વાહા થઇ જશે[૨૧] (૩-૩૧)
દ્વિધા ભરેલા ઉરથી જે પંથ આ પળતા નથી
તે મૂર્ખજન માનવ-જીવનમાં કાંઇ મેળવતાં નથી. (૩-૩૨)
જ્ઞાનીજનો પણ પ્રકૃતિના પંથ પરહરતા નથી,
નિયતિ નચાવે નાચ નિગ્રહ નર કરી શકતા નથી.(૩-૩૩)
સહુ ઇન્દ્રિયોને વિષયમાં કાં રાગ છે વા દ્વેષ છે,
વશ વર્તવું નહિ તેહને, બસ એ જ સવળો પંથ છે. (૩-૩૪)
નબળો છતાં[૨૨] નીજ ધર્મ સારો, ગુણથી ભર્યા પરધર્મથી
મૃત્યુ સ્વધર્મે શ્રેય છે, ભય નીપજે પરધર્મથી. (૩-૩૫)

અર્જુન

હે નાથ, હે કરુણાનિધિ, શરણું તમારૂં મેં ગ્રહ્યું,
તવ વિણ આ સંસારમાં હરિ કોઇ તરણું ના રહ્યું.
મનમાં મુંજાયો હું છતાં, ઉર માંહી એકલ આશ છે
આ સમરની, સંસારની, બાજી તમારે હાથ છે.
મુજને કહો - શઠ કાજ માનવ પાપને પંથ પળે,
પરવશ બનીને જીવ જાણે માર્ગ અવળે આ વળે. (૩-૩૬)

ભગવાન

અચ્યુત સુણીને વાત પાંડુ-પુત્રની નિજ-શિષ્યની,
વાણી વદ્યા મુખ-પદ્મથી સુખદાયિની મનભાવિની:-
આ કામ ને આ ક્રોધ થઇને દૈત્ય માનવને દમે
વિષયે ધરાયે ના કદિ રજ-રૂપ રગરગમાં રમે (૩-૩૭)
અગ્નિ ધૂમે ઢંકાય,અરિસો રજ થકી ખરડાય છે,
ઓરે વીંટાયે ગર્ભ, કામે જ્ઞાન આવરણાય છે. (૩-૩૮)
જ્ઞાની યતિ મુનિ સંત-નો આ રાગ દુશ્મન છે સદા,
હે તાત, દાવાનલ સમો આ કામ પીડે સર્વદા. (૩-૩૯)

---

૨૧. પાઠભેદ - કર્મ બંધન છૂટશે.
૨૨. અર્થાત્ બ્રાહ્મણ નામના ગ્રન્થોમાં.

દસ ઈન્દ્રિયો મન બુદ્ધિ સઘળાં કામ કેરાં ધામ છે,
એને વિમોહિત એ કરે, મતિ અસ્ત ત્યારે થાય છે. (૩-૪૦)
માટે કરો વશ ઈન્દ્રિયો નિજ-નિજ વિષયરસ ભોગથી.
હણીને રહો આ કામને વૈરાગ્ય કેરા શસ્ત્રથી. (૩-૪૧)
પર ને પ્રબળ છે ઈન્દ્રિયો,મન ઈન્દ્રિયોથી પર દીસે
બુદ્ધિ પ્રબળ છે મન થકી પણ શ્રેષ્ઠ આતમરામ છે. (૩-૪૨)
મન ઈન્દ્રિયોને બુદ્ધિથી પર,પરમ આતમરામ છે,
શરણું સ્વીકારી આત્મનું, હણ કામ સમ હીન શત્રુને.(૩-૪૩)

॥ ૐ તત્-સત્- પરમાત્મને નમઃ ॥

अथ तृतीयोऽध्यायः ।

(कर्मयोगः)

अर्जुन उवाच ।

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥ ३-१ ॥
व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥ ३-२ ॥

श्रीभगवानुवाच ।

लोकेऽस्मिन् द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ।
ज्ञानयोगेन साङ्ख्यानां कर्मयोगेन योगिनाम् ॥ ३-३ ॥
न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥ ३-४ ॥
न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥ ३-५ ॥
कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥ ३-६ ॥
यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥ ३-७ ॥

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥ ३-८ ॥
यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ।
तदर्थं कर्म कौन्तेय मुक्तसङ्गः समाचर ॥ ३-९ ॥
सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥ ३-१० ॥
देवान्भावयतानेन ते देवा भावयन्तु वः ।
परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥ ३-११ ॥
इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुक्ते स्तेन एव सः ॥ ३-१२ ॥
यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥ ३-१३ ॥
अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसम्भवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥ ३-१४ ॥
कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥ ३-१५ ॥
एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ॥ ३-१६ ॥
यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च सन्तुष्टस्तस्य कार्यं न विद्यते ॥ ३-१७ ॥
नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥ ३-१८ ॥
तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥ ३-१९ ॥
कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसङ्ग्रहमेवापि सम्पश्यन्कर्तुमर्हसि ॥ ३-२० ॥
यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ ३-२१ ॥

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥ ३-२२ ॥
यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥ ३-२३ ॥
उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
सङ्करस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥ ३-२४ ॥
सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत ।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसङ्ग्रहम् ॥ ३-२५ ॥
न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥ ३-२६ ॥
प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ ३-२७ ॥
तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥ ३-२८ ॥
प्रकृतेर्गुणसम्मूढाः सज्जन्ते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मन्दान्कृत्स्नविन्न विचालयेत् ॥ ३-२९ ॥
मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ॥ ३-३० ॥
ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ।
श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥ ३-३१ ॥
ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठन्ति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥ ३-३२ ॥
सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥ ३-३३ ॥
इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ॥ ३-३४ ॥
श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ ३-३५ ॥

अर्जुन उवाच ।

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥ ३-३६ ॥

श्रीभगवानुवाच ।

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥ ३-३७ ॥
धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥ ३-३८ ॥
आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च ॥ ३-३९ ॥
इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥ ३-४० ॥
तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥ ३-४१ ॥
इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ ३-४२ ॥
एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥ ३-४३ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे कर्मयोगो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪થો

હજીયે વ્યથા છે અંતરે એવું પ્રમાણી શ્રી હરિ
કરુણાનિધાને પાર્થને પછી વાત આગળ આ કરી
આ પરમ પાવન યોગ પૂર્વે મેં કહ્યો'તો સૂર્યને
સૂર્યે કહ્યો મનુને અને મનુએ કહ્યો ઈક્ષ્વાકુને
ઋષિઓ અને રાજર્ષિઓમાં યોગ જળવાતો રહ્યો,
કાળે કરી તે યોગ જાણે લુપ્ત જગમાં થઈ ગયો. (૪-૧)

અર્જુન

હમણાં જનમ છે આપનો બહુ પૂર્વ વિવસ્વત થયો
જાણી શકું હું કેમ કેશવ, યોગ આપે આ કહ્યો?(૪-૪)
આ યોગ પુરાતન તણી મુજ ભક્તને, મુજ શિષ્યને

ભગવાન

બહુ જન્મ મારાએ થયા, બહુ જન્મ તારા પણ થયા
ફરતું રહે આ ચક્ર જગનું કોઈ ના બાકી રહ્યા.
તું જાણતો એકે નથી, હું જાણું જન્મો જે થયાં.
એ યોગ પુરાતન તણી ધીર ગંભીર વાણી હું કહું
મુજ ભક્તને, મુજ શિષ્યને, ફરી યોગ નિવેદન કરૂં
અજ અગમ ને અવિનાશ હું, જગનો પરમ વિશ્રામ હું.
મુજ દિવ્ય માયાને પ્રસારી જનમ જગ લેતો રહું. (૪-૬)
જ્યારે ધનંજય ધર્મ-ધ્વજનો ધ્વંસ ધરતી પર થતો
અવનિ ઉપર અધરમ તણો અતિઘોર ઓળો ઉતરતો
સુખ સાધુજનને આપવા ફરી ધર્મ જગમાં સ્થાપવા,
દુર્જેય દુષ્ટો દંડવા અધીરો બનું અવતરણ લેવા ! (૪-૭, ૮)
છે દિવ્ય મારો જન્મ, ને વળી દિવ્ય મારાં કર્મ છે
તત્ત્વે પિછાણે જે મને અવતાર તેનો ધન્ય છે.[૨૩](૪-૯)

---

૨૨. પાઠભેદ - ન ગુણો છતાં.

૨૩. પાઠભેદ - તત્ત્વે પિછાણે તેહનો અવતાર ફરી ના થાય છે.

જે ભાવથી મુજને ભજે તે ભાવે તેને હું ભજું,
બુધજન પળે મુજ પંથ, તેને ના શરણ જગમાં બીજું. (૪-૧૧)
કર્મે કથી ફલ-સિદ્ધિ કાજે દેવ ઇતર જે ભજે
પામે પદારથ ભોગના, પણ પરમ-પદને તે ત્યજે.[૨૪](૪-૧૨)
વર્ણો ચતુરથ મેં કર્યા,[૨૫] ગુણધર્મ કર્મ વિભાગથી,
કર્તા સનાતન હું છતાં કર્તૃત્વ મારામાં નથી. (૪-૧૩)
કર્મો મને શું લેપશે ? નહિ કર્મ ફળની ભાવના,
આ માર્ગે કદીએ ના નડે બંધન તણી સંભાવના. (૪-૧૪)
શું કર્મ ને શું અકર્મ, તેનો મર્મ જગ મુશ્કેલ છે,
વિગતે કરૂં વર્ણન સખા, પછી જંગ જીતવો સહેલ છે. (૪-૧૬)
તું જાણ કર્મ અકર્મ, ને વળી જાણ જટિલ વિકર્મને,
ગતિ ગહન છે આ કર્મની, નર કોઈ સમજે એહને (૪-૧૭)
કર્મો અકર્મી થાય જે અભિમાન આસક્તિ ત્યજે
નિર્માલ્ય નર, નિષ્ક્રિય થઈ નહિ, શ્રેય રુંધી જગમાં ભજે (૪-૧૮)
જેના બધા આરંભ જગમાં, કામ રાગ વિના થતાં,
જ્ઞાનાગ્નિથી તે પંડિતોનાં કર્મ સહુ પ્રજળી જતાં. (૪-૧૯)
ત્યાગ, કર્મ-ફલ-સંગ નિજમાં તૃપ્ત નિજ-આશ્રયે રહે,
કર્મે રમે સંસારમાં, પણ કર્મબંધન ના રહે. (૪-૨૦)
પાપી જનો નિજ પાપ લવ-લેશ ચિંતા ના કરે,
સહુ જ્ઞાનની તરણી થકી સંસાર વૈતરણી તરે. (૪-૨૧)
યદચ્છયા આવી મળે સંતોષ એમાં જે ધરે,
સિદ્ધિ અસિદ્ધિ ગૌણ કરીને કર્મ કરતો એ ફરે. (૪-૨૨)
જ્ઞાનીજનો ત્યજી કર્મ કેરો સંગ[૨૬] મારગ આ ગ્રહે
ભૂતમાત્ર-સેવા યજ્ઞ કરતાં કર્મ-પાશ જ ના રહે.(૪-૨૩)
હવિ ને હવન સૌ બ્રહ્મ છે, ઘૃત, મંત્ર, અગ્નિ, બ્રહ્મ છે.
અર્પણ કરો, તર્પણ કરો, બસ બ્રહ્મ એક જ સત્ય છે. (૪-૨૪)

---

૨૪. પાઠભેદ - પણ પરમ પદ જન તે ત્યજે. ૨૫. પાઠભેદ - સૃજ્યા.
૨૬. જ્ઞાનીજનો થઈ મુક્ત ત્યજીને સંગ.

શ્રોત્રાદિ ઈન્દ્રિય હોમવી, સંયમ તણા શુભ અગ્નિમાં,
શબ્દાદિ વિષયો હોમવાં, પછી ઈન્દ્રિયો રૂપ અગ્નિમાં. (૪-૨૬)
સહુ ઈન્દ્રિયોનાં કર્મ ને વળી પ્રાણ કર્મો જે કહ્યા
નિજ આત્મ-સંયમ-યોગના અગ્નિ મહીં સૌ હોમવાં.(૪-૨૭)
જપ-તપ અને સ્વાધ્યાય રૂપ ને યોગ રૂપ યજ્ઞો કહ્યા,
દ્રવ્યો તણા જે યજ્ઞ જગમાં નિશ-દિને કરવા રહ્યા. (૪-૨૮)
પ્રાણે અપાનો હોમીને, રેચક અને પૂરક કરે,
વળી સ્તંભ રૂપ કુંભક કરી, આયામ પ્રાણ તણો કરે, (૪-૨૯)
નિયત કરી આહાર, પ્રાણે હોમ પ્રાણોનો કરે,
આ યજ્ઞવિદ્યા જાણીને નિજ પાપ નિર્વાચન કરે. (૪-૩૦)
આવા કથ્યા સહુ યજ્ઞ શ્રુતિના બ્રાહ્મણોમાં[૨૭] વર્ણવ્યા,
કલ્યાણ કારક જાણવાં ને કર્મરૂપ પ્રમાણવાં. (૪-૩૨)
પણ દ્રવ્યના યજ્ઞો થકી આ જ્ઞાનયજ્ઞો શ્રેષ્ઠ છે,
સહુ કર્મના વિધવિધ કલાપો જ્ઞાનસાગરમાં શમે. (૪-૩૩)
તે જ્ઞાન તું પ્રણિપાત ને પરિપ્રશ્નથી, સેવા થકી
રીઝવી ગુરુજન તત્ત્વદર્શી પામશે પળમાં નકી. (૪-૩૪)
પાપી જનો નિજ પાપની લવ લેશ ચિંતા ના કરે,
સહુ જ્ઞાનની તરણી થકી સંસાર વૈતરણી તરે. (૪-૩૫)
ઢગલો બધો ઈંધણ તણો તણખો પડે પ્રજળી જશે
ત્યમ પા'ડ સંચિત કર્મનો જ્ઞાનાગ્નિથી સળગી જશે. (૪-૩૭)
આ વિશ્વમાં નહિ જ્ઞાન સરખું પુણ્ય-પાવન કાંઈ છે
કાળે કરી યોગીજનો નિજ હૃદયકુંજે પામશે. (૪-૩૮)
શ્રદ્ધા થકી સંપત બની આ જ્ઞાન જે જન જાણશે
એ જ્ઞાનને પામી ચિરંતન શાંતિ મનમાં માણશે. (૪-૩૯)
શ્રદ્ધા તણા વિષયો મહીં નહિ તર્ક કરવો યોગ્ય છે,
અધ્યાત્મના વિષયો મહીં શ્રદ્ધા જ એક પ્રમાણ છે. (૪-૪૦)

---

૨૩. અર્થાત્ - બ્રાહ્મણ નામના ગ્રન્થોમાં.

સંશય ભરેલા ઉરથી નર નાશ નિશ્ચય પામશે.
ઇહલોક કે પરલોકમાં સંશય થકી સુખ ના થશે, (૪-૪૧)
માટે ધરો નિજ હસ્તમાં આ જ્ઞાન રૂપી શસ્ત્રને,
છેદી સકલ સંશય હૃદયના, કર ધરો ગાંડીવને! (૪-૪૨)

॥ ૐ તત્-સત્- પરમાત્મને નમઃ ॥

अथ चतुर्थोऽध्यायः ।

(ज्ञानकर्मसंन्यासयोगः)

श्रीभगवानुवाच ।

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥ ४-१ ॥
एवं परम्पराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परन्तप ॥ ४-२ ॥
स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥ ४-३ ॥

अर्जुन उवाच ।

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥ ४-४ ॥

श्रीभगवानुवाच ।

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परन्तप ॥ ४-५ ॥
अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥ ४-६ ॥
यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ ४-७ ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥ ४-८ ॥

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥ ४-९ ॥
वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥ ४-१० ॥
ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥ ४-११ ॥
काङ्क्षन्तः कर्मणां सिद्धिं यजन्त इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥ ४-१२ ॥
चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम् ॥ ४-१३ ॥
न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते ॥ ४-१४ ॥
एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥ ४-१५ ॥
किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ ४-१६ ॥
कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥ ४-१७ ॥
कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥ ४-१८ ॥
यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥ ४-१९ ॥
त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किञ्चित्करोति सः ॥ ४-२० ॥
निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ ४-२१ ॥
यदृच्छालाभसन्तुष्टो द्वन्द्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥ ४-२२ ॥

गतसङ्गस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥ ४-२३ ॥
ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥ ४-२४ ॥
दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति ॥ ४-२५ ॥
श्रोत्रादीनीन्द्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन्विषयानन्य इन्द्रियाग्निषु जुह्वति ॥ ४-२६ ॥
सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥ ४-२७ ॥
द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥ ४-२८ ॥
अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथापरे ।
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥ ४-२९ ॥
अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥ ४-३० ॥
यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ॥ ४-३१ ॥
एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ॥ ४-३२ ॥
श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परन्तप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥ ४-३३ ॥
तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥ ४-३४ ॥
यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥ ४-३५ ॥
अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं सन्तरिष्यसि ॥ ४-३६ ॥

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥ ४-३७ ॥
न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥ ४-३८ ॥
श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥ ४-३९ ॥
अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥ ४-४० ॥
योगसंन्यस्तकर्माणं ज्ञानसञ्छिन्नसंशयम् ।
आत्मवन्तं न कर्माणि निबध्नन्ति धनञ्जय ॥ ४-४१ ॥
तस्मादज्ञानसम्भूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥ ४-४२ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे ज्ञानकर्मसंन्यासयोगो नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અધ્યાય ૫મો

અર્જુન

ગાયો પરમ મહિમા હરિએ આજ ગરવા જ્ઞાનનો,
યજ્ઞો તણો, તર્પણ તણો, વળી કર્મનાં વિજ્ઞાનનો.
વાણી સુણી મુખરિત થયું મનમુકુર પાંડુ-પુત્રનું,
અંતર પ્રફુલ્લિત પદ્મ સમ વિકસિત કુન્તા સુતનું.
તૃષા કદી મરતી નથી અમૃત કેરા પાનની,
ત્યમ આજ અર્જુનની તૃષા મટતી નથી એ જ્ઞાનની !
દ્વય કર-નિકર[૨૮] જોડી ધનંજય આજ હરિને વિનવે,
મનમાં ભર્યો સંદેહ કરવા દૂર કેશવને કહે :-
કર્મો તણો સંન્યાસ ને વળી યોગ શ્રેયસ્કર કહો
હરિ ઉભય માને શ્રેષ્ઠ તેની વાત વિસ્તારે કહો. (૫-૧)
ભારત તણા અનુપેય[૨૯] નરની મન-મથામણને સુણી
કર અભય મુદ્રામાં ધરી, કરી વાત નિજ અંતર તણી :-
સંન્યાસ હિતકારી ઘણો વળી કર્મયોગે ય શ્રેય છે,
પણ કર્મના સંન્યાસ કરતાં કર્મયોગ વિશિષ્ટ છે. (૫-૨)
શબ્દો તણો વાચ્યાર્થ ને લક્ષ્યાર્થ ઋષિએ વર્ણવ્યો,[૩૦]
જ્ઞાનીજને યુક્તિ થકી લક્ષ્યાર્થ ઓળખવો રહ્યો.
સંન્યાસ ને કર્તવ્ય, ને વળી ત્યાગ ધર્મ વિરાગનાં,
ગીતા મહીં વિગતે કહ્યાં, તે તે રહસ્યો જાણવાં.
ભગવા-વસન ને દંડ હસ્તે - એ સરળ સંન્યાસ છે,
સંકલ્પ સઘળા ત્યાગવાં - એ તો પરમ સંન્યાસ છે.
સહુ કામ્ય કર્મો ત્યાગવાં, જગ એ ચરમ સંન્યાસ છે,
સંન્યાસ યોગ જ એક છે મન માનવું શ્રુતિગમ્ય છે.
નહિ કામના કે દ્વેષ એને નિત્ય-સંન્યાસી કહ્યો,
નિર્દ્વન્દ્વ થઈને વિચરે પછી બંધ એને ક્યાં રહ્યો? (૫-૩)

---

૨૮. નિકર એટલે સમૂહ, બે હાથ જોડવા. ૨૯. અર્થાત્ - અનુપમ.
૩૦. પાઠભેદ - કવિએ વર્ણવ્યો.

આ સાંખ્ય ને આ યોગ જુદા રહેજ -બાળક.બુદ્ધિ છે,
સમ્યક્ ઉપાસે એક - એને ઉભયની સિદ્ધિ વરે. (૫-૪)
જે સ્થાન સાંખ્યે સાંપડે, તે યોગથી આવી મળે,
જે સાંખ્ય-યોગને એક જાણે તે પરમ સુખ મેળવે.(૫-૫)
તનમાં રુચિ[૩૧], મનમાં શુચિ, વળી ઇન્દ્રિયને નરે જય કર્યો,
સહુ ભૂતમાં નિજ આત્મ-દર્શન, બંધ એને ના રહ્યો.(૫-૬)
જુએ ભણે કે સાંભળે દોડે ચઢે કે જે પડે
મન મનન ચિંતન જે કરે, ને ધનંજય ! કરમ કરતો કર વડે,
આલાપ વિલાપો મહીં સમભાવ જેને સાંપડે,
ઇન્દ્રિય તણી એ દોડ માને કરમ એને ના નડે.(૫-૭)
અર્પણ કરીને બ્રહ્મને, ત્યજી સંગ કર્મો જે કરે
જલ-કમલ-વત સંસ્પર્શ એને કર્મ કેરો ના રહે.[૩૨](૫-૧૦)
કાયા અને મન બુદ્ધિથી સક્રિય જોગી જન રહે
નિજ હૃદય-શુદ્ધિ કાજ એ સંસાર ધુરાને વહે. (૫-૯)
કર્મો બધાં મનથી ત્યજે, નહિ કરત-કારવતો દિસે
નવ દ્વારની પુરી મહીં, નર નિત્ય નિરાંતે વસે,
કર્તા કરમ કે કર્મફળમાં નિયન્તા પડતો નથી,
આ રમત તો અભરી ભરી[૩૩] નિયતિ નટીના નાચથી!
કરણી હશે સંસારમાં, તેવી પાર ઉતરણી હશે
વાવ્યા બબુલ જગબાગમાં, નહિ આમ્રફળ તે પામશે.
પરમાત્મ ના કદી કોઈના શુભ-અશુભ કરમે રાચતો
અજ્ઞાન ઢાંકે જ્ઞાનને, પછી મોહ માનવને થતો,
તામિસ્ર અંતરનું બધું દૂર થાય નિર્મળ જ્ઞાનથી. (૫-૧૫)
શુભ સુરજ અંતરમાં ઉગે, ઉર ભરત-પુણ્ય-પ્રકાશથી
હરિના મનોહર રૂપમાં તન્મય અને તદ્રુપ જે,
મન મેલ જેના ઓગળ્યા ફરી જનમ જગ ધરતો ન તે.

---

૩૧. પાઠભેદ - કૃતિ.
૩૨. પાઠભેદ - નહિ કર્મનો સંસ્પર્શ એને આવરે.
૩૩. પાઠભેદ - રમત નિરન્તર ભરી.

વિદ્યાવિભૂષિત બ્રાહ્મણે ગૌ-માતમાં ને હસ્તિ એ,
શ્વાને અને ચંડાલમાં સમદૃષ્ટિ જ્ઞાનીજન કરે. (૫-૧૮)
એણે જિત્યો સંસાર જેણે "સામ્ય" અંતરમાં ધર્યું,
નિર્દોષ ને "સમ" બ્રહ્મમાં જેણે જીવન રમતું કર્યું, (૫-૧૯)
પ્રિયમાં હરખ હલકે નહિ, નહિ શોક અપ્રિયમાં રહ્યો.
સ્થિરબુદ્ધિ જન હસ્તામલકવત બ્રહ્મને જાણી[૩૪] ગયાં. (૫-૨૦)
વિષયે ઈન્દ્રિયોના ભોગ ભરતા જીવનને સંતાપથી
આવે અને જે જાય - તેમાં બુદ્ધ જન રમતા નથી.
માનવ જીવનમાં કામ, ને વળી ક્રોધને દુષ્કર કહ્યા,
તેના જીત્યા આવેગ તે નર જીવનમુક્ત બની ગયાં.
નિજમાં પરમ આરામને સુખ નિજ મહિ જ્યોતિ જળે
તે બ્રહ્મરૂપ યોગીજનો પછી બ્રહ્મમાં જઈને ભળે. (૫-૨૧)
ઋષિઓ બધા સંશય-વિપર્યય દૂર અંતરના કરે,
આ વિશ્વના સહુ પ્રાણીઓના સુખનું ચિંતન કરે.(૫-૨૫)
નિષ્પાપ થઇ જગમાં ફરે, મલ સકલ મનના પરહરે.
સંસાર સાગરને તરે, ઉર બ્રહ્મની લહરે ભરે,(૫-૨૬)
વિષયો મહીં વૈરાગ્ય, નયનો ભ્રમર મધ્યે સ્થિર કરે,
અત્યા[યા]મ[૩૫] પ્રાણ તણો કરે, શુભ સહજ કુંભકને વરે.(૫-૨૭)
મન બુદ્ધિને ઈન્દ્રિય ગણમાં પરમ સંયમને ધરે
ભય કામના ને ક્રોધ ત્યજી નર મુક્ત થઈ જગમાં ફરે (૫-૨૮)
ભોક્તા સકલ તપ યજ્ઞનો ને ત્રણ ભુવનનો નાથ હું
જાણી મને જગ સુહૃદ હૃદયે પરમ શાન્તિ પામતું. (૫-૨૯)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

---

૩૪. પાઠભેદ - પિછાણી ગયા.
૩૫. અત્યાયામ - અતિશય પ્રયાસ.

अथ पञ्चमोऽध्यायः ।

(संन्यासयोगः)

अर्जुन उवाच ।

संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥ ५-१ ॥

श्रीभगवानुवाच ।

संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥ ५-२ ॥
ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न काङ्क्षति ।
निर्द्वन्द्वो हि महाबाहो सुखं बन्धात्प्रमुच्यते ॥ ५-३ ॥
साङ्ख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः ।
एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ॥ ५-४ ॥
यत्साङ्ख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं साङ्ख्यं च योगं च यः पश्यति स पश्यति ॥ ५-५ ॥
संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म नचिरेणाधिगच्छति ॥ ५-६ ॥
योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥ ५-७ ॥
नैव किञ्चित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपञ्श्वसन् ॥ ५-८ ॥
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥ ५-९ ॥
ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥ ५-१० ॥
कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि ।
योगिनः कर्म कुर्वन्ति सङ्गं त्यक्त्वात्मशुद्धये ॥ ५-११ ॥
युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ॥ ५-१२ ॥

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥ ५-१३ ॥
न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ ५-१४ ॥
नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥ ५-१५ ॥
ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥ ५-१६ ॥
तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥ ५-१७ ॥
विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥ ५-१८ ॥
इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ॥ ५-१९ ॥
न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसम्मूढो ब्रह्मविद् ब्रह्मणि स्थितः ॥ ५-२० ॥
बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षयमश्नुते ॥ ५-२१ ॥
ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥ ५-२२ ॥
शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥ ५-२३ ॥
योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥ ५-२४ ॥
लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥ ५-२५ ॥
कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥ ५-२६ ॥

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ ॥ ५-२७ ॥
यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥ ५-२८ ॥
भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥ ५-२९ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे संन्यासयोगो नाम पञ्चमोऽध्यायः ॥ ५ ॥

અધ્યાય ૬ઠ્ઠો

કર્મો તણા સિદ્ધાન્ત ને સોપાન સઘળા યોગના,
કેશવ હવે કરુણા કરી નિજ શિષ્યને સમજાવતાં.

ભગવાન :

આશ્રય કરે નહિ ફલતણો, કર્તવ્ય કર્મો જે કરે,
નિષ્ક્રિય નિરગ્નિ એ નથી સંન્યાસી, કે યોગીએ ખરે. (૬-૧)
સંન્યાસ જગમાં જે કહ્યો તે યોગ, પાંડવ ! જાણવો.
સંકલ્પ જેના ના શમ્યા, તે યોગી કેમ પ્રમાણવો? (૬-૨)
જપ-તપ અને નિષ્કામ કર્યો યોગ આરંભે કરે
મન-મેલને અળગા કરી નિજ ચિત્તને નિર્મળ કરે,
નિજ ઈન્દ્રિયોને મન તણો પછી યોગીજન સંયમ ધરે,
ના ઈન્દ્રિયો કે કર્મમાં લવલેશ આસક્તિ ધરે.
સંકલ્પ સઘળાં જે ત્યજે, જન એ જ યોગરૂઢ ખરે. (૬-૩)
નિજ આત્મથી નિજ આત્મને ઉદ્ધારવો, ના મારવો
બંધુ બને કદિ આત્મનો, કદિ શત્રુ એને જાણવો (૬-૪, ૫)
ભોગે ભળાવી મારતું, સંયમ થકી એ તારવું
રાચે-સદા જે જ્ઞાન ને વિજ્ઞાનમાં સંયમ ધરી,
જે કનક કાચને એક માને તેહને પ્રભુતા વરી.
જે મિત્રમાં કે શત્રુમાં, મધ્યસ્થ બંધુ માંહી જે
સાધુ અને પાપી મહીં સમદૃષ્ટિ રાખે તે તરે. (૬-૯)
પાવન પ્રકાશિત દેશમાં કુશ-વસ્ત્રનું આસન કરે
શુભ બ્રહ્મ મુરતે સ્વચ્છ થઇ, પછી યોગી સિદ્ધાસન ધરે. (૬-૧૧)
મન ઈન્દ્રિયોને વશ કરે, પરમાત્મનું ચિંતન કરે
વ્યુત્થાન વૃત્તિ ચિત્તની એકાગ્ર અંતરમાં કરે. (૬-૧૨)
શિરને ગ્રીવા કટી સ્થિર મેરૂદંડ સમ સીધા ધરે[૩૬]
નિજ પ્રાણનું નિયમન કરે, ગતિ રોધ કુંભક કરે, (૬-૧૩)

---

૩૬. પાઠભેદ - સીધો રાખીને.

નાસાગ્ર કે ભ્રૂ-મધ્યમાં દ્વય નયન અપલક જે કરે
મુજ સ્વરૂપમાં ધરી ધ્યાન, યોગી મુક્ત થઇ જગમાં ફરે. (૬-૧૩)
આહાર નિદ્રા જાગૃતિમાં પરમ સંયમ જે કરે
તે યોગીજન નિજ તાપ જગના પલક માંહી પરહરે (૬-૧૭, ૧૮)
નિર્વાત ગુફામાં દીપકની જ્યોત જરી'એ ના હલે,
નિર્વૃત જનનું ચિત્ત કદિ ના વિષય દેખી હલબલે.(૬-૧૯)
જ્યારે સમાહિત ચિત્ત વૃત્તિ-નિરોધ યોગ પામશે,
નિરખી પરમની સુરત હૃદયે, હરખ સાધકને થશે.(૬-૨૦)
સુખ સાગરો છલકી જશે આનંદ અંતરમાં થશે
પછી યોગીજનને યોગમાં શ્રદ્ધા અહર્નિશે લાધશે (૬-૨૧)
જેને મળે સંસારના સુખ તુચ્છ સઘળાં લાગશે[૩૬]
મેરુસમા દુઃખડુંગરા તૃણ માત્ર સાધકને થશે.(૬-૨૨)
સહુ દુઃખના સંયોગના વિયોગ કાજે યોગ છે
નિશ્ચલ મને નિર્મળ હૃદયથી એ જ[૩૭] આરાધેય છે. (૬-૨૩)
શાશ્વત સનાતન સત્ય જગમાં જાણવાનાં ચાર છે
આ હેય ને વળી હેયહેતુ, હાન, હાનોપાય છે.
જીવન મરણનું ચક્ર આ દુઃખદાયી આતમરામને
ભવચક્રમાં હજી આવનારા દુઃખ હેય મનાય છે
સંયોગ દ્રષ્ટા દશ્યનો જગ હેય હેતુ થાય છે
સંયોગ સાંકળથી જગતના જન બધા બંધાય છે
ને આ અવિદ્યા અસ્મિતા સંયોગની કારક કહી,
છે એ અનાદિ સિદ્ધ નરને નિરંતર નડતી રહી.
તનુ દગ્ધબીજ કરવી અવિદ્યા - એ જ એક જ હાન છે,
વિવેકખ્યાતિ[૩૮] નિશ્ચલા બસ એક હાનોપાય છે.
યોગીજનો અષ્ટાંગ રૂપે યોગ આરાધન કરે[૩૯]

---

૩૬. પાઠભેદ - વ્યર્થ સઘળા લાગશે, ૨. સર્વવામન થઈ જશે. ૩૭. પાઠભેદ - યોગ. ૩૮. અર્થાત્ - આ દેહ નશ્વર છે અને આત્મા અવિનાશી છે — તેવો વિવેક, આત્મજ્ઞાન તે વિદ્યા છે, અને દેહને જ આત્મા માની લેવો તે અવિદ્યા છે. આ વિદ્યા અને અવિદ્યા વચ્ચેના ભેદનું જ્ઞાન તે વિવેકખ્યાતિ છે. ૩૯. પાઠભેદ - યોગનું સેવન કરે.

વૈરાગ્ય ને વિવેક વાધે, પરમ પદ પછી તે વરે
આધિ ઉપાધિ ત્રિવિધ તાપો દુઃખ જીવનના ટળે[૪૦]
નિજ સ્વરૂપની ઝાંખી કરી પરમાત્મ જ્યોતિમાં ભળે
મન માંકડું સ્થિર શું રહે, વિષયો તણી મદિરા પીએ,[૪૧]
સંસારના આ નિબિડ વનમાં મત્ત થઈને આથડે. (૬-૩૩)
મનને બનાવી મિત્ર એને વિષય-રસથી વાળવું,
સંકલ્પ સઘળા પરહરી, પછી યોગપંથ પળાવવું.
ત્રિગુણાત્મ છે આ પ્રકૃતિ રજ-તમ અને સત્ત્વે ભરી
રજ તમસને હળવાં કરી, ઉર સત્ત્વ-જ્યોતિ ધારવી
મુજમાં જુએ સહુ વિશ્વને ને વિશ્વ મારામાં જુએ,
તે સંત સન્મુખ હું રહું, મુજ સ્વરૂપ સન્મુખ એ રહે,
નિજ આત્મ સમ સહુને જુએ, સુખ દુઃખમાં સમતા ધરે,
મન મેલને અળગા કરે જે, પરમ યોગી એ ઠરે. (૬-૩૨)
કૌંતેય શ્રીહરિને પૂછે આ મન મહા બલવાન છે,
ચંચલ અને દુર્જેય છે, એ કેમ વશમાં થાય છે? (૬-૩૪)
હૃષીકેશ વદીયા - ''સત્ય છે, મન પવન સમ દુર્દમ્ય છે,
અભ્યાસ ને વૈરાગ્યથી મન-હસ્તિ વશમાં થાય છે''. (૬-૩૫)
પાંડવ ફરીને પુછતા હરિ એક શંકા ઉર છે
એને ઉકેલો નાથ, તમ વિણ પરમ જ્ઞાની[૪૨] કોણ છે?
શ્રદ્ધા થકી સાધના કરે, પણ અચલ યોગે ના રહે,
પદ-ભ્રષ્ટ સિદ્ધિનષ્ટ યોગી જીવનમાં ગતિ કો' લહે? (૬-૩૭)
વાયુ વિખેર્યા વાદળો સમ ભટકતો ભવમાં રહે
ઉભય પંથી વિપથ સાધક તાપ જીવનના સહે? (૬-૩૮)
કમલેશ કેશવ ઓચર્યા નિજ શિષ્ય પર કરુણા કરી,
ગૂઢ જ્ઞાનની મોહન મુખેથી સુગમ સરવાણી સરી:-
આ લોક કે પરલોકમાં નહિ અશુભ એનું થાય છે,
કલ્યાણ મારગ જે ગયા, નહિ પતન એનું થાય છે, (૬-૪૦)

---

૪૦. પાઠભેદ - સહુ જગના ટળે. ૪૧. પાઠભેદ - વિષયની મદિરા ચઢે.
૪૨. પાઠભેદ - મરમી (=મર્મજ્ઞ).

પુણ્યશાલીને, ઐશ્વર્ય ધર્મધારી લક્ષ્મીવન્ત કેરા વંશમાં.
પથ-ભગ્ન યોગી જન્મ લેતો ભાગ્યશાળી કુળમાં.
જપ-તપ અને બહુ દાન સેવા ભક્તિ શ્રદ્ધાથી કરે,
મમતા અહંતા પરહરે, પછી તુરત ભવસાગર તરે.
અથવા પરમ યોગી અને જ્ઞાની ગૃહે એ અવતરે,(૬-૪૨)
સંધાન સાધી પૂરવનું નિજ સાધના પૂરી કરે.
જ્ઞાની તપસ્વી કર્મયોગી પરમ પથગામી બધા
પણ રાજયોગી શાસ્ત્ર સહુમાં પરમ પદ શોભાવતાં.(૬-૪૬)
સહુ યોગીજનમાં શ્રેષ્ઠ જે બહુ ભાવથી ભજતો મને
પ્રણિધાન મુજમાં જે કરે, નર તેજ કુલ તારક બને[૪૭](૬-૪૭)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

अथ षष्ठोऽध्यायः ।

(आत्मसंयमयोगः)

श्रीभगवानुवाच ।

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥ ६-१ ॥
यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पाण्डव ।
न ह्यसंन्यस्तसङ्कल्पो योगी भवति कश्चन ॥ ६-२ ॥
आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥ ६-३ ॥
यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसङ्कल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥ ६-४ ॥
उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥ ६-५ ॥
बन्धुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६-६ ॥

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥ ६-७ ॥
ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः ।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः ॥ ६-८ ॥
सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ ६-९ ॥
योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥ ६-१० ॥
शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥ ६-११ ॥
तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ।
उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये ॥ ६-१२ ॥
समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
सम्प्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥ ६-१३ ॥
प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥ ६-१४ ॥
युञ्जन्नेवं सदात्मानं योगी नियतमानसः ।
शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥ ६-१५ ॥
नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥ ६-१६ ॥
युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥ ६-१७ ॥
यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥ ६-१८ ॥
यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युञ्जतो योगमात्मनः ॥ ६-१९ ॥
यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ॥ ६-२० ॥

सुखमात्यन्तिकं यत्तद् बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥ ६-२१ ॥
यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥ ६-२२ ॥
तं विद्याद् दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा ॥ ६-२३ ॥
सङ्कल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः ॥ ६-२४ ॥
शनैः शनैरुपरमेद् बुद्ध्या धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किञ्चिदपि चिन्तयेत् ॥ ६-२५ ॥
यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥ ६-२६ ॥
प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ ६-२७ ॥
युञ्जन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥ ६-२८ ॥
सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ ६-२९ ॥
यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥ ६-३० ॥
सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥ ६-३१ ॥
आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥ ६-३२ ॥

अर्जुन उवाच ।

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।
एतस्याहं न पश्यामि चञ्चलत्वात्स्थितिं स्थिराम् ॥ ६-३३ ॥
चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥ ६-३४ ॥

श्रीभगवानुवाच ।

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥ ६-३५ ॥
असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥ ६-३६ ॥

अर्जुन उवाच ।

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ॥ ६-३७ ॥
कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि ॥ ६-३८ ॥
एतन्मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥ ६-३९ ॥

श्रीभगवानुवाच ।

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत्कश्चिद् दुर्गतिं तात गच्छति ॥ ६-४० ॥
प्राप्य पुण्यकृतां लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥ ६-४१ ॥
अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥ ६-४२ ॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन ॥ ६-४३ ॥
पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥ ६-४४ ॥
प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥ ६-४५ ॥
तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥ ६-४६ ॥

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ॥ ६-४७ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे आत्मसंयमयोगो नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

---

૪૩. પાઠભેદ - નર યોગકુળ તારક બને.

અધ્યાય ૭મો

મુજમાં રમે જે પાર્થ ને આશ્રયે જગમાં વસે
મુજ સ્વરૂપના સહુ જ્ઞાનની જ્યોતિ જીવનમાં તે લસે.
આજે બતાવું જ્ઞાન ને વિજ્ઞાનના મારગ નવા,
જે જાણતાં નહીં શેષ રહેતા મર્મ જગમાં જાણવા. (૭-૧)
માનવ હજારો માહી કોઈ પરમને મારગ પળે
એવા હજારો સાધકોમાં કોઇ નર મુજને મળે. (૭-૩)
ક્ષિતિ જલ અનલ ને અનિલ ને આકાશ પંચભૂતો બધા
મન, બુદ્ધિ, અહંકાર મારી અપર પ્રકૃતિ અષ્ટધા
વળી ભવ્ય ને અતિદિવ્ય મારી પરા-પ્રકૃતિ જે કહી
જીવભૂત થઈને જગતમાં વિધવિધ રૂપે વિલસી રહી
સંસારના આ રૂપ સઘળાં કુસુમ કેરી માલ છે,
સુગ્રથિત માળા માંહી મારો સૂત્ર સ્વરૂપે વાસ છે. (૭-૪)
સર્જન-વિસર્જન હું કરું, ધાતા વિધાતા હું જ છું,
સહુ વિશ્વમાં વ્યાપી રહ્યો આદિ-અનાદિ એક હું. (૭-૬)
જલમાં રહ્યો હું રસ રૂપે ને ગંધ રૂપે પૃથ્વીમાં,
જ્યોતિ સ્વરૂપે અગ્નિમાં ને સ્પર્શ રૂપે વાયુમાં. (૭-૮)
શબ્દે રહ્યો આકાશમાં, ને પ્રણવ રૂપે વેદમાં,
શશિ સૂર્યની નિર્મળ પ્રભા હું, દેહી રૂપે દેહમાં.
ઉદ્ભવ થતા સહુ પ્રાણીઓમાં બીજે સ્વરૂપે હું જ છું.
બલ બુદ્ધિ તપ ને તેજ જગમાં પ્રેરનારો હું જ છું
બલ-વીર્ય રાગ રહિત જનમાં વિતરનારો[૪૪] હું જ છું. (૭-૧૧)
ને પ્રસવ-ધર્મી કામ નિર્મળ-જગવનાર હું જ છું.
ભાવો બધા રજ-સત્ત્વ-તમના જગત જેમાં જીવતું
સહુ ભાવ ઉપજે મુજ થકી પણ જલ-કમલવત હું રહું.

---

૪૪. વેરનારો.

ત્રણ ભાવમાં રાચી રહ્યું, નાચી રહ્યું સહુ વિશ્વ આ
મદિરા ચડી છે મોહની, મુજ પરમ-પદ પરખાય ના.
હે સવ્યસાચી ! શું કહું આ વાત માયાની બધી ?
એ સત નથી કે અસત નથી, વળી ઉભયરૂપ ધારી નથી,
એ અનિર્વચના[૪૫] વર્ણવી વેદાંત દર્શન ગ્રંથમાં;
એ દિવ્ય દુસ્તર માવડી રચના રચે સહુ વિશ્વમાં.
માયા નહીં વેગે વહે મઝધારમાં એ આંતરે,
મુજ ચરણનું શરણું ગ્રહે, નર એ જ માયાને તરે.
માયા તણા અજ્ઞાનથી મદમત્ત અસુરો મ્હાલતા
દુનિયા દમે એ દુર્જનો, નહીં શરણ મારે આવતા
હે ભરતકુલ, સૌભાગ્ય જગમાં ચતુર્વિધ સાધક રહે
જન આર્ત જિજ્ઞાસુ અને અર્થાર્થી જ્ઞાની તેહ છે. (૭-૧૬)
એ ચારમાં જ્ઞાની સદા તદ્રુપ થઈ મુજમાં રમે,
મુજને નમે થઇ નમ્ર જગમાં -એ સદા મુજને ગમે. (૭-૧૭)
બહુ જન્મના અન્તે પરમ વિશ્રામ મુજ પદ પામતા.
સહુ વિશ્વ વાસુદેવ જેને, સંત દુર્લભ એ થતા, (૭-૧૯)
જગમાં જુએ જગદીશ નિશ-દિન સન્ત દુર્લભ એ થતો.
જેને પીડે બહુ કામના, તે અન્ય દેવને ઉપાસતા,
બહુ નિયમ વ્રતને પાળતા, ઉર આશ ફલની રાખતા.
જે જે જનો જે દેવને ઉર આશ ધરીને યાચતા,
શ્રદ્ધા અટલ તે દેવમાં, પછી મુજ થકી એ પામતા. (૭-૨૧)
શ્રદ્ધા સભર સહુ સાધકો નિજ દેવગણ આરાધતા,
તે દેવને રીઝવી, ફલો જન મુજ થકી સહુ પામતા. (૭-૨૨)
ફલ તુચ્છ મૂરખ જન લહે, નહિ લાભ ઉજ્વલ ખાટતાં
દેવો ભજે દેવો મળે, મુજ ભક્ત મુજને પામતા. (૭-૨૫)
સહુ વિશ્વમાં વ્યાપી રહ્યો મતિ-મૂઢ મુજને ના જુએ[૪૬]

---

૪૫. અર્થાત્ - અવર્ણનીય, ન સમજાવી શકાય તેવી માયા, જેને વેદાન્તમાં અનિર્વચનીય કહી છે. ૪૬. પાઠભેદ - શું જુવે ?

માયા-પટલ દૂર થાય તબ મુજ મૂરત મનમોહક જુએ[૪૭].
ભૂત ભાવિને હું જાણતો, સાંપ્રત સમય પણ જાણતો,
જાણું સકલ સંસાર, પણ ના કોઈ મુજને જાણતો.(૭-૨૬)
ઇચ્છા અને આ દ્વેષના દ્વન્દ્વો અનાદિ જાણવા
સર્જન સમયથી છેતરે રિપુ રૂપ એ જ પ્રમાણવાં (૭-૨૭)
બહુ પુણ્યશાળી પુરુષના પાપો બધા દૂર થાય છે
થઈ મુક્ત એ દ્વન્દ્વો થકી મુજ શરણ એ જાય છે (૭-૨૮)
જર્જર-જરા ને મરણ તરવા શરણે મારે આવતો,
તે બ્રહ્મને અધ્યાત્મ જાણી કરમની ગત જાણતો.[૪૮](૭-૨૯)

॥ ૐ તત્ સત્ પરમાત્મમને નમઃ ॥

अथ सप्तमोऽध्यायः ।

(ज्ञानविज्ञानयोगः)

श्रीभगवानुवाच ।

मय्यासक्तमनाः पार्थ योगं युञ्जन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥ ७-१ ॥
ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥ ७-२ ॥
मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥ ७-३ ॥
भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ ७-४ ॥
अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥ ७-५ ॥
एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥ ७-६ ॥
मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७-७ ॥

रसोऽहमप्सु कौन्तेय प्रभास्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥ ७-८ ॥
पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥ ७-९ ॥
बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥ ७-१० ॥
बलं बलवतां चाहं कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥ ७-११ ॥
ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥ ७-१२ ॥
त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥ ७-१३ ॥
दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ ७-१४ ॥
न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥ ७-१५ ॥
चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥ ७-१६ ॥
तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥ ७-१७ ॥
उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥ ७-१८ ॥
बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥ ७-१९ ॥
कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥ ७-२० ॥
यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥ ७-२१ ॥

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान्मयैव विहितान्हि तान् ॥ ७-२२ ॥
अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ॥ ७-२३ ॥
अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥ ७-२४ ॥
नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥ ७-२५ ॥
वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥ ७-२६ ॥
इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत ।
सर्वभूतानि सम्मोहं सर्गे यान्ति परन्तप ॥ ७-२७ ॥
येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वन्द्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥ ७-२८ ॥
जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥ ७-२९ ॥
साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥ ७-३० ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे ज्ञानविज्ञानयोगो नाम सप्तमोऽध्यायः ॥ ७ ॥

અધ્યાય ૮મો

અર્જુન

હે નાથ, હે કરુણાનિધિ, હે ભક્તવત્સલ શ્રીહરિ !
મારગ બતાવો, મન તણા મુજ સંશયોને દૂર કરી.
આ બ્રહ્મ શું, અધ્યાત્મ શું, ને કર્મ શું? મુજને કહો.
અધિભૂત ને અધિદૈવ કેરી વાત વિગતથી કહો. (૮-૧)
મધુસૂદન, આ કાયા મહીં અધિયજ્ઞ રૂપે કોણ છે?
વળી અંતકાળે યોગીજનને પરમ ક્યમ પરખાય છે? (૮-૨)
નિજ શિષ્યની, નિજ ભક્તની અંતર-વ્યથાને પારખી
હૃષીકેશ વદિયા નેહથી, વાણી નિરાલી વણ લખી :-
અક્ષર પરમ આ બ્રહ્મ છે, અધ્યાત્મ આતમરામ છે
સર્જન-વિસર્જન વિશ્વનું એ બ્રહ્મ કેરુ કર્મ છે. (૮-૩)
ક્ષર દેહ છે, અધિભૂત તેમાં પુરુષ આ અધિદૈવ છે.
હૃદયાસને જે વાસ મારો એ જ જગ અધિયજ્ઞ છે. (૮-૪)
યમરાજ ઉભા આંગણે પણ રટણ મારું જે કરે,
મુજ ચરણનું શરણું ગ્રહે, યમરાજ એને શું કરે? (૮-૫)
મૃત્યુ સમે કાં રામ ને કાં કામ સ્મરણે આવતાં
એ સ્મરણનો લઈ સાથ માનવ સહજ તદ્ગતિ પામતા,(૮-૬)
માટે નિરંતર સ્મરણ મારું ઉર ધરી, સમરે ચઢો.
મન બુદ્ધિને અર્પણ કરો, છવી મારી અંતરમાં મઢો. (૮-૭)
જે સુજ્ઞને શાશ્વત સ્વરૂપ આ સૃષ્ટિનું શાસન કરે
જે સૂક્ષ્મ પરમાણુ થકી, પણ મેરુથી ય વિરાટ જે
ધાતા વિધાતા વિશ્વનો જે અકારણ કરુણા કરે
રવિરશ્મિ સમ જગ ઝળહળે, અંધાર જીવનનો હરે
બ્રહ્માંડના એ નાથનું શરણું મરણ સમયે ગ્રહે,
ભ્રૂ-મધ્ય રોકે પ્રાણ, યોગી વાસ મુજ ચરણે રહે[૪૯]. (૮-૮)

---

૪૭. પાઠભેદ - જબ અવિનાશી મુજ મૂરત જુવે. ૪૮. પાઠભેદ - કરમ ગતને જાણતો. ૪૯. પાઠભેદ - તે નર મુજ ચરણરજમાં રહે.

જ્ઞાનીજનો આ વે઼દના અક્ષર સ્વરૂપને ઓળખે
વીતરાગ યોગી ધ્યાન ધરીને, સુરત અંતરમાં લખે,
સાધક જનો એ પામવા જગ બ્રહ્મ-પથ પર પદ ધરે,
એ પરમ પદનો સાર તુજને આજ આલેખ્યો ખરે. (૮-૧૧)
ઇન્દ્રિય તણાં જે દ્વા઼ર બીડે ચિત્ત નિરોધન કરે
અજરામરે જે પ્રાણ ધારે યોગનિદ્રામાં સરે,
મુજને સ્મરે જે અન્તકાલે પ્રણવનો જાપ જે કરે,
તે નર ત્યજી આ દેહ, અન્તે પરમનો મારગ ગ્રહે. (૮-૧૨, ૧૩)
વૃત્તિ બધી વિરમી જતાં જે ચિત્ત મુજ સ્વરૂપે ધરે,
એ ભક્ત મુજમાં રક્ત થઈને, મુક્ત સ્વરૂપે વિચરે. (૮-૧૪)
આ બ્રહ્મ સુધીના સપ્ત લોકે, સુખ મળે ભવ ના ટળે
પણ શરણ મારું જો મળે તો ભવ તણી ભાવટ ટળે. (૮-૧૫)
બ્રહ્મ તણો જે દિવસ, તે શત-દસ ચતુર્યુગ હોય છે,
રાત્રિય શત-દસ ચતુર્યુગ જે જાણતો તે સુજ્ઞ છે. (૮-૧૬)
દિન ઉગતાં અવ્યક્તમાંથી વ્યક્તનું સર્જન થતું
રાત્રિ સમે આ વ્યક્ત સહુ અવ્યક્તમાં લીન થઈ જતું.
અવ્યક્ત નિયતિ સૂક્ષ્મ છે, પણ પુરુષ અતિશય સૂક્ષ્મ છે,
લય વિલય ધર્મા પ્રકૃતિ, પણ પુરુષ અજ અવિનાશ છે.
અવ્યક્ત અક્ષર રૂપ છે ગતિ, એ જ અનુપમ જાણતું.
ભવચક્ર જ્યાં વિરમી જતું તે ધામ મારૂં જાણ તું! (૮-૨૧)
જેના ઉદરમાં સૌ રમે જે સર્વમાં વ્યાપી રહ્યું ,
ભક્તિ પદારથથી મળે તે બ્રહ્મ કારણ હું જ છું. (૮-૨૨)
અપરાન્ત કાલે જીવની ગતિ ઉભય રૂપે થાય છે,
પામે પરમ પદ એક બીજો ભવરણે અટવાય છે. (૮-૨૩)
મન અગ્નિ બાળે કામના, ને સૂરજ તપતો જ્ઞાનનો
વળી શુકલપક્ષી સાધના ઉત્તરાયણનો જ્યાં યોગ, (૮-૨૪)
તે કાલમાં જીવ સંચરે, શુભ સહજ સદ્-ગતિ એ પળે.
પરબ્રહ્મના પંથી બધા પરબ્રહ્મમાં જઈને ભળે.[૫૦]

૫૦. પાઠભેદ - ચિંતન થકી નર બ્રહ્મમાં જઈને બળે.

મન ધૂમ્ર વ્યાપે કામનો રવિ-જ્ઞાન અસ્તાચળ પળે,
ક્ષીણ થાય સાધન, કૃષ્ણ-પક્ષી યોગ દક્ષિણમાં વળે.
એ કાળમાં જીવ ઉત્ક્રમે જઈ ચંદ્ર જ્યોતિમાં ભળે
રહી ચન્દ્રલોકે સમય સરતાં ભવ તણે મારગ વળે. (૮-૨૫)
આ શુક્લ ને ગતિ કૃષ્ણ આ, વિગતે ધનંજય મેં કથી
આવાગમન એકે ટળે પણ ભવ-શમન અન્યે નથી
વેદો થકી, યજ્ઞો થકી, જપ-તપ અને દાનો થકી
બહુ પુણ્ય પામે જગતમાં શુભ કરમથી માનવ નકી.
પુણ્યે મળે જે સ્વર્ગ એવું સ્વર્ગ જેને ના ગમે,
તે દિવ્યજન આ દેહ છોડી પરમના પદમાં રમે. (૮-૨૮)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

अथ अष्टमोऽध्यायः ।

(अक्षरब्रह्मयोगः)

अर्जुन उवाच ।

किं तद् ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ॥ ८-१ ॥
अधियज्ञः कथं कोऽत्र देहेऽस्मिन्मधुसूदन ।
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः ॥ ८-२ ॥

श्रीभगवानुवाच ।

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥ ८-३ ॥
अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥ ८-४ ॥
अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥ ८-५ ॥
यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥ ८-६ ॥

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयः ॥ ८-७ ॥
अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥ ८-८ ॥
कविं पुराणमनुशासितार-
मणोरणीयंसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिन्त्यरूप-
मादित्यवर्णं तमसः परस्तात् ॥ ८-९ ॥
प्रयाणकाले मनसाऽचलेन
भक्त्या युक्तो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्
स तं परं पुरुषमुपैति दिव्यम् ॥ ८-१० ॥
यदक्षरं वेदविदो वदन्ति
विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदं सङ्ग्रहेण प्रवक्ष्ये ॥ ८-११ ॥
सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥ ८-१२ ॥
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥ ८-१३ ॥
अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥ ८-१४ ॥
मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥ ८-१५ ॥
आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥ ८-१६ ॥
सहस्रयुगपर्यन्तमहर्यद् ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रान्तां तेऽहोरात्रविदो जनाः ॥ ८-१७ ॥

अव्यक्ताद् व्यक्तय: सर्वा: प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥ ८-१८ ॥
भूतग्राम: स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवश: पार्थ प्रभवत्यहरागमे ॥ ८-१९ ॥
परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातन: ।
य: स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥ ८-२० ॥
अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहु: परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥ ८-२१ ॥
पुरुष: स पर: पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्त:स्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥ ८-२२ ॥
यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिन: ।
प्रयाता यान्ति तं कालं वक्ष्यामि भरतर्षभ ॥ ८-२३ ॥
अग्निर्ज्योतिरह: शुक्ल: षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जना: ॥ ८-२४ ॥
धूमो रात्रिस्तथा कृष्ण: षण्मासा दक्षिणायनम् ।
तत्र चान्द्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ॥ ८-२५ ॥
शुक्लकृष्णे गती ह्येते जगत: शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययावर्तते पुन: ॥ ८-२६ ॥
नैते सृती पार्थ जानन्योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ॥ ८-२७ ॥
वेदेषु यज्ञेषु तप:सु चैव
दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।
अत्येति तत्सर्वमिदं विदित्वा
योगी परं स्थानमुपैति चाद्यम् ॥ ८-२८ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे अक्षरब्रह्मयोगो नामाष्टमोऽध्याय: ॥ ८ ॥

અધ્યાય ૯મો

હે પાર્થ, હે કૌંતેય, આજે જ્ઞાન નિર્મળ હું કહું,
જે જાણતા દૂર થાય અશુભો[૫૧], વાત તુજને એ કહું (૯-૧)
આ રાજવિદ્યા ગૂહ્ય છે,નિર્મળ અને અનુપેય છે.
અનુભૂતિ જેની સહજ ને સાધન પરમ સુખદેય છે. (૯-૨)
જેને નથી શ્રદ્ધા પરંતપ ધર્મના અભિયાનમાં
મુજને ન પામે એ જનો અટવાય તે ભવ જંજાળમાં. (૯-૩)
નિર્ગુણ નિરાકારી છતાં બ્રહ્માંડમાં સઘળે વસ્યો
સહુ ભૂત મારામાં વસ્યા, પણ હું નહિ ભૂતમાં વસ્યો. (૯-૪)
વળી ભૂત શું મુજમાં વસે? ઐશ્વર્ય મારું આજ જો,
ધાતા વિધાતા હું છતાં ભૂતમાં સમાઈ ના જતો. (૯-૫)
ચહુદિશ વાયુ વિચરે પણ વાસ આકાશે કરે,
ત્યમ ચર-અચર આ વિશ્વ સઘળું વાસ મારામાં કરે. (૯-૬)
કલ્પક્ષયે આ ભૂત સઘળા નિયતિમાં લીન થાય છે.
વળી કલ્પ આરંભે ભૂતો નિજ નિયતિ થકી સર્જાય છે. (૯-૭)
મુજ પ્રકૃતિના સાથમાં સર્જન-વિસર્જન હું કરું,
નહિ કર્મ-બંધન છે મને, નિ:સંગ થઈને હું ફરું. (૯-૮)
અધ્યક્ષ સ્થાને હું રહ્યો, મુજ પ્રકૃતિ સર્જન કરે,
સંસારનો ચગડોળ ભારત નિત્ય નિરંતર ફરે. (૯-૧૦)
માનવ શરીરે હું રહ્યો મતિ-મૂઢ મુજને ના ભજે,
ત્રિભુવન તણો હું નાથ, મુજને એ કદિ ભજતો નથી. (૯-૧૧)
છે વ્યર્થ આશા, વ્યર્થ કર્મો, વ્યર્થ એનું જ્ઞાન છે,
મન મોહમાં ચકચૂર એનો વ્યર્થ અસુર સ્વભાવ છે. (૯-૧૨)
દેવી-સ્વભાવે માનવી મુજને ભજે મુજમાં રમે
મુજને ઉપાસે નિત્ય મારો ભક્ત એ મુજને ગમે (૯-૧૩)
ક્રતુ હું જ છું, વળી યજ્ઞ હું, સ્વાહા સ્વધા પણ હું જ છું
મન્ત્રો અને ઘૃત હું જ છું, અગ્નિ હવન પણ હું જ છું. (૯-૧૬)

૫૧. પાઠભેદ - કલ્મષ.

માતા-પિતા આ જગતનો ધાતા પિતામહ હું જ છું
ઓંકારમાં હું શબ્દ રૂપ, ઋક્ સામ યજુ પણ હું જ છું (૯-૧૭)
ગતિ સર્વની, શરણું સનાતન સુહૃદ સહુનો એક હું.
સર્જન અને સંહાર હું સંસાર કેરું બીજ હું[૫૨]. (૯-૧૮)
તપતો વરસતો એક હું, નિગ્રહ અનુગ્રહ હું કરું
સુધા ગરબ રૂપ હું ધરું, સત્ અસત્ થઈ જગમાં ફરું. (૯-૧૯)
યજ્ઞ કરે, રસ સોમ પીએ, દેવ આરાધન કરે
તે પુણ્યશાલી સ્વર્ગલોકે દિવ્ય ભોગોને વરે. (૯-૨૦)
ક્ષીણ પુણ્ય થાતાં, સ્વર્ગના સહુ ભોગ ને ત્યજવાં પડે,
છૂટે ન જેની કામના, ભવરણ મહીં ભમવું પડે. (૯-૨૧)
ભક્તિ અનન્યા, ભાવ નિર્મળ, ભજન હર પળ જે કરે
નિજ યોગની કે ક્ષેમની કંઈ ચિંતા પછી શાને કરે? (૯-૨૨)
દેવો ભજે દેવો મળે, પિતૃ સ્મરે પિતૃ મળે
ભૂત-પ્રેત સત્વર સાંપડે, મુજ ભક્ત મુજ ચરણે ભળે. (૯-૨૩)
જલ પુષ્પ દીપક ફલ મને ઉર ભાવ સંપુટમાં ધરે (૯-૨૩)
મુજ ભક્તની એ ભેટ મારું હૃદય લાલાયિત કરે.
જે જે કરો ખાવો-પીવો વળી યજ્ઞ યાગાદિ કરો,
જપ-તપ અને દાનો બધાં મુજ ચરણમાં અર્પણ કરો. (૯-૨૬)
સમભાવથી સઘળે વસ્યો, વાલું ન દવલું કો મને
નિષ્કામ ભાવે જે ભજે તે ભક્તજન મુજને ગમે (૯-૩૪)
પાપી તણો પાપી હશે, પણ પંથ મારે જે પળે
સહુ સાધુ એને જાણજો મુજ પંથ અન્તે જે વળે, (૯-૩૦)
ઋષિ-વાલ્મીકિ જેવો બને ત્રય-તાપ એને ના નડે
કૌંતેય, પ્રતિ-શત જાણજો- મુજ ભક્ત કદિએ ના ખુડે[૫૩] (૯-૩૧)
પામર જનો પ્રાકૃત જનો, નારી તરાજી શૂદ્ર જે
મુજ ચરણનું શરણું લહે, સંસાર-સાગર તે તરે (૯-૩૨)

---

૫૨. પાઠભેદ - સંસાર કેરો સાર હું.
૫૩. પાઠભેદ - ના પતનની ખીણમાં પડે.

શ્રોત્રિય ને ક્ષત્રિયની પછી વાત કરવી શું રહી
દુઃખ બહુલ દરિયો પાર કરવા મુજ વાટને ગ્રહવી રહી.[૫૪]
(૯-૩૩, ૩૪)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

अथ नवमोऽध्यायः ।

(राजविद्याराजगुह्ययोगः)

श्रीभगवानुवाच ।

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ ९-१ ॥
राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥ ९-२ ॥
अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परन्तप ।
अप्राप्य मां निवर्तन्ते मृत्युसंसारवर्त्मनि ॥ ९-३ ॥
मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।
मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ॥ ९-४ ॥
न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥ ९-५ ॥
यथाकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ॥ ९-६ ॥
सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥ ९-७ ॥
प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥ ९-८ ॥
न च मां तानि कर्माणि निबध्नन्ति धनञ्जय ।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥ ९-९ ॥

---

૫૪. પાઠભેદ - દરિયે ઉગરવા હરિને અરજ કરવી રહી.

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौन्तेय जगद्विपरिवर्तते ॥ ९-१० ॥
अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥ ९-११ ॥
मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥ ९-१२ ॥
महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥ ९-१३ ॥
सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः ।
नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ॥ ९-१४ ॥
ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते ।
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥ ९-१५ ॥
अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥ ९-१६ ॥
पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोङ्कार ऋक्साम यजुरेव च ॥ ९-१७ ॥
गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥ ९-१८ ॥
तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥ ९-१९ ॥
त्रैविद्या मां सोमपाः पूतपापा
यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ।
ते पुण्यमासाद्य सुरेन्द्रलोक-
मश्नन्ति दिव्यान्दिवि देवभोगान् ॥ ९-२० ॥
ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं
क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना
गतागतं कामकामा लभन्ते ॥ ९-२१ ॥

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ ९-२२ ॥
येऽप्यन्यदेवता भक्ता यजन्ते श्रद्धयान्विताः ।
तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ॥ ९-२३ ॥
अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥ ९-२४ ॥
यान्ति देवव्रता देवान्पितॄन्यान्ति पितृव्रताः ।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम् ॥ ९-२५ ॥
पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ ९-२६ ॥
यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥ ९-२७ ॥
शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥ ९-२८ ॥
समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥ ९-२९ ॥
अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥ ९-३० ॥
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥ ९-३१ ॥
मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ ९-३२ ॥
किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥ ९-३३ ॥
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥ ९-३४ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे राजविद्याराजगुह्ययोगो नाम नवमोऽध्यायः ॥ ९ ॥

અધ્યાય ૧૦મો

વાતો ધનંજય, સાંભળો આ પ્રેયની ને શ્રેયની,
પ્રિયભાજ આજે હું કહું તમને પરમ કલ્યાણની. (૧૦-૧)
સુરનર મહર્ષિ પરમ મારો મરમ પરખે કોઇ શું?
ચર અચર આ રચના તણું કારણ પરાત્પર એક હું. (૧૦-૨)
શમ દમ ક્ષમા ને સત્ય નિશ્ચલ બુદ્ધિ જ્ઞાન નિર્મળ જે
સુખ દુઃખ અભય ભય જય પરાજય સત્ત્વ-સંમત દાન છે.(૧૦-૪)
સમતા અને સદ્-ભાવના, સંતોષ ઉર પ્રસન્નતા
ભાવો બધા ભૂત માત્રમાં મુજ પ્રેરણાથી પ્રગટતા (૧૦-૫)
સપ્તર્ષિને ચારે કુમારો ચૌદ મનુઓ જે કહ્યા
મુજ મન થકી સહુ નીપજી જગનું સૃજન કરતા રહ્યા.(૧૦-૬)
ઉત્પત્તિ ને સ્થિતિ બધી મુજથી સનાતન થાય છે,
જાણી પરમ આ સત્ય સંતો શરણ મારે જાય છે.
ચિત્ત ઇન્દ્રિયોને પ્રાણ ભક્તો સ્થિર કરી મુજમાં સદા,
ગુણ ગાન મારાં ગાય ને રાચે રચે મુજમાં સદા.(૧૦-૯)
જે જે સતત ભાને ભજે પ્રણિધાન મારામાં કરે,
આપું સમન્વય યોગ અન્તે, વાસ મુજ ચરણે કરે.(૧૦-૭)
સાધુ ચરિત એ ભક્તનું અજ્ઞાન અંધારું હરું,
ઉજળે હૃદયમંદિર એનાં જ્ઞાન દિવો હું ધરું !
વાણી સુણી હૃષીકેશની કૌંતેય ઉર રાજી થયા,
પછી નમ્રભાવે નાથ સાથે વાત આ કરતા રહ્યા :-
પર બ્રહ્મ, હે પરમાત્મ, હે અજ, અલખ અવિચલ નાથ હે,
શાશ્વત સનાતન સત્ય સુંદર સકલ જગ વિશ્રામ હે. (૧૦-૧૨)
દેવલ અસિત ને વ્યાસ તારો સતત મહિમા ગાય છે
હે દેવના પણ દેવ, તુજને વિનીત વંદન આજ છે.(૧૦-૧૩)
આ વિશ્વની વચમાં ઉભો સત્ ચિત્ આનંદે ભર્યો
સત્ ચિત્-ની સરવાણીઓનો ઓઘ સહુ દિશ પાંગર્યો[૫૫]

---

૫૫. પાઠભેદ - સઘળે પાંગર્યો.

વિધવિધ વિભૂતિ રૂપમાં હરિ વિશ્વમાં વ્યાપી રહ્યો
એ સર્વ વિભૂતિ સાર હરિ વિસ્તારથી મુજને કહો (૧૦-૧૬)
મોહન મલકતે મુખથી નિજ શિષ્યને નીરખી રહ્યા
આરત ભર્યા, આર્જવ ભર્યા, નિજ ભક્તને બોધી રહ્યા :-
કૌંતેય, જ્યમ આ વિશ્વનો વિસ્તાર અપરંપાર છે;
ત્યમ વિશ્વ વ્યાપી વિભૂતિઓનો ના કદિ કંઈ પાર છે.
વિભૂતિ તણા વિસ્તારનો હું સાર સંક્ષેપે કહું
ને શ્રેષ્ઠ મારી સર્વ વિભૂતિ આજ તમને હું કહું. (૧૦-૧૯)
આ પંચ ભૂતાત્મક શરીરમાં આત્મરૂપે હું રહ્યો,
ભૂત માત્ર આદિ અન્તને વળી મધ્ય રૂપે હું રહ્યો. (૧૦-૨૦)
અદિતિ સુતોમાં વિષ્ણુ હું, જ્યોતિર્ધરોમાં સૂર્ય હું,
મરુતો મહીં મરિચિ અને નક્ષત્ર ગણમાં ચન્દ્ર હું. (૧૦-૨૧)
વેદો મહીં હું સામ ને સહુ દેવમાં હું ઈન્દ્ર છું,
ઈન્દ્રિય તણું અધિષ્ઠાન મનુ ને જડ ભૂતે ચૈતન્ય હું. (૧૦-૨૨)
રુદ્રો મહીં શંકર અને કુબેર યક્ષગણો મહીં.
વસુઓ મહીં પાવક અને મેરુ સકલ શિખરો મહીં. (૧૦-૨૩)
પુરોહિતો સુરનર તણા તેમાં બૃહસ્પતિ હું જ છું,
સેનાપતિમાં સ્કંદ ને સાગર સરોવરમાં જ હું.(૧૦-૨૪)
ભૃગુ મહર્ષિ સર્વમાં વાણી મહીં ૐકાર હું,(૧૦-૨૫)
સર્વ યજ્ઞમાં જપયજ્ઞ ને સ્થાવર હિમાલય હું જ છું,
અશ્વત્થ સર્વે વૃક્ષમાં, નારદ સ્વર્ગઋષિ વૃંદમાં.
ગાંધર્વમાં હું ચિત્રરથ, મુનિ કપિલ સર્વે સિદ્ધમાં. (૧૦-૨૬)
આયુધ મહીં હું વજ્ર ગૌમાં કામધેનુ હું જ છું.
પ્રજનન પ્રજાતન્તુ મહીં કન્દર્પ રૂપ ધરીને રહું, (૧૦-૨૮)
મૃગ માત્રમાં વન-કેસરી ને ગરુડ પંખીગણ મહીં
નર માત્રમાં હું નૃપતિ, ભાગીરથી નદીઓ મહીં. (૧૦-૩૦, ૩૧)
મૃત્યુ હળાહળ સર્વહર ને સૃજન-(નૂતન) સર્જનહાર હું.
કીર્તિ ધૃતિ સ્મૃતિ નારીમાં પ્રજ્ઞા પ્રભા પણ હું જ છું. (૧૦-૩૪)

સહુ સામ-ના ગાનો મહીં કમનીય બૃહદ્ સામ હું,
માગસર સહુ માસે અને ઋતુ માંહી વિરલવસન્ત હું. (૧૦-૩૫)
વિદ્યા પરા અપરા મહીં, અધ્યાત્મ વિદ્યા એક હું.
સહુ ગુહ્ય ગોપાનનાં રહસ્યો ધારવામાં મૌન હું. (૧૦-૩૪)
વાર્ષ્ણેય વાસુદેવ હું, સહુ પાંડવોમાં પાર્થ હું,
મુનિગણ મહીં શ્રી વ્યાસ ને કવિ સુજ્ઞમાં હું શુક્ર છું. (૧૦-૩૭)
સહુ વિશ્વનું સર્જન વિસર્જન એક મારે હાથ છે
મુજ સંમતિ વણ સકલ જગ ના પાંદડું પલકી શકે (૧૦-૩૮)
જે જે વિભૂતિમાન ને શ્રીમાન ઉર્જામાન જે
તે સર્વ મારા તેજના રંગે વિલસિત થાય છે.[૫૬] (૧૦-૪૧)
શબ્દે ન સરતો સાર આ તો સકલ વાણી વિલાસ છે.
બ્રહ્માંડનો આ અંડ સઘળો એક મારો અંશ છે. (૧૦-૪૨)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

अथ दशमोऽध्यायः ।

(विभूतियोगः)

श्रीभगवानुवाच ।

भूय एव महाबाहो शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥ १०-१ ॥
न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥ १०-२ ॥
यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असम्मूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥ १०-३ ॥
बुद्धिर्ज्ञानमसम्मोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवोऽभावो भयं चाभयमेव च ॥ १०-४ ॥
अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।

---

૫૬. પાઠભેદ - અંશે વિલસિત થાય છે.

भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥ १०-५ ॥
महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ॥ १०-६ ॥
एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकम्पेन योगेन युज्यते नात्र संशयः ॥ १०-७ ॥
अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विताः ॥ १०-८ ॥
मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥ १०-९ ॥
तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥ १०-१० ॥
तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥ १०-११ ॥

अर्जुन उवाच ।

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥ १०-१२ ॥
आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे ॥ १०-१३ ॥
सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ।
न हि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः ॥ १०-१४ ॥
स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ।
भूतभावन भूतेश देवदेव जगत्पते ॥ १०-१५ ॥
वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ॥ १०-१६ ॥
कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन् ।
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया ॥ १०-१७ ॥
विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ॥ १०-१८ ॥

श्रीभगवानुवाच ।

हन्त ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठ नास्त्यन्तो विस्तरस्य मे ॥ १०-१९ ॥
अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥ १०-२० ॥
आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥ १०-२१ ॥
वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।
इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥ १०-२२ ॥
रुद्राणां शङ्करश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ॥ १०-२३ ॥
पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम् ।
सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः ॥ १०-२४ ॥
महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।
यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥ १०-२५ ॥
अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।
गन्धर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः ॥ १०-२६ ॥
उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेन्द्राणां नराणां च नराधिपम् ॥ १०-२७ ॥
आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कन्दर्पः सर्पाणामस्मि वासुकिः ॥ १०-२८ ॥
अनन्तश्चास्मि नागानां वरुणो यादसामहम् ।
पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥ १०-२९ ॥
प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ।
मृगाणां च मृगेन्द्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥ १०-३० ॥
पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी ॥ १०-३१ ॥
सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जुन ।
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ॥ १०-३२ ॥

अक्षराणामकारोऽस्मि द्वन्द्वः सामासिकस्य च ।
अहमेवाक्षयः कालो धाताहं विश्वतोमुखः ॥ १०-३३ ॥
मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।
कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥ १०-३४ ॥
बृहत्साम तथा साम्नां गायत्री छन्दसामहम् ।
मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥ १०-३५ ॥
द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम् ॥ १०-३६ ॥
वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनञ्जयः ।
मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः ॥ १०-३७ ॥
दण्डो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ।
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ॥ १०-३८ ॥
यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ।
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥ १०-३९ ॥
नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परन्तप ।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥ १०-४० ॥
यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसम्भवम् ॥ १०-४१ ॥
अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥ १०-४२ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विभूतियोगो नाम दशमोऽध्यायः ॥ १० ॥

અધ્યાય ૧૧મો

અર્જુન

હે નયનપદ્મ મુકુંદ માધવ સહજ સુંદર શ્રીપતિ
હે દેવના અધિદેવ, દીન-હીન-જન-તણી શરણાગતિ
આપે કહી વિસ્તારથી, વિભૂતિતણી જે વારતા
મન મોહ ટળતાં, શમન પામ્યા સંશયો ઉર જે હતા,
સાચું કહું તો નાથ હજીએ એક અભિલાષા મને-
જો શક્ય હો તો દિવ્ય સ્વરૂપે નીરખવા છે આપને. (૧૧-૩)
કરુણાકરે કરુણા કીધી નિજ શિષ્ય મસ્તક કર ધર્યો
કૌંતેયની મન-કામના પરિતોષવા નિર્ણય કર્યો :-
હે સવ્યસાચી, સાંભળો- અવ માર્ગ બધા એક જે,
તવ ચર્મચક્ષુ દિવ્યરૂપનું તેજ ઝીલી ના શકે.
માટે પરંતપ વિશ્વવ્યાપી દિવ્યરૂપને જાણવા
અર્પણ કરું છું દિવ્ય-ચક્ષુ તેજ-રાશિ માણવા.
ને... ને... અહા! આ શું થયું, આ વલય શાના ભૂતલે?!
જાણે પ્રગટીઆ સામટા સો સો સુરજ નભમંડલે.
બ્રહ્મા અને નીલકંઠ રુદ્રો વસુ અદિત્યો સૌ દીઠા
મરુતો અસુર સુર નર મુનિગણ સર્વ સન્મુખ ત્યાં દીઠા,
વિસ્મય અને રોમાંચથી કૌંતેય લાગ્યા કાંપવા.
કર જોડી જગદાધાર હરિને પાર્થ લાગ્યા પ્રાર્થવા :- (૧૧- ૧૦, ૧૧)

ભજન

પ્રેમ પદારથ જે નર પામ્યા, ભક્તિ પથ સંચરિયા,
શ્રદ્ધા કેરી નાવડી નાની, ભવસાગર ને તરિયા.
જે નર ભક્તિપંથ સંચરિયા...

મૈત્રી કરુણા મુદિતા કેરા ભાવ હૃદયમાં ભરીયા
મમતા તોડી, સમતા જોડી, જગ આખામાં ફરીયા.
જે નર ભક્તિપંથ સંચરિયા...

રાગ દ્વેષના રંગ-ભૂંસાયા ઘટમાં ઘાટ ઘડાયા
વૈરાગે આંબલિયા મો'ર્યા[૫૭] શું કરનારી માયા ?
જે નર ભક્તિપંથ સંચરિયા...

જગમાં જેણે ઓપર અરીસે આ જીવનને જોયા
મોહ મમતના ગઢ ભેદાણા, ભવના ફેરા ટળીયા.
જે નર ભક્તિપંથ સંચરિયા...

ભક્તજનોને[૫૮] જગમાં કોઇ નહિ મારા કે પરાયા
રામ રમકડે રમત્યું રમતાં, ફરતાં જગ છતરાય
જે નર ભક્તિપંથ સંચરિયા...

સુખ મળ્યું ને ના છલકાયા, દુઃખમાં ના અકળાયા
માન મળે ના મૂછો મરડી, ગોવિંદના ગુણગાય.
જે નર ભક્તિપંથ સંચરિયા...

સુત-દારા ધન વૈભવ મળીયા મનથી ના અટવાયા,
"આનંદ" એ નર અવનિ કેરા ચાંદ સુરજ કહેવાયા !
જે નર ભક્તિપંથ સંચરિયા...

(અર્જુન)

હે નાથ, હે નિષ્કામ, નિર્ગુણ, નિર્વિષય, નિર્દ્વન્દ્વ હે!
હે અજ અનાદિ અકલ અવિચલ અલખ અનુપમ દેવ હે,

સામે ઉભા તવ રૂપમાં સૌ રૂપ આ જગનાં ભળ્યાં,
બ્રહ્મા મુરારિ ત્રિપુરહારી દેવ ઋષિ ગણ ત્યાં મળ્યાં. (૧૧-૧૫)

મુખ શિશને પદ્મ પાણિ, અગણિત નયન શ્રેણિ અનેક આ,
નહિ આદિ કે નહિ મધ્ય, માધવ[૫૯], અન્ત પણ વરતાય ના. (૧૧-૧૬)

આયુધ સજ્યાં બહુવિધ હરિ, છે ચક્ર સાયક, બાણ છે,
અનલાર્ક જેવી દીપ્તિ ઝળકે, વ્યોમ ઝળહળ થાય છે. (૧૧-૧૭)

---

૫૭. પાઠભેદ - વૈરાગે માંડવડા મો'ર્યા. ૫૮. પાઠભેદ - ૧. વૈષ્ણવજનને, ૨. સંતજનોને. ૫૯. પાઠભેદ - કેશવ.

અક્ષર અને પરબ્રહ્મ છો, ને વિશ્વ આશ્રય આપ છો,
સાચું કહું છું નાથ, શાશ્વત ધર્મગોપ્તા આપ છો. (૧૧-૧૮)

નહિ અંત આદિ નાથ! અતુલિત શૌર્યના સ્વામી તમે,
શશિ સૂર્ય શોભે નેત્રમાં ને હુતાશન મુખમાં રમે (૧૧-૧૯)

ધૌ(દ્યુ)લોક ને નવખંડ પૃથ્વી દશ દિશા તુજ માં ભળી
ત્રણ લોક કમ્પે ભય થકી, વંદન કરે તુજને લળી.(૧૧-૨૦)

ઋષિઓ અને સિદ્ધો બધા સુર અસુર નરનેનાર આ
દ્વય-કર-નિકર પ્રણમી રહ્યા,કલ્યાણ માગી સૌ રહ્યા (૧૧-૨૧)

રુદ્રો અદિત્યો સાધ્ય દેવો વિશ્વદેવોને વસુ
મરુતો અને ગાંધર્વ યક્ષો,દિવ્ય તવ નીરખે વયુ(બધું)
રોમાંચ કારી રૂપઆ નીરખી વ્યથા ઉર થાય છે
ધીરતા અને શૂરવીરતા પ્રભુ આજ ઉડી જાય છે
કૌતુક ભારી નાથ આ ધૃતરાષ્ટ્ર કેરા સુત જે
વળી ભીષ્મને આ દ્રોણ, કર્ણ વિકર્ણ રણ સમુદાય આ જે (૧૧-૨૬)

નદીઓ બધી બહુ વેગથી જ્યમ સમદરે ઠલવાય છે
ત્યમ સમરના સૌ શૂરવીરો[૬૦] તવ મુખ મહીં ઓરાય છે !(૧૧-૨૮)

"વંદન કરું શત વાર કરુણાનાથ સેવક પર કરો
ઉરના હરી સહુ ભાર, સદ્યે વરદ હસ્ત શિરે ધરો"

ભયભીત રોમાંચિત આ શૂરવીરની વાણી સુણી
આરત પ્રીછાણી દિવ્યમુખથી તુરન્ત આ વાણી ભણીઃ-

ભગવાન :-

ત્રણ કાલનો પણ કાલ આજે રુદ્ર રૂપ મેં ધારીયું,

ભાવિ બધા આ રાજવીનું હસ્ત આજે મેં કર્યુ.
તું આ સમરમાં ના લડે, પણ અર્થ સરવાનો નથી,
પંજો પ્રલયનો આજ પડિયો, કોઇ બચવાના નથી. (૧૧-૩૨)

---

૬૦. પાઠભેદ - શૂરવીરો ને સૈનિકો.

માટે પરંતપ! તાપ ત્યજીને સમર પદાર્પણ કરો,
મુજથી હણાયા શત્રુ હણીને વિજય વરમાળા વરો.
ગુરુ દ્રોણને ગાંગેય ને સૌ કૌરવો ને કર્ણ આ
પૂર્વે હણ્યા મેં તે જ હણી, તું આજ માત્ર નિમિત્ત થા ! (૧૧-૩૩, ૩૪)

વ્યોમે વિરાજ્યા ભવ્યમુખથી દિવ્ય વાણી સાંભળી,
ઉરની વ્યથા ઓછી થતાં શાતા શરીર મનને વળી.
નત મસ્તકે, કર બદ્ધ, પાંડવપુત્ર આર્જવતા ભર્યા
ગદગદ સ્વરે પરમેશ સામે વિનીત વાણી ઓચર્યા (૧૧-૩૫)

એ સાર્થ છે કે આપથી હરિ વિશ્વ વિભૂષિત થાય છે
અસુરો બધા અકળાય છે ને હરિ સિદ્ધજન સ્તુતિ ગાય છે, (૧૧-૩૬)

બ્રહ્મા નમે છે આપને, પ્રભુ આપ પુરણ બ્રહ્મ છો.
સત અસતથી પર સહજ-સુંદર પરમ અક્ષર આપ છો.
વાયુ વરુણ પણ આપ છો યમ, અગ્નિ સૂર્ય શશાંક છો
શત કોટિ વંદન નાથ, આપ જ એક વંદન સ્થાન છો. (૧૧-૩૯)

મુજને શરમ બહુ થાય છે, હરિ! આજદિન આ શું કર્યુ?
લેખી સખા સમ આપને અણછાજાતું વર્તન કર્યુ,
હરતા અને ફરતા બધે વાર્તા વિનોદે આપને
યાદવ,સખા,કે કૃષ્ણ -કીધા, શરમ એની છે મને. (૧૧-૪૧)

સ્વામી સકલ સંસારના ઉર અરજ મારી આ ધરો,
હે નાથ, જોડી હાથ વિનવું માફ સેવકને કરો.
જેને કરો હરિ માફ, મારા સ્ખલન શત શત છે ખરે,
પ્રિયતમ પ્રિયાને, પિતૃ સુતને માફ જ્યમ જગમાં કરે. (૧૧-૪૨, ૪૪)

આવા અનોખા રૂપથી રોમાંચ હૃદયે થાય છે, (૧૧-૪૫)

માટે ધરો ફરી સૌમ્ય રૂપને અરજ મારી આજ છે. (૧૧-૪૬)

નીરખી વ્યથિત નિજ શિષ્યને કરુણા ધનંજય પર કરી
વાણી મહીં મૃદુતા ભરી બોલ્યા વચન ત્યાં શ્રી હરિઃ-

હે પાર્થ, હે કૌંતેય, ના લવલેશ ભય ઉરમાં ભરો,
આ ઉગ્ર રૂપને સ્થાને, ફરીને સૌમ્ય રૂપ દર્શન કરો
તું ભાગ્યશાળી છે સખા આ વિશ્વરૂપ દર્શન થકી,(૧૧-૪૭)
સુરનર મુનિવરને સદા ઉર આશ દર્શનની નકી.
ના વેદ કે યજ્ઞો થકી, ના જપ તપે કે દાનથી,
ના ધ્યાનથી, ના જ્ઞાનથી, ના કુશલ કાર્ય કલાપથી. (૧૧-૪૮)
જે રૂપ તેં જોયું સખા, તે કોઇ જોઇ ના શકે.
આ દેવદુર્લભ સ્વરૂપને નજરે નીહાળી ના શકે. (૧૧-૫૭)
નિયમો બધા આ વિશ્વના, અપવાદ એમાં હોય છે
ત્યમ વિશ્વ વ્યાપારો મહીં મુજ ભક્ત પણ અપવાદ છે[૬૧]
સાચું કહું મુજ ભક્તને આ દિવ્ય રૂપ પણ સહેલ છે.
જાણી શકે જોઈ શકે, તત્ત્વે પ્રવેશી એ શકે,
મુજ કાજ જે કર્મો કરે, મન વચનથી મુજને વરે
ભૂત-માત્રનો થઇ મિત્ર, મારા ચરણમાં શરણું ગ્રહે ! (૧૧-૫૫)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

अथैकादशोऽध्याय: ।

(विश्वरूपदर्शनयोग:)

अर्जुन उवाच ।

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥ ११-१ ॥
भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ।
त्वत्तः कमलपत्राक्ष माहात्म्यमपि चाव्ययम् ॥ ११-२ ॥
एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ।
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥ ११-३ ॥
मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ।
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥ ११-४ ॥

---

૬૧. પાઠભેદ - ત્યમ ચરાચર આ વિશ્વમાં અપવાદ મારો ભક્ત છે.

श्रीभगवानुवाच ।

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ॥ ११-५ ॥
पश्यादित्यान्वसून्रुद्रानश्विनौ मरुतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ॥ ११-६ ॥
इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद् द्रष्टुमिच्छसि ॥ ११-७ ॥
न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥ ११-८ ॥

सञ्जय उवाच ।

एवमुक्त्वा ततो राजन्महायोगेश्वरो हरिः ।
दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ॥ ११-९ ॥
अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥ ११-१० ॥
दिव्यमाल्याम्बरधरं दिव्यगन्धानुलेपनम् ।
सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ॥ ११-११ ॥
दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ॥ ११-१२ ॥
तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पाण्डवस्तदा ॥ ११-१३ ॥
ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनञ्जयः ।
प्रणम्य शिरसा देवं कृताञ्जलिरभाषत ॥ ११-१४ ॥

अर्जुन उवाच ।

पश्यामि देवांस्तव देव देहे
सर्वांस्तथा भूतविशेषसङ्घान् ।
ब्रह्माणमीशं कमलासनस्थ-
मृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥ ११-१५ ॥

अनेकबाहूदरवक्त्रनेत्रं
पश्यामि त्वां सर्वतोऽनन्तरूपम् ।
नान्तं न मध्यं न पुनस्तवादिं
पश्यामि विश्वेश्वर विश्वरूप ॥ ११-१६ ॥
किरीटिनं गदिनं चक्रिणं च
तेजोराशिं सर्वतो दीप्तिमन्तम् ।
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समन्ताद्
दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥ ११-१७ ॥
त्वमक्षरं परमं वेदितव्यं
त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता
सनातनस्त्वं पुरुषो मतो मे ॥ ११-१८ ॥
अनादिमध्यान्तमनन्तवीर्य-
मनन्तबाहुं शशिसूर्यनेत्रम् ।
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं
स्वतेजसा विश्वमिदं तपन्तम् ॥ ११-१९ ॥
द्यावापृथिव्योरिदमन्तरं हि
व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।
दृष्ट्वाद्भुतं रूपमुग्रं तवेदं
लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥ ११-२० ॥
अमी हि त्वां सुरसङ्घा विशन्ति
केचिद्भीताः प्राञ्जलयो गृणन्ति ।
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसङ्घाः
स्तुवन्ति त्वां स्तुतिभिः पुष्कलाभिः ॥ ११-२१ ॥
रुद्रादित्या वसवो ये च साध्या
विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ।
गन्धर्वयक्षासुरसिद्धसङ्घा
वीक्षन्ते त्वां विस्मिताश्चैव सर्वे ॥ ११-२२ ॥

रूपं महत्ते बहुवक्त्रनेत्रं
महाबाहो बहुबाहूरुपादम् ।
बहूदरं बहुदंष्ट्राकरालं
दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाहम् ॥ ११-२३ ॥
नभःस्पृशं दीप्तमनेकवर्णं
व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा
धृतिं न विन्दामि शमं च विष्णो ॥ ११-२४ ॥
दंष्ट्राकरालानि च ते मुखानि
दृष्ट्वैव कालानलसन्निभानि ।
दिशो न जाने न लभे च शर्म
प्रसीद देवेश जगन्निवास ॥ ११-२५ ॥
अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः
सर्वे सहैवावनिपालसङ्घैः ।
भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ
सहास्मदीयैरपि योधमुख्यैः ॥ ११-२६ ॥
वक्त्राणि ते त्वरमाणा विशन्ति
दंष्ट्राकरालानि भयानकानि ।
केचिद्विलग्ना दशनान्तरेषु
सन्दृश्यन्ते चूर्णितैरुत्तमाङ्गैः ॥ ११-२७ ॥
यथा नदीनां बहवोऽम्बुवेगाः
समुद्रमेवाभिमुखा द्रवन्ति ।
तथा तवामी नरलोकवीरा
विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ॥ ११-२८ ॥
यथा प्रदीप्तं ज्वलनं पतङ्गा
विशन्ति नाशाय समृद्धवेगाः ।
तथैव नाशाय विशन्ति लोका-
स्तवापि वक्त्राणि समृद्धवेगाः ॥ ११-२९ ॥

लेलिह्यसे ग्रसमानः समन्ताल्-
लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः ।
तेजोभिरापूर्य जगत्समग्रं
भासस्तवोग्राः प्रतपन्ति विष्णो ॥ ११-३० ॥
आख्याहि मे को भवानुग्ररूपो
नमोऽस्तु ते देववर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवन्तमाद्यं
न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥ ११-३१ ॥

श्रीभगवानुवाच ।

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो
लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे
येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥ ११-३२ ॥
तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व
जित्वा शत्रून् भुङ्क्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव
निमित्तमात्रं भव सव्यसाचिन् ॥ ११-३३ ॥
द्रोणं च भीष्मं च जयद्रथं च
कर्णं तथान्यानपि योधवीरान् ।
मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा
युध्यस्व जेतासि रणे सपत्नान् ॥ ११-३४ ॥

सञ्जय उवाच ।

एतच्छ्रुत्वा वचनं केशवस्य
कृताञ्जलिर्वेपमानः किरीटी ।
नमस्कृत्वा भूय एवाह कृष्णं
सगद्गदं भीतभीतः प्रणम्य ॥ ११-३५ ॥

अर्जुन उवाच ।

स्थाने हृषीकेश तव प्रकीर्त्या

जगत्प्रहृष्यत्यनुरज्यते च ।
रक्षांसि भीतानि दिशो द्रवन्ति
सर्वे नमस्यन्ति च सिद्धसङ्घाः ॥ ११-३६ ॥
कस्माच्च ते न नमेरन्महात्मन्
गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ।
अनन्त देवेश जगन्निवास
त्वमक्षरं सदसत्तत्परं यत् ॥ ११-३७ ॥
त्वमादिदेवः पुरुषः पुराण-
स्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्तासि वेद्यं च परं च धाम
त्वया ततं विश्वमनन्तरूप ॥ ११-३८ ॥
वायुर्यमोऽग्निर्वरुणः शशाङ्कः
प्रजापतिस्त्वं प्रपितामहश्च ।
नमो नमस्तेऽस्तु सहस्त्रकृत्वः
पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥ ११-३९ ॥
नमः पुरस्तादथ पृष्ठतस्ते
नमोऽस्तु ते सर्वत एव सर्व ।
अनन्तवीर्यामितविक्रमस्त्वं
सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥ ११-४० ॥
सखेति मत्वा प्रसभं यदुक्तं
हे कृष्ण हे यादव हे सखेति ।
अजानता महिमानं तवेदं
मया प्रमादात्प्रणयेन वापि ॥ ११-४१ ॥
यच्चावहासार्थमसत्कृतोऽसि
विहारशय्यासनभोजनेषु ।
एकोऽथवाप्यच्युत तत्समक्षं
तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ११-४२ ॥
पितासि लोकस्य चराचरस्य
त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।

न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो
लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ॥ ११-४३ ॥
तस्मात्प्रणम्य प्रणिधाय कायं
प्रसादये त्वामहमीशमीड्यम् ।
पितेव पुत्रस्य सखेव सख्युः
प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥ ११-४४ ॥
अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा
भयेन च प्रव्यथितं मनो मे ।
तदेव मे दर्शय देव रूपं
प्रसीद देवेश जगन्निवास ॥ ११-४५ ॥
किरीटिनं गदिनं चक्रहस्तं
इच्छामि त्वां द्रष्टुमहं तथैव ।
तेनैव रूपेण चतुर्भुजेन
सहस्रबाहो भव विश्वमूर्ते ॥ ११-४६ ॥

श्रीभगवानुवाच ।

मया प्रसन्नेन तवार्जुनेदं
रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनन्तमाद्यं
यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥ ११-४७ ॥
न वेदयज्ञाध्ययनैर्न दानै-
र्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके
द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥ ११-४८ ॥
मा ते व्यथा मा च विमूढभावो
दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् ।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं
तदेव मे रूपमिदं प्रपश्य ॥ ११-४९ ॥

सञ्जय उवाच ।

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा
स्वकं रूपं दर्शयामास भूयः ।
आश्वासयामास च भीतमेनं
भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥ ११-५० ॥

अर्जुन उवाच ।

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥ ११-५१ ॥

श्रीभगवानुवाच ।

सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ॥ ११-५२ ॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ ११-५३ ॥
भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥ ११-५४ ॥
मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ॥ ११-५५ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विश्वरूपदर्शनयोगो नामैकादशोऽध्यायः ॥ ११ ॥

અધ્યાય ૧૨મો

માધવ કીધા, કેશવ કીધા, કીધા સખા ને સારથિ,
જાણ્યા પરાત્પર બ્રહ્મને સંશય હવે મનમાં નથી.
નિમીલિત-નયન નત-મસ્તકે કૌંતેય નમીઆ નાથને !
સંશય હૃદયના દૂર કરવા વિનવીયા હૃષીકેશને
જ્ઞાતા તમે છો, જ્ઞાન ને વિજ્ઞાન વેદે જે કહ્યું,
હે દેવ, ટાળો દાસનું અજ્ઞાન મુજ અંતરમાં રહ્યું.
શ્રદ્ધા અને ભક્તિ થકી સાકાર સ્વરૂપે જે ભજે
ને જે નિરાકારે ઉપાસે શ્રેષ્ઠ એમાં કોણ છે? (૧૨-૧)
સુણીને સમસ્યા શિષ્યની ને આ સકલ સંસારની,
કરુણા કરી કમલેશ વદિયા પુનિત વાણી પ્રેમનીઃ-
સાકાર નિરાકાર કે નિર્ગુણ સગુણ સૌ ગૌણ છે
તન્મય અને તદ્રુપતાનો ભાવ મુજને ઇષ્ટ છે. (૧૨-૨)
દૃઢ ને અચલ સાધના કરે ભૂતમાત્રહિત હૃદયે ધરે
સમબુદ્ધિ સંસારે કરે નર એજ સિદ્ધિને વરે (૧૨-૩)
સૌ ઇન્દ્રિયોને પરા કરે સંયમ સદા મનમાં ધરે,
અવ્યક્ત આરાધન થકી પણ વાસ મારામાં કરે.[૬૨](૧૨-૪)
પણ યાદ રાખો આટલું આ વિકટ વસમી વાટ છે
અવ્યક્તની આરાધનાનો દુઃખદ દુર્ગમ ઘાટ છે.(૧૨-૫)
જે જે જનો નિજ કર્મને, મુજ ચરણમાં સાદર કરે
અતિ નમ્રભાવે નિરંતર, મુજ ધ્યાન અંતરમાં ધરે (૧૨-૬)
ચિતને કરી ચાતક, વહાવે વિરહ એ હૃદયે ધરું,
તત્કાલ મારા ભક્તના ભવચક્રનું ભેદન કરું ! (૧૨-૭)
માટે ધનંજય, વાત મારી ઉર ઉતારી રાખશો,
મન બુદ્ધિ મુજને અર્પતા અન્તે ચરણ સુખ[૬૩] પામશો. (૧૨-૮)
ચિતની હજારો વૃત્તિઓનું શમન સુલભ ના બને,
તો ભક્તજન અભ્યાસ યોગે પંથે યોગીજન મળતા મને[૬૪].(૧૨-૯)

૬૩. પાઠભેદ - પરમ સુખ. ૬૪. પાઠભેદ - ૧. અભ્યાસ ને વૈરાગ્યયોગે ભર્તજન મળતાં મને, ૨. અભ્યાસયોગે ભક્તજન ભાવથી ભજતો મને.

અભ્યાસ યોગે ભક્તજન એ ભાવથી ભજતા મને,
અભ્યાસ પણ અઘરો પડે તો કર્મ મુજ કાજે કરો. (૧૨-૧૦)
નિષ્કામ સેવાયજ્ઞ થકી એ પરમ સિદ્ધિને વરો
નિષ્કામ સેવાયજ્ઞ પણ અઘરો જીવનમાં જો ગણો, (૧૨-૧૧)
સહુ કર્મનાં ફલત્યાગનો મુજ મન્ત્ર જીવનમાં વણો.
અભ્યાસથી છે જ્ઞાન ઉત્તમ, જ્ઞાનથી પર ધ્યાન છે
છે ધ્યાનથી ફલત્યાગ ઉત્તમ, ત્યાગ ઉર વિશ્રામ છે[૬૫] (૧૨-૧૨)
ના દ્વેષ કંઈ કો'નો કરે, થઈ મિત્ર જગનો એ ફરે.
મમતા મમતને પરહરે સુખ દુઃખ મનમાં ના ધરે (૧૨-૧૩)
જે કંઈ મળે રાજી રહે, મન બુદ્ધિ મારામાં રમે
નિજ ઈન્દ્રિયોને વશ કરે તે ભક્ત મુજને બહુ ગમે (૧૨-૧૪)
ઉદ્વેગ જગને ના કરે, ઉદ્વેગ મનમાં ના ભરે.
ભય દ્વેષ હર્ષ અમર્ષ ત્યજીને વાસ મારામાં કરે. (૧૨-૧૫)
આશા અપેક્ષા ના ધરે શુચિ સૌમ્ય સ્થિર નિજ આશ્રયે
ધામા ઉધામા ના કરે તે ભક્ત મુજને બહુ ગમે (૧૨-૧૬)
નહિ રંજ કે રંજન જગે, નહિ શોક, નહિ સંતાપ છે
શુભ અશુભ સરખા જેહને તે ભક્ત જગશિરમોર છે.(૧૨-૧૭)
સમદૃષ્ટિ શત્રુ મિત્રમાં અપમાનમાં કે માનમાં સહુ દ્વન્દ્વમાં
શીત ઉષ્ણ ને સુખ દુઃખમાં સમતા ધરે નિજ ઉરમાં (૧૨-૧૮)
નિંદા સ્તુતિથી ના મળે સંતોષ જગમાં જે મળે
ગૃહ દારની મમતા ટળે, મુજ સ્વરૂપમાં અન્તે ભળે.(૧૨-૧૯)
આ ધર્મમય અમૃત વિગતે પાર્થ સમજાવ્યું તને,
શ્રદ્ધા થકી જે આચરે તે ભક્તજન ગમતો મને. (૧૨-૨૦)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

---

૬૫. પાઠભેદ - ત્યાગ શાન્તિ પ્રદેય છે.

अथ द्वादशोऽध्यायः ।

(भक्तियोगः)

अर्जुन उवाच ।

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ १२-१ ॥

श्रीभगवानुवाच ।

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेताः ते मे युक्ततमा मताः ॥ १२-२ ॥
ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यञ्च कूटस्थमचलन्ध्रुवम् ॥ १२-३ ॥
सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥ १२-४ ॥
क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ १२-५ ॥
ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥ १२-६ ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि नचिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥ १२-७ ॥
मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥ १२-८ ॥
अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनञ्जय ॥ १२-९ ॥
अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥ १२-१० ॥
अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ १२-११ ॥

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥ १२-१२ ॥
अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहङ्कारः समदुःखसुखः क्षमी ॥ १२-१३ ॥
सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥ १२-१४ ॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥ १२-१५ ॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥ १२-१६ ॥
यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥ १२-१७ ॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥ १२-१८ ॥
तुल्यनिन्दास्तुतिर्मौनी सन्तुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥ १२-१९ ॥
ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥ १२-२० ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे भक्तियोगो नाम द्वादशोऽध्यायः ॥ १२ ॥

અધ્યાય ૧૩મો

સાકાર નિરાકારની સહુ વાત વિગતે સાંભળી
જલ કમલ દલ સમભક્ત[૬૬] જનની પરખ પાંડવને મળી
અણમોલ અવસર આવીઓ શુભ-લોભ અર્જુનને વસ્યો
ગૂઢ તત્ત્વવિદ્યા જાણવા પરિપ્રશ્ન શ્રીહરિને પૂછ્યોઃ-
હે નાથ, સચરાચર-પતિ માધવ મુરારિ શ્રી હરિ!
મુરલી મનોહર, મદનમોહન, સકલ જગ કલિમલ હારિ
લૌકિક અલૌકિક જ્ઞાન ને વિજ્ઞાન જ્ઞાતા આપ છો,
પ્રજ્ઞાન પૂરણ બ્રહ્મ જ્ઞાન સ્વરૂપ આપ જ એક છો.
આ પ્રકૃતિ ને પુરુષ શું?વળી જ્ઞાન તેમ જ જ્ઞેય શું?
આ ક્ષેત્ર ને ક્ષેત્રજ્ઞ શું?મુજને કહો તવ શિષ્ય છું
વાણી સુણી નરવીર કેરી પલક મલક્યા શ્રીહરિ
સંશય વિપર્યય મુક્ત સરિતા જ્ઞાનની મુખથી સરી
આ પંચ ભૂતમય દેહ એને ક્ષેત્ર સાધુજન કહે
ચેતન અચલ જે દેવ એને ક્ષેત્રી યોગીજન[૬૭] કહે (૧૩-૧)
ક્ષેત્રી અને આ ક્ષેત્ર એને જાણનારો એક છે
પરમાત્મ રૂપ ક્ષેત્રજ્ઞ એનો સકલ જગ મહિમાય છે
શ્રુતિઓ કથે સૂત્રો કથે ઋષિઓ ભજે દેવો નમે
નિષ્કામ નિર્મલ બ્રહ્મ રૂપ જે સકલ જગ એને નમે[૬૮] (૧૩-૪)
તન્માત્ર ને પાંચે ભૂતો મન બુદ્ધિ ચિત્ત અહંકાર ને
દશ ઇન્દ્રિયો વીશ ચાર એ નિયતિ તણો જ પ્રસાર છે[૬૯] (૧૩-૫)
ભાવે ભર્યું આ શ્રેય સાધન ક્ષેત્ર જગ વિખ્યાત છે
પરિણામી વિકારી ગુણી પણ પ્રકૃતિનો ફાલ છે. (૧૩-૬)
વળી વાત વિસ્તારે કહું હે સવ્યસાચી સાંભળો
જ્ઞાનીજનોને આજ પાંડવ શબ્દ સૌરભથી મળો

---

૬૬. પાઠભેદ - અમ નિજ ભક્તજનનો. ૬૭. પાઠભેદ - સાધુજન. ૬૮. પાઠભેદ - ભક્તજનને બહુ ગમે. ૬૯. પાઠભેદ - તણો વિસ્તાર છે.

નહિ માન કે નહિ દંભ આર્જવ ને અહિંસા ઉરભરી
ગુરુભક્તિ ને મન સ્થિરતા નિજ આત્મ સંયમને વરી. (૧૩-૭)
વિષયે વસ્યો વૈરાગ્ય હું-પદ હૃદય પરથી ઓસર્યું
ભવચક્ર,વ્યાધિને જરાનું દોષ દર્શન ઉર વસ્યું. (૧૩-૮)
સુત વિત્ત દારા ગૃહમાં નહિ સંગ કે નહિ રંગ છે
સુખ દુઃખ ઈષ્ટ અનિષ્ટ સહુમાં ચિત્ત એક સમાન છે. (૧૩-૯)
સંસારમાં રહિને કરે મુજ ભક્તિ અવ્યભિચારિણી
રતિ મૌન એકાન્તે કરે ભીડ ભાડમાં અરતિ ઘણી (૧૩-૧૦)
અધ્યાત્મ વિદ્યા ઉર વસે ને તત્ત્વ દર્શનમાં રમે
આ જ્ઞાનગુણ જેમાં વસે તે જ્ઞાનીજન મુજને ગમે (૧૩-૧૧)
સાવધ બનીને સાંભળો સહુ શાસ્ત્ર કેરો સાર આ
સત અસત પર પરમાત્મ કેરા જ્ઞેય રૂપ વિસ્તાર આ (૧૩-૧૨)
ચૌગમ મુખો ને હસ્ત ચહુદિશ શ્રોત્ર-નેત્ર અપાર છે
બ્રહ્માંડને એ આવરે ને દશાંગુલ ઉપરે વસે (૧૩-૧૩)
દસ ઈન્દ્રિયોના ગુણ દીસે પણ ઈન્દ્રિયોથી દૂર વસે
ધાતા ચરાચર વિશ્વનો ગુણભોગી પણ નિર્ગુણ દીસે. (૧૩-૧૪)
આંતર બહિર જગ એ જ છે, ચર અચરમાં પણ એ જ છે
અતિ સૂક્ષ્મ દુર્વિજ્ઞેય છે દૂર ને નજીક પણ એ જ છે. (૧૩-૧૫)
શત કોટિ રૂપ રચતો રહે નિજ રૂપ નિરાકાર છે
ધાતા વિધાતા વિશ્વનો સંહાર કરતા એ જ છે. (૧૩-૧૬)
જ્યોતિ સ્વરૂપ આ સૂર્ય એની જ્યોતનો કણ માત્ર છે
એ જ્ઞાન ધન ને જ્ઞેય છે, જન હૃદય સિંહાસન વસે. (૧૩-૧૭)
જોડું અનાદિ પુરુષ ને આ પ્રકૃતિનું જગ મહીં
ગુણો વિકાસે સર્વ માતા પ્રકૃતિ પ્રસવે અહીં. (૧૩-૧૯)
કર્તૃત્વ કારણ કાર્ય સઘળાં પ્રકૃતિના કર્મ છે
ભક્તિ બને સુખ-દુઃખનો પણ પુરુષનો નહિ ધર્મ એ. (૧૩-૨૦)
અદ્વૈતમાં માયા કીધી સાંખ્યે કીધી જે પ્રકૃતિ
જગદીશની એ શક્તિ જગની એ જ માતા ભગવતી

અદ્વૈતનો ને દ્વૈતનો આ વાદ જગમાં બહુ થતો
પણ સમન્વય ઉર ધારતાં સહુ ભેદ અંતર નો જતો.
શક્તિ ભરી છે બાવડે એ શક્તિ મત કહેવાય છે
ભેગાં જુઓ જુદા જુઓ, પણ અર્થ એક જ થાય છે
ભોગો બધાએ ભોગવે આ પ્રકૃતિસ્થ પુરુષ જે (૧૩-૨૧)
ગતિ ઊર્ધ્વ કે ગતિ નિમ્ન જગમાં ભોગ યોગે થાય છે
સાક્ષી સ્વરૂપ ધાતા વિધાતા સકલ જગદાધાર જે
જીવ સાથ વસતો દેહમાં પુરુષઃ પરઃ કહેવાય છે
અધિયજ્ઞ છે, ક્ષેત્રજ્ઞ છે, ને વેદ પુરુષોત્તમ કહે (૧૩-૨૨)
આ પંચભૂતના દેહમાં જીવ-શિવનું જોડું રહે
બે પંખી સુંદર સાંવરા વટવૃક્ષની ડાળે રમે
ત્યાં એક ફલને ખાય છે, પણ અન્યને ઉપશમ ગમે !
માયા તણા આ રંગમાં કે પ્રકૃતિના સંગમાં
આ અસ્મિતા રૂપ કલેશથી જીવ ભાવ આવે શિવમાં
જીવ જગત ને જગદીશ ને નિજ નિજ સ્વરૂપે ઓળખે (૧૩-૨૪)
એ સંત જન સંસારસાગર પાર ઉતરતો સુખે
જ્ઞાની નીરખતો જ્ઞાનમાં, યોગી સમાધિત[૭૦] ચિત્તમાં.
વળી કર્મયોગી પરખતો નિષ્કામ સેવા યજ્ઞમાં
નિર્ગુણ અનાદિ અવ્યયી પરમાત્મ જગ વિલસી રહ્યો
શરીરે વસ્યો પણ કર્મનો કર્તા કદાપિ ના થયો
જ્યમ સૂક્ષ્મતાના ગુણથી આકાશ લેપાયે નહિ,
ત્યમ દેહમાં વસતે છતે આ દેહી લેપાયે નહિ .
જ્યમ એક સવિતા દેવ સારા વિશ્વને અજવાળતો,
ત્યમ દેહનો આ દેવ સારા દેહને અજવાળતો.(૧૩- ૩૨, ૩૩, ૩૪)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

---

૭૦. અર્થાત્ - સમાધિસ્થ.

अथ त्रयोदशोऽध्यायः ।

(क्षेत्रक्षेत्रज्ञविभागयोगः)

अर्जुन उवाच ।

प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च ।
एतद्वेदितुमिच्छामि ज्ञानं ज्ञेयं च केशव ॥ १३-१ ॥

श्रीभगवानुवाच ।

इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥ १३-२ ॥
क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥ १३-३ ॥
तत्क्षेत्रं यच्च यादृक्च यद्विकारि यतश्च यत् ।
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ॥ १३-४ ॥
ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥ १३-५ ॥
महाभूतान्यहङ्कारो बुद्धिरव्यक्तमेव च ।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥ १३-६ ॥
इच्छा द्वेषः सुखं दुःखं सङ्घातश्चेतना धृतिः ।
एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥ १३-७ ॥
अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥ १३-८ ॥
इन्द्रियार्थेषु वैराग्यमनहङ्कार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ १३-९ ॥
असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥ १३-१० ॥
मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ १३-११ ॥
अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ १३-१२ ॥

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥ १३-१३ ॥
सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १३-१४ ॥
सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥ १३-१५ ॥
बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥ १३-१६ ॥
अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥ १३-१७ ॥
ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम् ॥ १३-१८ ॥
इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥ १३-१९ ॥
प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसम्भवान् ॥ १३-२० ॥
कार्यकरणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥ १३-२१ ॥
पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥ १३-२२ ॥
उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः ॥ १३-२३ ॥
य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ।
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते ॥ १३-२४ ॥
ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना ।
अन्ये साङ्ख्येन योगेन कर्मयोगेन चापरे ॥ १३-२५ ॥
अन्ये त्वेवमजानन्तः श्रुत्वान्येभ्य उपासते ।
तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः ॥ १३-२६ ॥

यावत्सञ्जायते किञ्चित्सत्त्वं स्थावरजङ्गमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ॥ १३-२७ ॥
समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥ १३-२८ ॥
समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥ १३-२९ ॥
प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥ १३-३० ॥
यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म सम्पद्यते तदा ॥ १३-३१ ॥
अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते ॥ १३-३२ ॥
यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥ १३-३३ ॥
यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥ १३-३४ ॥
क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम् ॥ १३-३५ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे क्षेत्रक्षेत्रज्ञविभागयोगो नाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

અધ્યાય ૧૪મો

ભગવાન

પળનો કરી વિશ્રામ શ્રીહરિ આમ આગળ બોલીયા,
નિજ ભક્ત સન્મુખ જ્ઞાનના અનુપમ પટારા ખોલીયાઃ- (૧૪-૧)
આ જ્ઞાનનું પણ જ્ઞાન તારાં સર્વ બંધન તોડશે
એ જન્મના ને મરણના ભવચક્રમાંથી છોડશે (૧૪-૨)
સગુણી મહત્ કે કાર્ય બ્રહ્મો એ જ માયા પ્રકૃતિ
યોનિ સકલ સંસારની ને વિશ્વ ભરની આ કૃતિ (૧૪-૩)
વિધવિધ રૂપે આ વિશ્વમાં સહુ પ્રાણી વિચરતાં દીસે
બીજપ્રદ પિતા હું એક, યોનિ રૂપ નિયતિ એક છે. (૧૪-૪)
આ વિશ્વ કાર્ય-કલાપ સઘળો પ્રકૃતિનો ખેલ છે.
આ સત્ત્વ, રજને તમસનો જગ માંહી દોર-દમામ છે.(૧૪-૫)
ત્યહીં સત્ત્વ નિર્મલ સરલ સુંદર તેજ-પુંજ સમો દિસે
સુખ આપનારો સત્ત્વ છે, જડ કાપનારો સત્ત્વ છે
રાગે રસ્યો રજ રાચતો વિસરામ એને ના ગમે (૧૪-૬, ૭)
નાચે નચાવે વિશ્વને નવરાઇ એને ના ગમે.
અજ્ઞાનમાંથી ઉપજ્યો તમ, મોહ મોરુ મુખ ધરે
નિદ્રા પ્રમાદે આળસે સંસાર સાગરને ભરે (૧૪-૮)
આ સત્ત્વ સુખમાં જોડતો રજ કર્મ પંથે દોરતો
પણ જ્ઞાનને ઢાંકી તમસ્ આળસ પ્રમાદે જોડતો (૧૪-૯)
સહુ ઈન્દ્રિયોમાં તેજ વિલસે જ્ઞાન દીપ પ્રગટે નવો
અન્તઃકરણ નિર્મળ બને તવ સત્ત્વ પ્રગટ્યો જાણવો
બહુ કામના બહુ લોભ ને બહુ કર્મ વૈભવ અવનવો,
પગવાળી પળ બેસે નહીં, તવ રજસ્ પ્રગટ્યો જાણવો.
અજ્ઞાન અંધારું વધે ને નિયત કર્મો થાય ના
આળસ વધે ને મોહ વાધે તમસ્ ના છે ખેલ આ
પ્રાધાન્ય સત્ત્વ તણું હશે તો મૃત્યુ સાર્થક પામશે.
નિર્મળ અને નિષ્પાપ નર એ દેવયોનિ પામશે

રજમાં પ્રલય જે પામશે નર કર્મ યોનિમાં જશે
પણ તમસ્ ના અપરાન્તમાં જન મૂઢયોનિમાં જશે (૧૪-૧૩)
શુભ કાર્યનું ફલ જગતમાં સાત્ત્વિક નિર્મલ જ્ઞાન છે
ફલ રજ તણું છે દુઃખ ને ફલ તમતણું અજ્ઞાન છે(૧૪-૧૪)
ગતિ ઊર્ધ્વ સાત્ત્વિક પામતા શુભ અષ્ટ સર્ગ મહીં જતાં
રાજસ જનો મધ્યે રહે ને સર્ગ માનવ પામતા
તામસ જનોની વાત ન્યારી ક્રુર એનાં કર્મ છે(૧૪-૧૫)
ગતિ નિમ્નને તિર્યગ યોનિ જન એ પંચ સર્ગે જાય છે[૭૧]
જ્યારે ગુણોથી અન્ય કર્તા કોઇ જગમાં ના દિસે.
ત્યારે ગુણોના સ્વામીના શુભ ચરણમાં જઇને વસે.
સુરમ્ય આ સકલ સૃષ્ટિ તણો તું સ્વામી
નામી બધાં રૂપ તણો રચિતા (રચયિતા) અનામી
તારું સમત્વ વિરમે હરિ નિર્ગુણત્વે
તત્ત્વો રચી અવનવાં, વિલસે તું તન્વે
તારી અપાર કરુણા દસ દીશ ભાસે
તારો અપાર મહિમા મન કેમ પામે?
વિશ્વે વસ્યા વિભુ વિષે ભમવું નકામું
ઉરે વસ્યા હરિ તું ને ઉરમાં હું પામું.
આ સંસારે સકલ ગુણનો તું અધિષ્ઠાન ભાસે
વિશ્વાકારો,રૂપ-રૂપ તણા તું સ્વરૂપે વિરાજે
સંકલ્પેથી ભુવન સઘળાં બ્રહ્મમાંથી ઘડે છે
ને કલ્પાન્તે લય સકલ આ બ્રહ્મમાંહી કરે છે
તું કર્તા છે સકલ જગનો, તે છતાં તું અકર્તા,
તું સંહર્તા ચર અચરનો, તોય તું વિશ્વભર્તા.
ના આસક્તિ અહમ નહિ ને ના જરા રાગ દ્વેષ
હે વિશ્વાત્મા, તવ કવનમાં કર્મનો પાશ લેશ !
જ્ઞાની કાજે સકલ જગમાં તુચ્છ ને બાધ્ય ભાસે

---

૭૧. પાઠભેદ - દુર્ગમ પંચ સર્ગે થાય છે.

ભક્તો કાજે કણ કણ જગે તું વસે ને વિલાસે
યોગી તારા અકળ રૂપનું ધ્યાન ઉરે ધરે છે.
ભોગી એની ભવભવ ભૂખી વાસનામાં ઝૂરે છે
માયા તારી અણ કથ કથી આદ્ય અજ્ઞેય રૂપા
સ્વપ્નો કેરા ગઢ મઢ રચે તોય ના કો એક રૂપા
જ્ઞાની એની પરખ કરવા શાસ્ત્ર ગ્રંથો તપાસે
ને એ તારા પરમ પદને ગ્રાહીને નિત્યવાસે
હે દિવ્યાત્મા, સકલ જગનો એક તું છે ઉપાસ્ય
હે જ્ઞાનાત્મા સકલ જગમાં એક તું છે સાક્ષી ભાસ્ય
હે વિશ્વાત્મા, સકલ જગના દુઃખ દારુણ્ય કાપો
હે પુણ્યાત્મા, તવ ચરણમાં દાસને વાસ આપો
દેહે જડ્યા આ ગુણ સઘળા પાર જે નર પામશે
એ જન્મ મૃત્યુ જરા તરીને અમર-પથને પામશે. (૧૪-૨૦)
વાતો સુણીને ગુણની આનંદ અંતરમાં થયો
દીનભાવથી પરિપ્રશ્ન હરિને અર્જુને આજે કર્યોઃ-
આ ત્રણ ગુણોને પાર પામી ગુણાતીત કહેવાય જે
વાણી વિચારે વર્તન હરિ કેમ જગ પરખાય એ? (૧૪-૨૧)
વાણી વિનીત આ સાંભળી મોહન મુખે મલકી રહ્યા
ભ્રમ ભાંગવા નિજ ભક્તનો ભગવાન ફરી ત્યાં બોલીયાઃ-
તેજસ્વિતા કે કાર્ય વૈભવ મોહમય જે સ્થિરતા
વધે ઘટે પણ અંતરે ઉદ્વેગ નહિ કે ઝંખના. (૧૪-૨૨)
ઔદાસ્ય જગ વ્યવહારમાં વૈરાગ્ય ગુણના રંગમાં,
ગુણ ખેલતા ગુણ સંગમાં, ઉપરામ ગુણ વ્યાપારમાં. (૧૪-૨૩)
સુખ-દુઃખમાં છે સ્વસ્થતા કંચન કથીર સહુ એક છે
પ્રિય કે અપ્રિય જગમાં નહિ નિંદા સ્તુતિ સહુ એક છે (૧૪-૨૪)
નહિ માન-અપમાન ને રુચિ, નહિ શત્રુ, સહુનો મિત્ર છે
આરંભ-આસક્તિ નહિ નર ગુણાતીત કહેવાય છે તે. (૧૪-૨૫)
નિર્વ્યાજ નિર્મળ નેહથી જે મુજ શરણમાં આવશે,
ગુણો કરીને પાર પળમાં બ્રહ્મ-પદને પામશે. (૧૪-૨૬)

બ્રહ્માંડનો આધાર ને અમૃત અવ્યય હું જ છું
આધાર શાશ્વત ધર્મનો, સુખનું ઝરણ પણ હું જ છું ! (૧૪-૨૭)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

अथ चतुर्दशोऽध्यायः ।

(गुणत्रयविभागयोगः)

श्रीभगवानुवाच ।

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥ १४-१ ॥
इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥ १४-२ ॥
मम योनिर्महद् ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम् ।
सम्भवः सर्वभूतानां ततो भवति भारत ॥ १४-३ ॥
सर्वयोनिषु कौन्तेय मूर्तयः सम्भवन्ति याः ।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥ १४-४ ॥
सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसम्भवाः ।
निबध्नन्ति महाबाहो देहे देहिनमव्ययम् ॥ १४-५ ॥
तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन चानघ ॥ १४-६ ॥
रजो रागात्मकं विद्धि तृष्णासङ्गसमुद्भवम् ।
तन्निबध्नाति कौन्तेय कर्मसङ्गेन देहिनम् ॥ १४-७ ॥
तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥ १४-८ ॥
सत्त्वं सुखे सञ्जयति रजः कर्मणि भारत ।
ज्ञानमावृत्य तु तमः प्रमादे सञ्जयत्युत ॥ १४-९ ॥
रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ।
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ॥ १४-१० ॥

सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ॥ १४-११ ॥
लोभः प्रवृत्तिरारम्भः कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायन्ते विवृद्धे भरतर्षभ ॥ १४-१२ ॥
अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ॥ १४-१३ ॥
यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदां लोकानमलान्प्रतिपद्यते ॥ १४-१४ ॥
रजसि प्रलयं गत्वा कर्मसङ्गिषु जायते ।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥ १४-१५ ॥
कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम् ।
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ॥ १४-१६ ॥
सत्त्वात्सञ्जायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥ १४-१७ ॥
ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ॥ १४-१८ ॥
नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥ १४-१९ ॥
गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥ १४-२० ॥

अर्जुन उवाच ।

कैर्लिङ्गैस्त्रीन्गुणानेतानतीतो भवति प्रभो ।
किमाचारः कथं चैतांस्त्रीन्गुणानतिवर्तते ॥ १४-२१ ॥

श्रीभगवानुवाच ।

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव ।
न द्वेष्टि सम्प्रवृत्तानि न निवृत्तानि काङ्क्षति ॥ १४-२२ ॥
उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते ।
गुणा वर्तन्त इत्येवं योऽवतिष्ठति नेङ्गते ॥ १४-२३ ॥

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥ १४-२४ ॥
मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥ १४-२५ ॥
मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान्ब्रह्मभूयाय कल्पते ॥ १४-२६ ॥
ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥ १४-२७ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे गुणत्रयविभागयोगो नाम चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

અધ્યાય ૧૫મો

અવકાશમાં છે મૂળ ને સંસાર રૂપ આ પીપળો
નીચે પ્રસારી ડાળ ને શાખા-પ્રશાખા કુંપળો (૧૫-૧)
આદિ–અનાદિ અટલ આ અશ્વસ્થ આકાશે ઝૂમે
મનુ બાળ એનાં ડાળવૃન્દે નિત નવી રમતો રમે
નહિ રૂપ કો' જાણી શકે, નહિ આદિ કે નહિ અન્ત છે
દૃઢમૂલ પાદપ છેદનારું શસ્ત્ર એક "અસંગ" છે (૧૫-૩)
ગન્તવ્ય ઉત્તમ એ જ છે, ભવચક્ર જેમાં ના રહે
પરમાત્મ કેરા પુનિત પદનું શરણ જગમાં જે ગ્રહે (૧૫-૪)
નિર્માન છે, નિર્મોહ છે જીતસંગ છે સ્થિરચિત્ત છે
દ્વન્દ્વો શમ્યા સુખ-દુઃખનાં, તે પરમ પદને પામશે. (૧૫-૫)
શશિ સૂર્ય અગ્નિ સામટા એને પ્રકાશિત ના કરે
મમ ધામ છે એ દિવ્ય, જ્યાં લોકો જઈ કોઈ પાછા ના ફરે (૧૫-૬)
મારો સનાતન અંશ જગમાં જીવ રૂપે અવતરે,
મન ઈન્દ્રિયોના સાથમાં સંસાર ભોગવતો ફરે. (૧૫-૭)
આ દેહમાં જ્યમ એ આવતો કે દેહ છોડીને જતો
નિજ વાસના લઈને ફરે જ્યમ વાયુ વાસ વહી જતો (૧૫-૮)
ચક્ષુ ત્વચાને શ્રોત્ર જીહ્વા, ઘ્રાણ ઈન્દ્રિય પાંચ જે
મનરાજ એના સાથમાં સંસાર સુખને[૭૨] ભોગવે. (૧૫-૯)
ઉપર ઉઠે, કે સ્થિર વસીને જીવ વિષયો માણતો
મતિમૂઢ સમજી ના શકે તત્ત્વજ્ઞ એને જાણતો (૧૫-૧૦)
યોગી જનો નિજહૃદયમાં પરમાત્માને નીરખી શકે
પામરજનો યત્ને છતે નવ કાંઈ ઉર જાણી શકે. (૧૫-૧૧)
રવિરાજ જગ તેજે ભરે, એ તેજ મારું જાણ તું.
વળી તેજ શશિ ને અગ્નિને પણ આપનારો એક હું. (૧૫-૧૨)
પૃથ્વી તણા પડમાં પ્રવેશી પ્રાણીઓ સહુ પોષતો
રસરાજ રજનીનાથ રૂપથી[૭૩] ઔષધો અભિતોષતો. (૧૫-૧૩)

૭૨. પાઠભેદ - ભોગોને.   ૭૩. પાઠભેદ - બનીને.

સહુ પ્રાણીઓના ઉદરમાં હું અગ્નિ વૈશ્વાનર રૂપે
રસ રૂપમાં પાચન કરું, સહુ અન્ન ચાતુર્વિધ રૂપે (૧૫-૧૪)
સહુના હૃદયમાં હું વસ્યો, મુજથી જ સ્મૃતિ ને વિસ્મૃતિ
વેદો તણો રચનાર હું, વેદો કરે મારી સ્તુતિ (૧૫-૧૫)
છે બે પુરુષ પ્રખ્યાત ક્ષર અક્ષર સ્વરૂપે જે રહ્યા
ભૂતમાત્ર ક્ષર ને રૂપ આતમરામને અક્ષર કહ્યા (૧૫-૧૬)
ઉત્તમ પુરુષ તો અન્ય છે, પરમાત્મ રૂપે જે કહ્યો.
અક્ષર અને અવ્યય રૂપે ત્રણલોકમાં વ્યાપી રહ્યો. (૧૫-૧૭)
વળી ક્ષર થકી ઉત્તમ અને અક્ષર થકી પણ શ્રેષ્ઠ જે
પુરુષોત્તમે પ્રખ્યાત મારું સ્વરૂપ વેદ પ્રમાણ છે (૧૫-૧૮)
જે ભક્ત પુરુષોત્તમ રૂપે મુજને ઉપાસે સર્વદા
તે સર્વવિત્તા સુજન મારા ચરણમાં વસતો સદા.(૧૫-૧૯)
આ ગુહ્યમાં અતિ ગુહ્ય એવું જ્ઞાન પાંડવ મેં કહ્યું
કૃતકાર્ય પ્રજ્ઞાવાન બનશો જીવનમાં જો આચર્યું.(૧૫-૨૦)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

अथ पञ्चदशोऽध्यायः ।

(पुरुषोत्तमयोगः)

श्रीभगवानुवाच ।

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥ १५-१ ॥
अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा
गुणप्रवृद्धा विषयप्रवालाः ।
अधश्च मूलान्यनुसन्ततानि
कर्मानुबन्धीनि मनुष्यलोके ॥ १५-२ ॥
न रूपमस्येह तथोपलभ्यते
नान्तो न चादिर्न च सम्प्रतिष्ठा ।

अश्वत्थमेनं सुविरूढमूलं
असङ्गशस्त्रेण दृढेन छित्त्वा ॥ १५-३ ॥
ततः पदं तत्परिमार्गितव्यं
यस्मिन्गता न निवर्तन्ति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये ।
यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥ १५-४ ॥
निर्मानमोहा जितसङ्गदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै-
र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥ १५-५ ॥
न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ १५-६ ॥
ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥ १५-७ ॥
शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥ १५-८ ॥
श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥ १५-९ ॥
उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ॥ १५-१० ॥
यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ॥ १५-११ ॥
यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥ १५-१२ ॥
गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ॥ १५-१३ ॥
अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥ १५-१४ ॥

सर्वस्य चाहं हृदि सन्निविष्टो
मत्तः स्मृतिर्ज्ञानमपोहनञ्च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो
वेदान्तकृद्वेदविदेव चाहम् ॥ १५-१५ ॥
द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥ १५-१६ ॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥ १५-१७ ॥
यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥ १५-१८ ॥
यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥ १५-१९ ॥
इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ ।
एतद्बुद्ध्वा बुद्धिमान्स्यात्कृतकृत्यश्च भारत ॥ १५-२० ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुन संवादे पुरुषोत्तमयोगो नाम पञ्चदशोऽध्यायः ॥ १५ ॥

અધ્યાય ૧૬મો

હે સવ્યચાચી, સાંભળો આ વિશ્વની વરણી વિષે
આ દૈવી ને આસુરી દ્વય સંપદિ જગમાં દિસે
પ્રથમે અભય ને સત્ત્વ શુદ્ધિ જ્ઞાન-યોગે સ્થિરતા
શમ દમ દયા ને દાન ઉર સંતોષ ગુણ ગંભીરતા
આર્જવ અહિંસા અચલતાને સત્યવ્રતમાં પ્રિયતા (૧૬-૧)
નહિ રાગ કે નહિ રોષ ઉર, નહિ દ્રોહ, નહિ લોલુપતા
તેજોવલય ને શૌર્ય છે[૭૪] અભિમાન તો'એ ના કરે
આ દિવ્યગુણ જીવન ભરે તે દૈવી સંપદને વરે. (૧૬-૩)
અભિમાન દારુણ દર્પ ને અતિદંભ દુષ્ટતા ઘણી
અજ્ઞાનને અતિક્રોધ[૭૫] પાંડવ સંપદા આસુર ગણી
એકે મળે અપવર્ગ, દ્વિતીયે નરક[૭૬] કેરી આપદા. (૧૬-૪)
નહિ શોક જરીએ ધાર, તારી દિવ્ય-સંપદા છે સદા
આ દિવ્ય જીવનની બધી મેં વાત વિગતથી કીધી
આસુર જીવનની વાત પણ કૌન્તેય જાણી લે બધી. (૧૬-૬)
પ્રવૃત્તિ નિવૃત્તિ તણો નહિ,મર્મ આસુરો જાણતા
નહિ શૌચ, આચારો નહિ, નહિ સત્યપથપર ચાલતા. (૧૬-૭)
જગમાં નથી જગદીશ, જગતો આપ મેળે નીપજ્યું
કંઈ સાથ કે સહકાર વણ આ ભોગનું વન પાંગર્યું. (૧૬-૮)
બહુ કામ ને બહુ ક્રોધ છે, ક્રૂર કર્મના કરનાર છે
બહુ દર્પ ને બહુ દંભ છે અભિમાન અપરંપાર છે . (૧૬-૧૦)
મતિમંદ માનવ જન્તુઓ મનના મનોરથ બહુ કરે,
નિજ સ્વાર્થ કાજે સકલઆ સંસાર છેતરતા ફરે.(૧૬-૧૧)
ચિંતન ત્યજીને તત્ત્વનું નિજ ચિત્ત ચિંતાથી ભરે
ભોગો મહીં ભટકાય ને ભવ-ની સફર કરતો ફરે.

---

૭૪. છે ધૈર્ય પૂરવા શૌર્ય છે.

૭૫. પાઠભેદ - મનમોહ.

૭૬. પાઠભેદ - પતન.

આશા તણા શત પાશથી બંધાઈ પરવશતા ગ્રહે[૭૭]
ભોગે ભટકવા અવરની અમિરાત ઓળવતો ફરે (૧૬-૧૨)
શત્રુ હણ્યા બે-ચાર, હજીયે અન્ય હણવા શેષ છે.
હું ઈશ ને જગદીશ છું, મારા સમો નહિ કોઇ છે[૭૮]
હું કુલીન ને કુળવાન છું, વક્તા અને વિદ્વાન્ છું. (૧૬-૧૪)
યજ્ઞો કરું, દાનો કરું, મારા સમો જગ એક હું
ચિત્તમાં ભરી બહુ કામના મન મોહના બહુ મેલ છે
વિષયો તણા વમળે ડૂબે અન્તે નરકમાં જાય છે. (૧૬-૧૫)
બહુ કામ છે બહુ ક્રોધ છે બહુ લોભ મદ-મત્સર બહુ
બહુ મોહ ને બહુ દંભ છે, અભિમાન અંતરમાં બહુ
એ ક્રૂર જનને હે ધનંજય, ક્રૂર શિક્ષા હું કરું.
અનગન જનમ એ જીવને હું નરકમાં નાખ્યા કરું. (૧૬-૧૯)
ત્રણ છે નરકના દ્વાર માનવ જીવનના એ જાણવા
આ કામ ને આ ક્રોધ ને આ લોભ એ ત્રણ ત્યાગવા. (૧૬-૨૧)
શાસ્ત્રે કીધું જે ના કરે, મન કામનાને વશ થતો
સિદ્ધિ મળે નહિ જીવનમાં, ના પરમ ગતિને પામતો (૧૬-૨૨)
માટે જીવનને દિવ્ય કરવા સરલતા સમતા ધરો,
વિધિ ને વિધાનો શાસ્ત્રને નિજ જીવનમાં મુખરિત કરો. (૧૬-૨૪)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

अथ षोडशोऽध्यायः ।

(दैवासुरसम्पद्विभागयोगः)

श्रीभगवानुवाच ।

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥ १६-१ ॥

---

૭૭. પાઠભેદ - પરવશ એ ફરતો રહે. ૭૮. પાઠભેદ - જગ કોણ છે ?

अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥ १६-२ ॥
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति सम्पदं दैवीमभिजातस्य भारत ॥ १६-३ ॥
दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ सम्पदमासुरीम् ॥ १६-४ ॥
दैवी सम्पद्विमोक्षाय निबन्धायासुरी मता ।
मा शुचः सम्पदं दैवीमभिजातोऽसि पाण्डव ॥ १६-५ ॥
द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च ।
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु ॥ १६-६ ॥
प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥ १६-७ ॥
असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसम्भूतं किमन्यत्कामहैतुकम् ॥ १६-८ ॥
एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।
प्रभवन्त्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥ १६-९ ॥
काममाश्रित्य दुष्पूरं दम्भमानमदान्विताः ।
मोहाद्गृहीत्वासद्ग्राहान्प्रवर्तन्तेऽशुचिव्रताः ॥ १६-१० ॥
चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥ १६-११ ॥
आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसञ्चयान् ॥ १६-१२ ॥
इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥ १६-१३ ॥
असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी ॥ १६-१४ ॥
आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया ।
यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ॥ १६-१५ ॥

अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥ १६-१६ ॥
आत्मसम्भाविताः स्तब्धा धनमानमदान्विताः ।
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥ १६-१७ ॥
अहङ्कारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ।
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥ १६-१८ ॥
तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥ १६-१९ ॥
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम् ॥ १६-२० ॥
त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥ १६-२१ ॥
एतैर्विमुक्तः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥ १६-२२ ॥
यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥ १६-२३ ॥
तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥ १६-२४ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे दैवासुरसम्पद्विभागयोगो नाम षोडशोऽध्यायः ॥ १६ ॥

અધ્યાય ૧૭મો

દૈવી અસુર દ્વય સંપદાને વિગતથી જાણી લીધી,
નરપુંગવે હૃષીકેશની વાણી બધી માણી લીધી.
ત્યાં કુન્તી કેરા પુત્રને સંશય જરા મનમાં થયો,
બહુ નેહ ને બહુ નમ્રતાથી તરત કેશવને કહ્યોઃ-

શાસ્ત્રો નથી જે જાણતો પણ યજન શ્રદ્ધાથી કરે
સત રજ તમસની શ્રેણીમાં નિષ્ઠા પ્રભુ કેવી ઠરે?(૧૭-૧)
તાર્કિક વાણીને સુણી મધુસૂદન મનમાં ડોલીયા
સંશય સકલને છેદવા મુરલીમનોહર બોલીયા
ત્રણ જાતના ગુણને કહ્યાઃ ત્રણ ગુણ જીવન આરસી
ત્રણ જાતની શ્રદ્ધા કીધી જગ સત્ત્વ રાજસ તામસી (૧૭-૨)
પ્રાધાન્યતા જે ગુણની તે રૂપ શ્રદ્ધા થાય છે
શ્રદ્ધા સમો આ પુરુષ છે, શ્રદ્ધા જીવનનું સત્ત્વ છે. (૧૭-૩)
દેવો પૂજે છે સાત્ત્વિકોને યક્ષ કિન્નર રાજસી
ગુણો તણા ગુલામ થઈ ભૂત પ્રેત પૂજે આ તામસી. (૧૭-૪)
તપ છે જીવનની સાધના, પણ ઉગ્ર તપ તો વર્જ્ય છે
બહુ કામ ને દંભે બલે તપ થાય તે તો વ્યર્થ છે, (૧૭-૫)
બહુ ઉગ્ર તપથી શરીરના આ પંચભૂત શોષાય છે.
જીવમાં વસ્યો હું શિવ, મારું મન સહજ મુંજાય છે. (૧૭-૬)
ત્રણ રૂપનો આહાર ને ત્રણ યજ્ઞ તપ ને દાન છે
જે વિવિધતા જગમાં વસે, ત્રણ ગુણનો વિસ્તાર છે. (૧૭-૭)
આયુ વધે આમય ઘટે ને હૃદય હર્ષાન્વિત રહે
રસ સ્નિગ્ધતા ને મધુરતા આહાર સાત્ત્વિક એ કહે (૧૭-૮)
ખાટા તીખા ખારા તુરા ને જીભને લોભાવતા
આહાર ઉદરને નડે રાજસ જનોને ભાવતા. (૧૭-૯)
એઠું જુઠું વાસી અને રસહીન ભોજન હોય જે
નહિ સ્વાદ, નહિ સ્વચ્છતા, તામસ જનોને પ્રિય છે[૭૯]. (૧૭-૧૦)

---

૭૯. પાઠભેદ - જનો એ ખાય છે.

ફલની ન આશા જે ધરે વિધિ શાસ્ત્રની જે આચરે
કર્તવ્ય માનીને કરે તે યજ્ઞ સાત્ત્વિક આદરે (૧૭-૧૧)
ફલની અપેક્ષા તીવ્ર છે, ને દંભ ડોળ અનેક છે
હે ભરત કુલવિખ્યાત! એવા યજ્ઞ રાજસ હોય છે. (૧૭-૧૨)
વિધિ નહિ કે મંત્ર નહિ, દક્ષિણા કે દાન નહિ,
શ્રદ્ધા ન જેને હ્રદયમાં તે તામસીનો યજ્ઞ છે. (૧૭-૧૩)
બહુ તીવ્ર તપ કે ઉગ્ર સાધના ધર્મને નહિ માન્ય છે
સમતોલ જપ તપ દાન ચેષ્ટા શાસ્ત્રને સન્માન્ય છે.
દ્વિજ દેવ ગુરુને પ્રાજ્ઞનું સન્માન સેવા સરલતા
સંયમ અહિંસા આચરે તે શારીરિક તમ સાધતા. (૧૭-૧૪)
પ્રિયકારી ને હિતકારી, પણ જે સત્ય વાણી બોલતા,
સ્વાધ્યાય ને અભ્યાસ રત તે વાણીનું તપ સાધતા.
મનની મઝાતે સૌમ્યતા, મન મૌન, ઈન્દ્રિય સ્થિરતા. (૧૭-૧૫)
ભાવો હ્રદયના શુદ્ધ ને તેમ માનસિક પ્રમાણતા
શ્રદ્ધા થકી ત્રણ તપ તપે જે સુજ્ઞ નર સંસારમાં, (૧૭-૧૬)
ફલની અપેક્ષા ના ધરે તે તપ જ સાત્ત્વિક માનવાં.
સત્કાર પૂજા માન માટે દંભથી તપ જે કરે. (૧૭-૧૭)
એ છે બધા રાજસ તપો, છે ચલિતને અધ્રુવ છે
મૂઢ આગ્રહોથી જે કરે મન વાણીને ય દુભાવતા, (૧૭-૧૮)
પરપીડનમાં જે રાચતા તે તામસી તપ તાપતા.
દેવે દીધું છે દાન કરવાં એમ મનમાં માનવું, (૧૭-૧૯)
સ્થળ કાળને સત્પાત્ર કેરું દાન સાત્ત્વિક જાણવું,
ઉપકાર વશ જે આપવું, ‘‘ફલ ત્વરિત મળશે’’ માનવું, (૧૭-૨૦)
મન મારીને જે આપવું, તે દાન રાજસ જાણવું. (૧૭-૨૧)
સ્થલ કાલને ના જાણવા,સત્પાત્રને ના પરખવું, (૧૭-૨૨)
સત્કાર વિણ જે આપવું તે દાન તામસ જાણવું.
બ્રહ્માંડના વિસ્તાર કેરું ‘‘ૐ તત્ સત્’’ નામ છે,
ભૂદેવ વેદો યજ્ઞ સઘળા શબ્દબ્રહ્મ સ્વરૂપ છે. (૧૭-૨૩)

શ્રદ્ધા નથી તો જાણવું જપ તપ તીરથ સહુ વ્યર્થ છે
ઇહ લોક કે પરલોકમાં નહિ કાંઇ તેનો અર્થ છે. (૧૭-૨૮)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

अथ सप्तदशोऽध्यायः ।

(श्रद्धात्रयविभागयोगः)

अर्जुन उवाच ।

ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्विताः ।
तेषां निष्ठा तु का कृष्ण सत्त्वमाहो रजस्तमः ॥ १७-१ ॥

श्रीभगवानुवाच ।

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां शृणु ॥ १७-२ ॥
सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥ १७-३ ॥
यजन्ते सात्त्विका देवान्यक्षरक्षांसि राजसाः ।
प्रेतान्भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः ॥ १७-४ ॥
अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः ।
दम्भाहङ्कारसंयुक्ताः कामरागबलान्विताः ॥ १७-५ ॥
कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।
मां चैवान्तःशरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान् ॥ १७-६ ॥
आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥ १७-७ ॥
आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥ १७-८ ॥
कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥ १७-९ ॥
यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥ १७-१० ॥

अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ॥ १७-११ ॥
अभिसन्धाय तु फलं दम्भार्थमपि चैव यत् ।
इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ॥ १७-१२ ॥
विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥ १७-१३ ॥
देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥ १७-१४ ॥
अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ १७-१५ ॥
मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ १७-१६ ॥
श्रद्धया परया तप्तं तपस्तत् त्रिरविधं नरैः ।
अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥ १७-१७ ॥
सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥ १७-१८ ॥
मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥ १७-१९ ॥
दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥ १७-२० ॥
यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥ १७-२१ ॥
अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥ १७-२२ ॥
ॐतत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥ १७-२३ ॥
तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ।
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥ १७-२४ ॥

तदित्यनभिसन्धाय फलं यज्ञतपःक्रियाः ।
दानक्रियाश्च विविधाः क्रियन्ते मोक्षकाङ्क्षिभिः ॥ १७-२५ ॥
सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ॥ १७-२६ ॥
यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥ १७-२७ ॥
अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥ १७-२८ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सुब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रद्धात्रयविभागयोगो नाम सप्तदशोऽध्यायः ॥ १७ ॥

અધ્યાય ૧૮મો

હે નાથ મારા મન મહીં સંદેહ વ્યાપીને રહ્યો,
સંન્યાસનો ને ત્યાગનો, હરિ ! ભેદ વિસ્તારે કહો.
પરિપ્રશ્ન પાંડવપુત્રનો સુણીને હરિ મન હરખાયા,
નિજ શિષ્યને સંતોષતા હરિ દિવ્ય વાણી બોલ્યા :-
વસ્તુ અને વ્યક્તિ તણો જે ત્યાગ સંન્યાસે કહ્યો, (૧૮-૧)
પણ કામ્ય કર્મોના સદંતર ત્યાગને સાચો કહ્યો.
કૌપિન ને કરદંડ તે સંન્યાસ જગ વખણાય છે, (૧૮-૨)
પણ કર્મફળના ત્યાગથી સંન્યાસ સાચો થાય છે.
સહુ કર્મ બંધન માત્ર છે, સહુ કર્મ જગમાં વ્યર્થ છે,
પણ યજ્ઞ તપ ને દાન કર્મો પ્રાજ્ઞજનને માન્ય છે.
આ યજ્ઞ તપ ને દાનને સુર નર મુનિવર આચરે. (૧૮-૩)
આ યજ્ઞ તપ ને દાન કર્મો જન જીવન પાવન કરે
નિર્ભય સુણો હે ભરતભૂષણ[૮૦] સરલ મુજથી ત્યાગનો
ત્રણ ગુણના ત્રણ ભેદથી આ ત્યાગ છે ત્રણ રૂપનો. (૧૮-૪)
નિયત કીધા જે કર્મ માનવ જીવનનાં જે અવગણે
મોહે કરે જે ત્યાગ તેને સુજ્ઞજન તામસ ગણે. (૧૮-૭)
દુઃખ રૂપ છે સહુ કર્મ કાયાકલેષ થી દૂર ભાગતા
રાજસ કરીને ત્યાગ તે નહિ ત્યાગનું ફલ ચાખતા. (૧૮-૮)
આ જ્ઞાન ને આ જ્ઞેય જ્ઞાતા ત્રિવિધ કર્મ પ્રયોજકો
આ કાર્ય કર્તા કરણ સઘળાં કર્મ કેરાં સંગ્રહો[૮૧]
કર્તવ્ય કર્મો ને કરે જે નિયત્ કીધા શાસ્ત્રમાં,
ત્યજી સંગ આસક્તિ બધી એ ત્યાગ સાત્ત્વિક સર્વમાં. (૧૮-૯)
નહિ રાગ કુશલ કર્મનો, નહિ રંજ અકુશલ કર્મનો,
આ ત્યાગ સાત્ત્વિક પ્રાજ્ઞજનનો સકલ જગમાં કામનો. (૧૮-૧૦)

---

૮૦. અર્થાત્ - ભરતવંશમાં જન્મેલા અર્જુનને તે વંશના આભૂષણ કહ્યા છે. અહીં પાઠભેદ - સેવ્યસાચી, જે ડાબે-જમણે બન્ને હાથે બાણ ફેંકી શકે તે. ૮૧. પાઠભેદ - યોજકો.

આ દેહધારીથી નહિ સહુ કર્મ અળગાં થાય છે,
પણ કર્મ ફલના ત્યાગથી સહુ કર્મ બંધન જાય છે, (૧૮-૧૧)
ફલ કર્મનાં ત્રણ રૂપ છે, જે મિષ્ટ મિશ્ર અનિષ્ટ છે.
સંસારીના સુખ દુઃખ તે સંન્યાસીને મન શૂન્ય છે. (૧૮-૧૨)
સહુ કર્મ-સિદ્ધિ કાજ જગમાં પંચ કારણ સિદ્ધ છે,
કૃત યુગમાં કૃત-અંત કાજે સાંખ્ય શાસ્ત્ર પ્રસિદ્ધ છે. (૧૮-૧૩)
સ્થળ કાળ ને કર્તા મળે ત્રણ કરણનો સાથ છે
વિધ વિધ ક્રિયા કર્મે ભળે ને દૈવ પંચમ ભાગ છે (૧૮-૧૪)
મન વાણી ને કાયા થકી શુભ-અશુભ કર્મો થાય જે
કર્મો તણા આરંભમાં આ વિદિત હેતુ પાંચ છે. (૧૮-૧૫)
મનમાં જેને અહંકૃત ભાવના કે રાગ આસક્તિ નથી
હણાતે છતે આ જગત ને, નિષ્પાપ લેપાતો નથી. (૧૮-૧૭)
જ્ઞાન ને જ્ઞેય ને જ્ઞાતા ત્રિધૈવ કર્મ પ્રેરકો
કર્તા ને કર્મ ને કરણો ત્રિધૈવ કર્મસંગ્રહો. (૧૮-૧૮)
જ્ઞાન ને કર્મ ને કર્તા ત્રિવિધા શાસ્ત્ર સંમત
સાંખ્ય શાસ્ત્રે પ્રબોધ્યા જે તેવો છે ધર્મનો મત. (૧૮-૧૯)
આ વિશ્વના સહુ પ્રાણીમાં જે તત્ત્વ અવ્યય એક છે
માનવ પશુ કે પંખીમાં તે જ્ઞાન સાત્ત્વિક રૂપ છે. (૧૮-૨૦)
વિધવિધ જીવોમાં વિવિધ ભાવો વિવિધ તત્ત્વો માનવાં
તે જ્ઞાન રાજસ જાણવું જે રૂપ ધરે છે અવનવાં. (૧૮-૨૧)
જે કર્મ રૂપ આ દેહને સર્વસ્વ માનીને રહે
તે તત્ત્વહીન ને અલ્પગામી જ્ઞાનને તામસ કહે. (૧૮-૨૨)
જે નિયત ને કર્તવ્ય છે જે રાગ દ્વેષ વિહીન છે
જેમાં ફલાસક્તિ નથી તે કર્મ સાત્ત્વિક થાય છે. (૧૮-૨૩)
તનતોડીને જે થાય છે, મનમાં અહંકૃત ભાવ છે,
ફલ-કામના છે ચિત્તમાં, તે કર્મ રાજસ હોય છે. (૧૮-૨૪)
પરિણામની પરવા નહિ, નિજ શક્તિનો નહિ ક્યાસ જ્યાં,
હિંસક છતાં મન મોહ કાજે કર્મ તામસ થાય ત્યાં. (૧૮-૨૫)

જે મુક્ત સંગી વિનમ્ર છે ઉત્સાહથી જે થનગને
સિદ્ધિ અસિદ્ધિ ગૌણ જ્યાં સાત્ત્વિક કર્તા તે બને (૧૮-૨૬)
રાગી પિપાસુ ફલતણો,લોભી કદિક હિંસક બને
કદિ હર્ષને કદિ શોક ઉર તે રાજસી કર્તા બને. (૧૮-૨૭)
અણઘડ અધમ ને આળસુ અનિવાર્ય વારી ને રહે,(૧૮-૨૮)
શઠ છદ્મ ગામી હોય તેને તામસી કર્તા કહે.
આ બુદ્ધિ ને આ ધૃતિ ને આ સુખના ત્રણ ભેદ છે
ત્રણ ગુણના ત્રણ ભેદથી આ ત્રિવિધ કાર્ય-વિભાગ છે.(૧૮-૨૯)
પ્રવૃત્તિ ને નિવૃત્તિમાં કે કર્મ ધર્મ અકર્મ વિભાગ છે.(૧૮-૩૦)
વળી બંધનો ને મોક્ષનો વિવેક સાત્ત્વિક બુદ્ધિમાં.
જ્યારે ન ધર્મ અધર્મ કર્મ અકર્મ સમજાએ નહિ
સુઝ બુઝ યથાતથ ના રહે તે રાજસી બુદ્ધિ કહી. (૧૮-૩૧)
પણ જે અધર્મે ધર્મ માને, મૂઢ મનનો માનવી,
અર્થે અનર્થો જે કરે તે બુદ્ધિ તામસ માનવી. (૧૮-૩૫)

(૩૬ થી ૬૦ અપ્રાપ્ય)

ઈશ્વર વિરાજે જગતના સૌ પ્રાણીઓના હ્રદયમાં
કઠપુતળી નામે ભલે પણ દોર એના હાથમાં (૧૮-૬૧)
આ ગુહ્યમાં પણ ગુહ્ય કીધું (દીધું) જ્ઞાન વિચારો તમે
મંથન કરો પણ અંતમાં ધાર્યું કરો મનનું તમે (૧૮-૬૩)
ધર્મો બધા આ જગતના છોડી શરણ મુજ આવતું
સહુ તાપ ને પાપો થકી નિશ્ચય ઉગારીશ તાત. (૧૮-૬૬)
જ્યાં કૃષ્ણ યોગેશ્વર અને જ્યાં ધનુર્ધારી પાર્થ છે
ત્યાં વિજય ને વૈભવ બધો ત્યાં સત્યધર્મ સદાય છે. (૧૮-૭૮)

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

अथाष्टादशोऽध्यायः ।

(मोक्षसंन्यासयोगः)

अर्जुन उवाच ।

संन्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुम् ।
त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥ १८-१ ॥

श्रीभगवानुवाच ।

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥ १८-२ ॥
त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।
यज्ञदानतपःकर्म न त्याज्यमिति चापरे ॥ १८-३ ॥
निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ।
त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः सम्प्रकीर्तितः ॥ १८-४ ॥
यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥ १८-५ ॥
एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥ १८-६ ॥
नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥ १८-७ ॥
दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ॥ १८-८ ॥
कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ।
सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः ॥ १८-९ ॥
न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ।
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥ १८-१० ॥
न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥ १८-११ ॥
अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।
भवत्यत्यागिनां प्रेत्य न तु संन्यासिनां क्वचित् ॥ १८-१२ ॥

पञ्चैतानि महाबाहो कारणानि निबोध मे ।
साङ्ख्ये कृतान्ते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥ १८-१३ ॥
अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥ १८-१४ ॥
शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीतं वा पञ्चैते तस्य हेतवः ॥ १८-१५ ॥
तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥ १८-१६ ॥
यस्य नाहङ्कृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वाऽपि स इमाँल्लोकान्न हन्ति न निबध्यते ॥ १८-१७ ॥
ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसङ्ग्रहः ॥ १८-१८ ॥
ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ।
प्रोच्यते गुणसङ्ख्याने यथावच्छृणु तान्यपि ॥ १८-१९ ॥
सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥ १८-२० ॥
पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान्पृथग्विधान् ।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥ १८-२१ ॥
यत्तु कृत्स्नवदेकस्मिन्कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥ १८-२२ ॥
नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥ १८-२३ ॥
यत्तु कामेप्सुना कर्म साहङ्कारेण वा पुनः ।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ॥ १८-२४ ॥
अनुबन्धं क्षयं हिंसामनपेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म यत्तत्तामसमुच्यते ॥ १८-२५ ॥
मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते ॥ १८-२६ ॥

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ॥ १८-२७ ॥
अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ॥ १८-२८ ॥
बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनञ्जय ॥ १८-२९ ॥
प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ॥ १८-३० ॥
यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ॥ १८-३१ ॥
अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥ १८-३२ ॥
धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ॥ १८-३३ ॥
यया तु धर्मकामार्थान्धृत्या धारयतेऽर्जुन ।
प्रसङ्गेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ राजसी ॥ १८-३४ ॥
यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुञ्चति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ॥ १८-३५ ॥
सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।
अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति ॥ १८-३६ ॥
यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥ १८-३७ ॥
विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥ १८-३८ ॥
यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥ १८-३९ ॥
न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात् त्रिभिर्गुणैः ॥ १८-४० ॥

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परन्तप ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥ १८-४१ ॥
शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥ १८-४२ ॥
शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥ १८-४३ ॥
कृषिगौरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥ १८-४४ ॥
स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु ॥ १८-४५ ॥
यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥ १८-४६ ॥
श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ १८-४७ ॥
सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत् ।
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥ १८-४८ ॥
असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥ १८-४९ ॥
सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।
समासेनैव कौन्तेय निष्ठा ज्ञानस्य या परा ॥ १८-५० ॥
बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥ १८-५१ ॥
विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥ १८-५२ ॥
अहङ्कारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥ १८-५३ ॥
ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ १८-५४ ॥

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥ १८-५५ ॥
सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥ १८-५६ ॥
चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥ १८-५७ ॥
मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहङ्कारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ॥ १८-५८ ॥
यदहङ्कारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥ १८-५९ ॥
स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ॥ १८-६० ॥
ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥ १८-६१ ॥
तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥ १८-६२ ॥
इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥ १८-६३ ॥
सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥ १८-६४ ॥
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥ १८-६५ ॥
सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ १८-६६ ॥
इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥ १८-६७ ॥
य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ॥ १८-६८ ॥

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥ १८-६९ ॥
अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥ १८-७० ॥
श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।
सोऽपि मुक्तः शुभाँल्लोकान्प्राप्नुयात्पुण्यकर्मणाम् ॥ १८-७१ ॥
कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।
कच्चिदज्ञानसम्मोहः प्रनष्टस्ते धनञ्जय ॥ १८-७२ ॥

अर्जुन उवाच ।

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥ १८-७३ ॥

सञ्जय उवाच ।

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥ १८-७४ ॥
व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ।
योगं योगेश्वरात्कृष्णात्साक्षात्कथयतः स्वयम् ॥ १८-७५ ॥
राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥ १८-७६ ॥
तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।
विस्मयो मे महान् राजन्हृष्यामि च पुनः पुनः ॥ १८-७७ ॥
यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥ १८-७८ ॥

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे मोक्षसंन्यासयोगो नाम अष्टादशोऽध्यायः ॥ १८ ॥

ગીતા + ભજન

ડૉ. કે. આઈ. શાહ

(૧) પ્રાર્થના-૧
(૨) પ્રાર્થના-૨
(૩) પ્રાર્થના-૩
(૪) અર્જુનવિષાદ
(૫) પ્રતિ વિષાદયોગ
(૬) ભક્તિયોગ
(૭) દૈવીસંપત્તિ
(૮) ગુણાતીત
(૯) અલખ ઉપાસના ગીત
(૧૦) રે મનવા આટલું અંતર ધરજે
(૧૧) જ્ઞાની-પગ મને ધોવા દિયોને
(૧૨) ભજન-૧
(૧૩) ભજન-૨
(૧૪) ભજન-૩
(૧૫) ભજન-૪
(૧૬) ભજન-૫
(૧૭) ભજન-૬
(૧૮) આરતી
(૧૯) મુક્તક

શ્રી ૧।
॥ શ્રી ગણેશાય નમઃ ॥
॥ શ્રી શારદાયૈ નમઃ ॥

"ના વિદ્વતા, વિશદતા, રસ લબ્ધિ કાંઈ
ને કાવ્ય કુંજ, કલ કુંજન શક્તિ નાહી
છે ભાન હે પ્રિયજનો મુજ અલ્પતાનું
"સ્વાંતઃ-સુખાય" સ્વર ગુંજન આ કરૂં હું"

(૧) પ્રાર્થના—૧

(રાગ-ઓધવજી સંદેશો કેજો)

વાલા મારા નંદકુંવર જગ સાર ઓ
સ્મરણ તમારૂં મરણ સમે મુજને થજો
ઘટ ઘટ મારો પળ પળ તવ ગુણ ગુંજજો
ચક્ષુ રે મારાં સ્વરૂપ મહીં લીન થઈ જજો ॥૧॥

પંથ ભૂલ્યો ભવ સાગર ડૂલ્યો નાથ હું
પાપ પુંજનો પુદ્દગલ તવ શરણું લહું
પાપ વિમોચક પાતર કાતર નાથ તું
તાર માર પણ શરણ હવે ના છોડવું ॥૨॥

કામ ક્રોધ મદ મત્સર ઉરમાં ઉભરે
લોભ મોહના ધામા અંતરમાં હરે!
ના અધિકાર છતાં તરવા ઉર આશ છે
લોહ બને કંચન જો પારસ સ્પર્શશે ॥૩॥

ધાન્ય ધરા ધન વૈભવ શોભે બારણે
અક્ષય યશ આવીને ઉભે આંગણે

યજ્ઞ-દાન શાં યશ-કર્મો મુજથી બને
આશ નહિ અંતરમાં જગજીવન હવે ॥૪॥

આશ આટલી નાથ હૃદયનો કોડ આ
પ્રાણી માત્રને મળજો સુખ સદ્દ્ભાવના
પાપ તાપના બોજ જગતના હોય જે
ફળજો રે મારે જીવન કવન યાચું હરે ॥૫॥

વાસ હશે તુજ કો મંદિર કો મોલ વા
પુન્ય ઝરણ સુર-સરી,કો હિમ-શૃંગે ’થવા
પુનિત પાદના દર્શને સ્પર્શ ન માણવા
નયનનાં અમી ખોયાંરે તુજને ઢુંઢવા ॥૬॥

જ્યારે જીવન દીપ જ્યોતિ ઝાંખી બની
આશ મિલનની નાથ હૃદયથી ઓસરી
ત્યારે અંતર આસનથી તું ઓચર્યો
મૂર્ખ મને ક્યાં શોધે જો આ હું રહ્યો ! ॥૭॥

આવી ઊભો તું ભેદી ઉરની ઘટા
કોટિ-કોટિ સુરજ પ્રગટ્યા સામટા
પુન્ય-પ્રભાએ ઉર ઉજળ્યા મુજ રંકના
પ્રેમ ધરી તેં ‘આનંદ’ લીધો અંકમાં ॥૮॥

(૨) પ્રાર્થના—૨

શ્યામ-સુંદીર તારે શરણે રે આવ્યો
દ્વાર ધ્યાનું તારું બીડજે ના
આશ ધરીને તારે આંગણે રે આવ્યો
તારણહાર તરછોડજે ના
મારે ના માંગવી મોલ મોલાત તારી
જર જવેરાત મારે જોઇ ના
માંગવી મારે નામની નૌકા
નારાયણ ના પાડજે ના
આપનારો તું એક છે જગમાં
માગનારા તારે હોય ઝાઝા
રાય રણછોડ મારું રણ છોડાવજે
છેડે ઉભેલાને ટાળજે ના
મોહ મદિરાની મોજ બહુમાણી
હરિનો રસ એણે ચાખ્યો ના
મન મર્કટ મારું માંડ મનાવ્યું મેં તો
ઝાઝું હવે ટટળાવજે ના
શરણે આવેલાને ચરણે તું રાખતો
ગાયું ગીતાનું વિસારજે ના
શંખ બનીને હું તો રાવ કરું છું વાલા
રણમાં હવે રજળાવજે ના
રોમે રોમ મારે રામ રટાવજે
મનડું માયામાં મોહાવજે ના
અંત ઘડીની મારી આરત સુણજે

(૩) પ્રાર્થના—૩

(રાગ-હરિને ભજતાં હજી કોઈની લાજ)

હરિ મારી આટલી અરજ લ્યોને ઉર.
શરણ માહીં રાખો રે
મેં તો મુરખ બનીને માનવ દેહ
ગુમાવ્યો છે આખો રે
હું તો લખ રે ચોરાસી માંહી
ભવોભવ ભટક્યો રે
મીઠો લાગ્યો માયાનો આ માર
થાકીને હવે અટક્યો રે
પ્રભુ.....

કોઈનો પુત્ર બનીને પહેલી વાર
પારણિએ પધાર્યો રે
કોઈનો પિતા બનીને પરિવાર
પ્રભુજી પ્રસાર્યો રે
પ્રભુ......

નથી દીધા અતિથિને માન
રેવાને રાત વાસો રે
નથી દીધા ભૂખ્યાને મેં અન્ન
દુઃખીને દિલાસો રે
પ્રભુ......

કોટી કોટી કીધા મેં તો પાપ
તારો કે હરિ મારો રે
મારા અંતરના પરિતાપ
નેહેથી નીવારો રે
પ્રભુ....

તું છે પિતા, પતિ ને પરિવાર
અવર મારે નાહીં રે
દેજે "આનંદ" ને વિસરામ
ચરણ રજ માંહી રે
પ્રભુ.....

(૪) અર્જુન વિષાદ યોગ (ભજન)

કેમ કરીને એને મારુ કેશવ
શસ્ત્રો કેમ ઉપાડું
સામા ઊભા આ મારાં સગા સહોદર
એને કેમ કરીને સંહારૂ
રે કેશવ કેમ કરીને.....

ધુળીએ ઢીંચણ ખોળો ખૂંદ્યોને
જેનું મબલખ લાડ મેં'તો માણ્યું
કેમ કરીને દાદા ભીષ્મની સામે હું
ગાંડીવ-બાણ ચડાવું રે
રે કેશવ કેમ કરીને.......

જેના ચરણની રજ બનીને
મારું જગમાં નામ ગવાણું
કેમ કરીને ગુરુ દક્ષિણામાં એનું
ધડથી શિશ ઉતરૂં રે
રે કેશવ કેમ કરીને.......

વિધિ તણી આ વિપરીત રમતને
ના થાવાનું જો ને થાતું
સુતપુત્ર તો એ મારો સગો સહોદર
એના કેમ કરી ગાત્ર વિદારૂં રે
રે કેશવ કેમ કરીને.......

ભેગા રમ્યા ને અમે ભેગા જમ્યાને
ભેગી માણી મોજ મજાયું
દુષ્ટ છતાંએ દુર્યોધન હણીને
કુલ-ઘાતક નથી થાવું રે
રે કેશવ કેમ કરીને.........

મુઠી ધાન ને વેંત જમીન કાજે
મહાભારત મંડાણું
તમે કહોને મારા દેવ મોરારિ
મારે કટએ (કયે) મારગડે જાવું રે
રે કેશવ કેમ કરીને...
સમર મધ્યે શોક ધરીયો ને
પાંડવ મન પસ્તાયું
'આનંદ'અવસર ધન્ય તે દિ
વાલે ગાન ગીતાજીનું ગાયું રે
રે કેશવ કેમ કરીને...

(૫) પ્રતિ વિષાદ યોગ

વસમું થળ ને વસમી વેળા
શાને આ ધરીયો વિષાદ
સમરાંગણની વાટ છે સાચી
શોભે ના જરીય પ્રમાદ
....ભાઈ મારા હાથ ધરોને હથિયાર.

સગા બધા છે સ્વારથ કેરા
સંગ એનો ના કરાય
શત્રુ થઈ ને સામે ઊભા
સગપણ ન જોવાય
....ભાઈ મારા હાથ ધરોને હથિયાર.

મારે મરે ને રણ રોળાયે
ખોળીયા એ તો કહેવાય
અજર અમર આ આતમ સૌ માં
માર્યો ના કો'થી મરાય
....ભાઈ મારા હાથ ધરોને હથિયાર.

જન્મે જીવે ને જીરણ થાયે
અંતે માટીમાં સમાય
ષડ વિકારી દેહ છે એ તો
દેહીને ના કાંઈ થાય
....ભાઈ મારા હાથ ધરોને હથિયાર.

અગ્નિ એને બાળે નહી ને
શસ્ત્રે ના છેદાય
વાયુ ના સુકાવે એને
જળ થી ના ભીંજાય
....ભાઈ મારા હાથ ધરોને હથિયાર.

શુરવીરની છે વાટ સમરની
પાની ના પાછી ભરાય
જીતે જગતનો નાથ બને ને
મરે તો સરગે જાય
....ભાઈ મારા હાથ ધરોને હથિયાર.

પુતળી કેરો ખેલ અનાદિ
ભવ-રણમાં ભજવાય
દોર હરિએ હાથમાં રાખ્યો
નચવે એમ નચાય
....ભાઈ મારા હાથ ધરોને હથિયાર.

કરમ કેરી વાત છે ન્યારી
સૌને એ ના સમજાય

કામ તારું છે રણમાં રમવું
કાયર કેમ થવાય
....ભાઈ મારા હાથ ધરોને હથિયાર.

ધરમ કેરૂ જુધ છે પાંડવ
ટાળ્યું ના કો'થી ટળાય
જય તારો છે સમરાંગણમાં
'આનંદ' કયમ અટવાય
....ભાઈ મારા હાથ ધરોને હથિયાર.

(૬) ભક્તિ યોગ

(રાગ : જુના ધરમ લ્યોને જાણી સંતો....)

પ્રેમ પદારથ જે નર પામ્યા
ભક્તિ પથ સંચરીઆ
શ્રદ્ધા કેરી નાવડી નાની
ભવસાગરને તરીઆ
જે નર ભક્તિપથ સંચરીઆ.

મૈત્રી કરૂણા મુદિતા કેરા
ભાવ હ્રદયમાં ભરીયા
મમતા તોડી, સમતા જોડી
જગ આખામાં ફરીઆ
જે નર ભક્તિપથ સંચરીઆ.

રાગ દ્વેષમાં રંગ ભુસાયા
ઘટમાં ઘાટ ઘડાયા
અંતરના આંભલીઆ મ્હોર્યા
શું કરનારી માયા
જે નર ભક્તિપથ સંચરીઆ.

જગમાં જેણે અંતર અરીસે
જગજીવન ને જોયા
મોહ મમતના ગઢ ભેદાણા
ભવના ફેરા ટળીયા
જે નર ભક્તિપથ સંચરીઆ.

ભક્ત જનોને જગમાં કોઈ
નહી મારા કે પરાયા
રાત્ર રમકડે રમત્યું રમતા
ફરતા જગ છતરાયા
જે નર ભક્તિપથ સંચરીઆ.

સુખ મળ્યું ને ના છલકાયાં
દુઃખમાં ના અકળાયા
માન મળે ના મુછો મરડી
ગોવિંદના ગુણ ગાયા
જે નર ભક્તિપથ સંચરીઆ.

સુત દારા ધન વૈભવ મળીયાં
મનથી ના અટવાયા
'આનંદ' એ નર અવનિ કેરા
ચાંદ સૂરજ કહેવાય !
જે નર ભક્તિપથ સંચરીઆ.

(૭) દૈવી સંપત્તિ

(રાગ-એક સમય શામળિયો ચાલ્યો)

અભયતણું આરાધન કરજો
સત્ત્વ શુદ્ધિને સંઘરજો
જ્ઞાન ભક્તિ ને કર્મ માર્ગનાં
સુંદર સોપાનો ચઢજો
યજ્ઞ,દાન ને તપ બહુ કરજો
શમ, દમ, સેવા આચરજો
મુદિત બનીને મનવા મારા
દૈવી-સંપદને વરજો. ॥૧॥

ધર્મ અહિંસાનો બહુ મોટો
સત્ય સહિત સેવા કરજો
કામ ક્રોધનું નિરસન કરજો
લોલુપતા લવ ના ધરજો
ત્યાગ શાંતિ ને સેવા રે વરજો
પશુતા દિલની પરહરજો
મનવા મારા મુદિત બનીને
દૈવી સંપદને વરજો ॥૨॥

પ્રાણી માત્રને પ્રેમ જ કરજો
સરળ વાણી વર્તન કરજો
પાપ માત્રમાં લજ્જા ધરજો
હેતે હરિના ગુણ ગાજો
તેજ તમારું તપશે મિતવા
ધીરજ અંતરમાં ધરજો
મનવા મારા મુદિત બનીને
દૈવી સંપદને વરજો ॥૩॥

ક્ષમા ધરિત્રી જેવી ધરજો
તન મનની શુદ્ધિ કરજો
માન તાન આ દુનિયા કેરા
એને મૃગજળ સમ ગણજો.
''આનંદ'' અવસર આ છે અદરો
અંતરને ઉજળા કરજો
મનવા મારા મુદિત બનીને
દૈવી સંપદને વરજો. ॥૪॥

(૮) ગુણાતીત

(રાગ-જનની જીવો રે ગોપીચંદની)

ગુણ રે ત્યજીને નિરગુણ થવું
ભજવા દીન દયાળ
જળમાં કમળ સરીખા થવું
ત્યજવી જગની જંજાળ
ગુણીયલ હાલોને ગુણાતીત થવું.
સ્વરે પ્રકાશે રજ ડોલતો
તમ કરે રે વિશ્રામ
ગુણ રે ઊગે ને ગુણ આથમે
નહિ એનો રાગ કે વિષાદ
ગુણીયલ હાલોને ગુણાતીત થવું.
સુખ ને દુઃખમાં સમતા ધરે
કંચન કથીર સમાન
વાલાને દવલ્યાની વાત્યું ના કરે
સરખા માન ને અપમાન
ગુણીયલ હાલોને ગુણાતીત થવું.
દ્વન્દ્વ રે દુનિયા દુઃખ બહુ કરે
પજવે પ્રાણીને અપાર

ષડરે સંપદ સાધે સુખ મળે
જીતે સઘળો સંસાર
ગુણીયલ હાલોને ગુણાતીત થવું
શરણું સ્વીકારે સીતારામનું
જગમાં રહે રે ઉદાસ
વિષ રે જાણીને વિષયો ત્યજે
કોઈની કરે ના કાંઈ આશ
ગુણીયલ હાલોને ગુણાતીત થવું
સુખનો સાગર સચરાચર પતિ
સત્ ને ચિત્નો આધાર
'આનંદ' આરાધે એનાં ઉર ઠરે
ગુણનાં પામે એ તો પાર
ગુણીયલ હાલોને ગુણાતીત થવું.

(ગુણાતીત થવું = સત્ત્વ, રજસ્ અને તમોગુણની પકડમાંથી બહાર નીકળી જવું.)

(૯) અલખ-ઉપાસના ગીત

(રાગ-જનની જીવો રે ગોપીચંદની)

આજ રે આવોને મારે આંગણે
સંતો કરીએ વિચાર
અજરે અનાદિ પુરણ બ્રહ્મનો
સંતો સમજીએ સાર
ખેલરે ખોટા છે સાધો અલકના...

કાળી રે ધોળી રે માટી ભેળદી
માહી ઉમેરી છે બાલ
માયાના નીરેથી એને ભીંજવી
રમત્યું રમે રે ગોપાલ
ખેલરે ખોટા છે સાધો અલકના...

બ્રહ્માંડ મોટાને માવો માંહી વસે
ચાકે ચઢાવ્યો કીરતાર
ઘાટ રે ઘડે છે નિશદિન નવનવા
નામ અને રૂપનો નહિ પાર
ખેલરે ખોટા છે સાધો અલકના...

મો'લરે મોટાને માવો માંહી વસે
ચૌદ-ભુવન આધાર
ચંદા ને સુરજ એમાં શગ-ધરે
ટમકે તારલીયા અપાર
ખેલરે ખોટા છે સાધો અલકના...

વિજરે ચમકે ને આભ ગડગડે
બાજે ડંકા-નિશાન
આજરે અવસર એને આંગણે
કરે કરુણાનાં દાન
ખેલરે ખોટા છે સાધો અલકના...

કુંભરે ઉંધોને માહીં શિશુ રમે
કુમળી કળી નિરાધાર
પ્રસવ્યા પહેલાં રે પયોધર ઝરે
કરે અમરત ધાર
ખેલરે ખોટા છે સાધો અલકના...

ફળમાં વસે રે વાલો રસ બની
ફુલમાં ભરે રે સુગંધ
બીજમાં બીરાજે વાલો વટ બની
મતિ પામે ના પાર
ખેલરે ખોટા છે સાધો અલકના...

જોગીરે નીહાળે નીરમળ જોગમાં
સંતો સકલ સંસાર

ષડરે સંપદ સાધે સુખ મળે
જીતે સઘળો સંસાર
ગુણીયલ હાલોને ગુણાતીત થવું
શરણું સ્વીકારે સીતારામનું
જગમાં રહે રે ઉદાસ
વિષ રે જાણીને વિષયો ત્યજે
કોઈની કરે ના કાંઈ આશ
ગુણીયલ હાલોને ગુણાતીત થવું
સુખનો સાગર સચરાચર પતિ
સત્ ને ચિત્નો આધાર
'આનંદ' આરાધે એનાં ઉર ઠરે
ગુણનાં પામે એ તો પાર
ગુણીયલ હાલોને ગુણાતીત થવું.

(ગુણાતીત થવું = સત્ત્વ, રજસ્ અને તમોગુણની પકડમાંથી બહાર નીકળી જવું.)

(૯) અલખ-ઉપાસના ગીત

(રાગ-જનની જીવો રે ગોપીચંદની)

આજ રે આવોને મારે આંગણે
સંતો કરીએ વિચાર
અજરે અનાદિ પુરણ બ્રહ્મનો
સંતો સમજીએ સાર
ખેલરે ખોટા છે સાધો અલકના...

કાળી રે ધોળી રે માટી ભેળદી
માહી ઉમેરી છે બાલ
માયાના નીરેથી એને ભીંજવી
રમત્યું રમે રે ગોપાલ
ખેલરે ખોટા છે સાધો અલકના...

બ્રહ્માંડ મોટાને માવો માંહી વસે
ચાકે ચઢાવ્યો કીરતાર
ઘાટ રે ઘડે છે નિશદિન નવનવા
નામ અને રૂપનો નહિ પાર
ખેલરે ખોટા છે સાધો અલકના...

મો'લરે મોટાને માવો માંહી વસે
ચૌદ-ભુવન આધાર
ચંદા ને સુરજ એમાં શગ-ધરે
ટમકે તારલીયા અપાર
ખેલરે ખોટા છે સાધો અલકના...

વિજરે ચમકે ને આભ ગડગડે
બાજે ડંકા-નિશાન
આજરે અવસર એને આંગણે
કરે કરુણાનાં દાન
ખેલરે ખોટા છે સાધો અલકના...

કુંભરે ઉંધોને માહીં શિશુ રમે
કુમળી કળી નિરાધાર
પ્રસવ્યા પહેલાં રે પયોધર ઝરે
કરે અમરત ધાર
ખેલરે ખોટા છે સાધો અલકના...

ફળમાં વસે રે વાલો રસ બની
ફુલમાં ભરે રે સુગંધ
બીજમાં બીરાજે વાલો વટ બની
મતિ પામે ના પાર
ખેલરે ખોટા છે સાધો અલકના...

જોગીરે નીહાળે નીરમળ જોગમાં
સંતો સકલ સંસાર

નેતિ રે નેતિ રે નિગમાગમ વદે
મતિ પામે ના પાર
ખેલરે ખોટા છે સાધો અલકના...

અંધારે ''આનંદ'' હતા જનમથી
ભવમાં ભટક્યા અનાથ
ગ્યાનનાં અંજન ગુરુજીએ આંજીયા
મારગ કીધોરે સંગાથ
ખેલરે ખોટા છે સાધો અલકના...

(૧૦) રે મનવા આટલું અંતર ધરજે

સુખ દુઃખના સાથીરે મનવા આટલું અંતર ધરજે
અવનિ પર અમરાપર ઉતરે એવું જગ આચરજે(જગમાં કરજે)
રે મનવા આટલું અંતર ધરજે

તું જો બને તો ધૂપસળી શો બનજે
ઉર અમિરાઈ ભરજે
તું ને જલાવે એનો રંજના ધરજે
મુખ ફોરમથી ભરો
રે મનવા આટલું અંતર ધરજે
તું જો બને તો ભાઈ ચંદન બનજે
આટલું ઉર સંઘરજે
કાયા ઘસાય તેનો રંજ ના ધરજે
જગમાં શીતલતા તું ભરજે
રે મનવા આટલું અંતર ધરજે
તું જો બને તો સાચો હીરલો બનજે
એરણ પર ઓરાજે
ઘણના ઘાવની પરવા ન કરજે
ઓજસ અનોખું રેલવજે
રે મનવા આટલું અંતર ધરજે

તું જો બને તો ભાઇ શેરડી બનજે
ઉરમાં અમી-રસ ભરજે
કાપે કુહાડો તારા અંગને તોએ
મુખડે મધુરતા તું ભરજે
રે મનવા આટલું અંતર ધરજે.

(૧૧) જ્ઞાની

(રાગ-પગ મને ધોવા દ્યિોને)

અર્જુનજી આજ સાંભળોને તમે
જ્ઞાનીનો મહિમાયજી
મન, વચન ને કરમ સરખા ને
ભેદ નહિ રે તલવાર
એવા જન જ્ઞાની તો કહેવાયજી

માન નહિ ને અકરામ નહિ
જેને દંભ ન મન શું જરાયજી
દાન, દયા ને દીનતાનો
દરિયો ઉર ઉભરાય
એવા જન જ્ઞાની તો કહેવાયજી

ગુરુજનની જે સેવા રે કરતો ને
નિર્મળ તન ને મનજી
ગિરિ-શિખર શી સ્થિરતા ને
જેનું હરિ ચરણમાં મન
એવા જન જ્ઞાની તો કહેવાયજી

શબદ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ
સાધ્યો છે ઉપરામજી
જન્મ મરણ ને જરા વ્યાધિ રે

જેને પીડે નહિ પલભાર
એવા જન જ્ઞાની તો કહેવાયજી

સુત, દારા ને વિત્તમાં
નહિ માયા કે મમતાયજી
કડવા મીઠાં કરમ ફળમાં
સાધે જે સમતાય
એવા જન જ્ઞાની તો કહેવાયજી

ચિત્ત ચરણ, નિત ઉર ઝરણમાં
ભક્તિ રસ ઉભરાયજી
આરાધે એકાંતમાં તે એ તો
બહુજનમાં અકળાય
એવા જન જ્ઞાની તો કહેવાયજી

આતમરામે મન રમે ને
જેનું તત્ત્વે સર સંધાનજી
'આનંદ' એને જ્ઞાની કે'વા
અવર જન અજ્ઞાન
એવા જન જ્ઞાની તો કહેવાયજી

(૧૨) ભજન–૧

માયાનો નહિ પાર, પ્રભુ એણે રચ્યો આ સંસારજી
ભવસાગરને તરવાને હરિ, તારો છે આધાર
પ્રભુ તારી માયાનો નહિ પારજી.

નિર્ગુણ, નિર્મલ, નિષ્કલ, અવિચલ, એક જ તું અવિકારજી
પુરુષ રૂપે પ્રગટીઓને માંડ્યો ગુણવટ શું સંસાર
પ્રભુ તારી માયાનો નહિ પારજી.

ગુણીયલ નારી ગુણવતીનો પછી પાંગરીયો પરિવારજી

એક જુઓને બીજું ભુલો એના ગુણ ને રૂપ અપાર
પ્રભુ તારી માયાનો નહિ પારજી.

"પરથમ પહેલી બુદ્ધિ પ્રગટી" સત્ત્વ સ્વરૂપનો સારજી
બીજે પ્રગટ્યો બાળક બળિયો, નામ ધર્યું છે અહંકાર
પ્રભુ તારી માયાનો નહિ પારજી.

પાછું વાળીને પછી જોયું નહિ એનો વાધ્યો બહુ વસ્તારજી
પાંચ, પાંચ, દસ, એકની જાણે ચાલી આ વણઝાર
પ્રભુ તારી માયાનો નહિ પારજી.
નમણી નારી ગુણવતીનો મસ મોટો પરિવારજી
શત્રુ થઈ સંતાપે જીવને, પીડે અપરંપાર
પ્રભુ તારી માયાનો નહિ પારજી.

ખાવા માગે પીવા માગે ને પેરે જરીયન ચીરજી
ત્રણ સાંધેને તેર તુટે, હવે જીવ બન્યો છે અધીર
પ્રભુ તારી માયાનો નહિ પારજી.

સુત દારા ને છોડીયા ને એણે છોડીયો આ સંસારજી
'આનંદ' સઘળું છોડે આવ્યો, સ્વરૂપનો અણસાર
પ્રભુ તારી માયાનો નહિ પારજી.

(૧૩) ભજન–૨

જાગીને જોઉં તો દીસે જરાય ના
ને સપનામાં સંતપનારી
પોતે નાચે ને મને નાચ નચાવે
પગમાં છે, ઘુંઘરવાળી
કે રામ તારી માયા છે મતવાળી.
કીડીને કોઠે એ તો કેદ પુરાણી ને
કુંજર માહીં ના સમાણી
જંગે ચઢ્યા એને જીત્યા જગતમાં

એ ના કોઈથી જીતાણી
કે રામ તારી માયા છે મતવાળી.

બ્રહ્માંડ નો છે આ માંડવોને
એમાં માયા રમે રંગતાળી
દોરડા નો એ સર્પ બનાવે
ભેદ-ભરમ બહુ વાળી
કે રામ તારી માયા છે મતવાળી.

અજર અમર છે એક જ તું ને
હરિ શાખ પુરે વેદવાણી
છાયા બનીને તારા સાથમાં ઊભી
તારી માયા ના કોઈથી કળાણી
કે રામ તારી માયા છે મતવાળી

માયાને કરું મારી માવલડી ને
મારા રામજીની એ તો રાણી
'આનંદ' જેણે ઓળખી એને
વાત બધીય વરતાણી
કે રામ તારી માય છે મતવાળી

(૧૪) ભજન—૩

હે અલક કલાધર ગુણગામી
હે કમલ નયન અંતર યામી
હે કેશવ વર કમલા સ્વામી રે
ઓ શામળિયા
શરણ તમારું નહિ છોડું રે મારા વાલમા

મારી પૂરવ જનમની પ્રીતલડી
મુજ રંક તણી તું આંખલડી
મારી જનમ કરોડ તણી મુડી રે
ઓ શામળિયા.

ભલે નાથ મને તું તરછોડે
મુજ રંક થકી મુખડું મોડે
મારી અંતર આશલડી તોડે રે
ઓ શામળિયા.
મુને વાલમ શું પ્રીતી જાગી
તુને મળવાની લગની લાગી
હું તો દાસી જનમની વણમાગી રે
ઓ શામળિયા.
તેં શરણ રાખવા કોલ દીધો
મારો પીલવડો તેં હાથ લીધો
જગ સાક્ષીએ સોદા કીધા રે
ઓ શામળિયા.
હવે આંખ મીચમણાં નહિ ચાલે
મુને આજ વિયોગ બહુ સાલે
મારો પ્રાણ ઝૂરે ને જશે કાલે રે
ઓ શામળિયા.
હરિ નયન થકી નયના જોડો
મારે ભાલ સુહાગ ટીકી ચોડો
મારા અંતર માં આસન માંડો રે
ઓ શામળિયા.

(૧૫) ભજન—૪

હું પતિત મહીં અતિ પતિત ઠર્યો
તું તાર હવે જગદીશ્વર હે

આ સરિત તણો અતિ-મધુર અને
સુ સ્વાદુ સલિલ જલ જાય વહી
પણ પાવલું ભરી મુખે ધરવા
કુપાતરને અધિકાર નહીં
હું પતિત મહીં-

નવ પતિત ઉધારક બિરૂદ ધરી
જલ શીતલ તું હરિ મુખ ધરે
તો ભવ-ભવની મુજ તરસ છીપે
તવ પતિત પ્રતારતાય દીપે
હું પતિત મહીં-

આ ગ્રીષ્મ તણા અંગાર ઝરણ મહીં
આમ્ર-તણી સુઘટા વિકસી
પણ શીતલતા અંતર ધરવા
દમ એક તણો અધિકાર નથી
હું પતિત મહીં-

તું શીતલતા સમદરમાંની
બસ એક અટુલી સેર બની
મુજ અંતર લાલાયિત કરે
તો ભવ ભવના પ્રભુ તાપ સરે
હું પતિત મહીં-

શશિ, સૂરજને અગણિત તારા
ઝગી આભ અટારી ભરે દીવડે

વણખેડ્યા વણ ખૂટ્યા તો એ
તમ સાગર ઉર હજી ઉમટે
હું પતિત મહીં-
તવ રામ રટન ધન સ્નેહ ભરી
અંતર દીવડી પ્રગટાવ હરિ
તમ સાગર લુપ્ત કરી ઉરના
મન મંદિર જ્યોત ઝગાવ ફરી
હું પતિત મહીં-

(તમ સાગર = અંધકારનો સાગર)

(૧૬) ભજન—૫

આ ઘોર હળાહળ ઝેર સમાં નીલસાગરનાં નીર ગાજી રહ્યાં
તુટી આ તુટી જર્જર નાવલડી મઝધારને મોજ ઝુલાવી રહ્યાં
ડુબી આ ડુબી કે ડુબશે હરિ આ મમ જીવન નાવ ઘડી વારમાં
લવ આશ નથી ઉગરી શકવા અવ સેજ થશે ઉદધિતલમાં ॥૧॥

સઢ આ ફસક્યા ને સુકાન તુટ્યું કૂવા સ્થંભ ડગ્યો સાથી હારી ગયા
જલરાશિનું તાંડવ રુદ્ર બન્યું બારે મેઘ હરિ માથે ગાજી રહ્યા
ચારે પાસ ઘૂરે ઘૂઘવે ઘૂમરે ઘનસાગર ઘોર ગંભીર રવે
ક્રુર કોપિત કાલ કરાલ ફણીધર ફેન ધરી ફફવાટ કરે ॥૨॥

સામે કાળની જાળ વિશાળ રચી ઉદધિ ઉરમાં ઉપવાસી રહ્યો
દળ વાદળ પીપળપાન તણો હરિ આ વસમો ગજગ્રાહ રચ્યો
તુંને કેમ કહું "તું ઉગાર મને", નથી સ્વપ્ન મહીંય સ્મર્યો કદીએ
પણ આ ઘડી છે પ્રભુ સ્હાય થવા તુંને નાથ ધ્યાજો વસે હૃદયે ॥૩॥

(૧૭) ભજન–૬

તારે ને મારે નંદના બાબા, જુગ જુગોની જાણ
હું બેટો તું બાપ છે વાલા, કેમ બને છે અજાણ
શરણું મારે એક છે તારું
કુ'ને હરિ કોણ છે મારું ?

લખ ચોરાશી માંહી ભમીને, કાંઈના કાઢ્યો સાર
શામળીયા તારા સંગમાં મારો, સુધરીઓ સંસાર
માધવ તારી માધારે લાગી
ભવની મારી ભાવી ભાંગી

જર-જમીનને જોરૂને કાજે જગમાં ખેલ્યા જંગ
અંતરના અભિમાન ટળ્યા ત્યારે ઓળખ્યો આતમરંગ
ભાવી ભગવાનની સેવા
ઉગ્યા મારે દિલમાં દીવા

સાગરના તરંગ અનેકને મનના રંગ અપાર
તેથી અધિક છે પાતક મારાં ગણતા ના'વે પાર
તું છે પતિતનો હામી
વારે ધાજે ગરુડગામી

સંસારના સહુ સાજ દીધા, દીધી લાખ ટકાની લાજ
પુત્ર અને પરિવાર દીધા મારા મનની મોજને કાજ
તોએ તુંને વિસર્યો સ્વામી
મારા જેવો કોણ હરામી?

મનમાયાના રંગમાં રાચે રાગના ખેલે ફાગ
કાજળની મારી કોટડી કાળી પેસતા બેસે દાગ
ઉગરવાનો એક તું આરો
''આનંદ''ને આશરો તારો.

(૧૮) આરતી

સત્ય-સ્વરૂપ સુખ ધામ
સચરાચર વ્યાપિ રે હરિ
સગુણ-સ્વરૂપ સુખ આપે
દુઃખ દારુણ કાપી રે હરિ
ઉર અવ અરજ ધરો.

પ્રલય તણા પુર પ્રગટ્યા
પ્રસર્યા બહુ પાણી રે હરિ
મત્સ્ય-રૂપે મનુ તાર્યો
સતરૂપા રાણી રે હરિ
ઉર અવ અરજ ધરો.

દિતિ અદિતિ સુત મય ને
સાગરનું કરતા રે હરિ
કચ્છપ-રૂપ તવ ધરીને
મેરૂ પીઠ ધરતા રે હરિ
ઉર અવ અરજ ધરો.

હિરણ-અક્ષને હણિયો
વાયુ વરાહ ભારી રે હરિ
અવનિને ઓધારી
દંત ઉપર ધારી હરિ
ઉર અવ અરજ ધરો

હિરણ કશ્યપુ પાપી
નૃસિંહ રૂપે માર્યો રે હરિ
પુત્ર સમા પ્રહ્લાદને
અંક ઉપર ધાર્યો રે હરિ
ઉર અવ અરજ ધરો.

બટુક સ્વરૂપ બહુ કોમલ
યાચક ભાવ ધર્યો રે હરિ
ત્રણ ડગ ધરતી માગી
બલિનો દર્પ હર્યો રે હરિ
ઉર અવ અરજ ધરો.

ભાર્ગવ કુલ અવતરિયા
પરશુ હાથ ધરી રે હરિ
રુધિર તણા રે સર ભરીયા
શત્રુ સંહારી રે હરિ
ઉવ અવ અરજ ધરો.

રઘુકુલ-ભૂષણ નાથ
દશરથ ઘર પ્રગટ્યા રે હરિ
રાવણ કુંભ કરણને
દશરથ ઘર પ્રગટ્યા રે હરિ
ઉર અવ અરજ ધરો.

મુરલી મનોહર મોહન
મન મોહિત કીધું રે મારું
રણ મધ્યે અર્જુનને
ગીતા જ્ઞાન દીધું રે હરિ
ઉર અવ અરજ ધરો.

ગૌતમ બનીયા બુદ્ધ
તપ દારુણ કીધું રે હરિ
અનુકંપા ઉર ધરીને
જગને અભય દીધું રે હરિ
ઉર અવ અરજ ધરો.

આ કલિ-કાલ-કરાલ
કરુણા બહુ કરજો રે હરિ
કલિનો મલ હરવાને
કલકિ રૂપ ધરજો રે હરિ

દુઃખ હરતા સુખ કરતા
યુગ યુગ અવતરતા રે હરિ
'આનંદ'નું ઉર હરતા
સ્વરૂપ પ્રીતિ કરતા રે હરિ
ઉર અવ અરજ ધરો.

(૧૯) મુક્તક

ક્યા ગમ કરતા હે મેરે મનવા
આખિર ફરક હે દેખનેકા
માયા બનાયી હે માલિકને
ઉસમેં ના કુછ હે તેરા ના મેરા-
શીશમકી સૈયા રેશમ રજાઇ
સોતી હે ઉસમે સબ દુનિયા
તેરી જો તુટી-ફુટી હે ખટીયાં
આખિર તો ઉસમેં સોનેકા..
ક્યા ગમ કરતા હે...

મોટે મહલ ઔર મોટી અટરીયા
રહતી હે ઉસમેં સબ દુનિયા
તેરી જો છોટી-મોટી હે કુટીયા
આખિર તો ઉસમેં રહેને કા....
ક્યા ગમ કરતા હે...

મેવા-મીઠાઈ ગેવર-મલાઈ
ખાતી હે ઉસકો કબ દુનિયા
તેરી પસીને કી રોટી હે સુખી
આખિર તો ઉસકો ખાનેકા...
ક્યા ગમ કરતા હે...

સુબા, સાહિબ ઔર સ્વામી બનને
દોડ રહી હે સબ દુનિયા
'આનંદ' હમ તો સેવક બનેંગે
આખિર નહિ પછતાનેકા....
ક્યા ગમ કરતા હે...

ડૉ. કે. આઈ. શાહ, જૂનાગઢના તબીબી જગતમાં એક ખૂબ જ આદર ભર્યું અને સન્માન ભરેલ નામ. ખૂબ જ લાંબા સમય સુધી જૂનાગઢમાં તબીબી સેવાઓ આપનાર શાહસાહેબ વિશે વાત કરવાની થાય તો એમ લાગે કે આપણે અનધિકૃત ચેષ્ટા કરી રહ્યા છીએ. જ્યારે સ્કૂલ કાળમાં રોટરી ક્લબના કાર્યક્રમમાં તેમને પહેલી વખત જોયા ત્યારે જ સન્માનની અનુભૂતિ થઈ હતી. તેમને સાંભળવા એ વેળા ગમ્યું હતું. પછી તબીબી વ્યવસાય અર્થે જ્યારે જૂનાગઢમાં સ્થાયી થયો ત્યાર પછી લાંબા ગાળા સુધી એમની સાથે કામ કરવાનુંય મને સદ્‌ભાગ્ય સાંપડ્યું છે. એક ઉમદા તબીબમાં જે કોઈ ગુણો હોય તે બધાં આપણે શાહસાહેબમાં જોઈ જ શકીએ. જૂનાગઢ પંથકમાં એમ કહેવાતું કે ઈલાજ માટે કદાચ બીજા કોઈની પાસે જઈ શકાય, તો પણ પહેલાં નિદાન તો શાહસાહેબ પાસે જ કરાવાય. એમની પાસેથી વ્યવસાયની ઘણી બધી બારિકીઓ શીખવાનો પણ અવસર પ્રાપ્ત થયો છે – એને હું મારી મોંઘેરી મૂડી માનું છું.

આ તો થઈ તબીબ શાહસાહેબની વાત, પણ એમના તબીબી જ્ઞાન કરતાંય પણ વધુ ચડિયાતું પાસું તેમનું અન્ય વાંચન અને મનન હતા. ગીતા કે પાતંજલિ યોગસૂત્ર પર તેમની પાસેથી સાંભળવાનો અવસર મળ્યો ત્યારે આ ગ્રંથોની તેમની ઊંડી સમજ બાબતે અહોભાવ થયો હતો. એમની અભિવ્યક્તિની આગવી તરાહ હતી... વરસો પૂર્વે જ્યારેદિવાળી વખતે શુભેચ્છા વ્યક્ત કરવા માટે, જ્યારે માત્ર પત્રોનું જ માધ્યમ હતું ત્યારે, એમના પત્રમાં આવતી કાવ્યપંક્તિઓ વાંચવી ખૂબ ગમતી હતી. મારામાં રહેલ કવિતા પ્રત્યેના આકર્ષણને કારણે આ બાબતે પણ ઘણી વખત ચર્ચા કરવાનો મોકો મળ્યો અને તેમાંથી મને ઘણું શીખવા મળ્યું છે.

આ તો થઈ શાહસાહેબનાં સંસ્મરણોની વાત. હવે જ્યારે એમના સંતાનો દ્વારા એમના દેહાવસાન પછી એમણે કરેલ ગીતાના અનુવાદનું પ્રકાશન થવા જઈ રહ્યું છે ત્યારે એ બાબતે મારી લાગણી વ્યક્ત કરવાનો મોકો મને મળ્યો છે તેને મારું અહોભાગ્ય માનું છું.

ગીતાના અસંખ્ય પદ્યાનુવાદો થયા છે, અને કેટલીય ભાષાઓમાં થયા છે. કેટલા સમશ્લોકી અનુવાદો છે તો કેટલાંક મુક્ત અનુવાદો છે. શાહસાહેબનો અનુવાદ વધારે મુક્ત અનુવાદની શ્રેણીમાં આવી શકે. કારણ કે એમણે બે પંક્તિઓ વચ્ચે વાંચીને અનુવાદો કર્યા છે. આરંભમાં જ હરિગીતમાં મૂકેલી આ પંક્તિ જુઓ.

અરમાન હરિ ગીત ગાથા ગાન, સંકીર્તન સુધા રસના રહે;
રસ અબ્ધી રેલે; ઓસરે દુઃખ-દલ-દ્વિધાને
દિવ્યનું દર્શન નયન પટધ્વજ વિભાજીત આ ઝીલે.
ની આત્મ અંતગર્તબને; શતદલ પદ્મ હૃદયે ખીલે.

દરેક અધ્યાયોના અનુવાદો માં નીચે થોડાક પાઠ ભેદપણ આપ્યા છે કે ક્યાંક એક જ શ્લોકના એક કરતાં વધુ અનુવાદ પણ મૂક્યાં છે. આ પાઠ ભેદ તેઓ આ અનુવાદની પ્રક્રિયાને કેટલા સમર્પિત હતા તેની પ્રતીતિ કરાવે છે.

પ્રથમ અધ્યાયમાં ભીષ્મનું આ વર્ણન જુઓ :

ત્યાં ધવલ કેશકલાપ કમનીય, સૌમ્ય દર્શન ભીષ્મની
કુરુકુલ આદ્ય, અજેય, અવિચલ અભૂત વીર્ય પ્રતાપની.

અનુવાદમાં પ્રવાહિતા અને સૂક્ષ્મ અર્થછાયા તરત જ નજરે ચડે તેવાં છે.

તો અર્જુનના મુખે મુકેલી બીજા અધ્યાયની આ પંક્તિ જુઓ-

"પૂજનીય મુજને ભીષ્મ ને ગુરુદ્રોણ હૃદય સદૈવથી
: છે યોગ્ય એને અર્ઘ્ય દેવો, મર્મભેદું બાણ થી?"

આ પંક્તિઓ જાણે કે અર્જુનના વિષાદને અત્યંત ઘેરો બનાવતી હોય તેવું લાગે છે.

લગભગ આખો અનુવાદ એક જ છંદમાં થયો છે (વચ્ચે શિખરિણી ના થોડા શ્લોકો બાદ કરતા) પણ સમગ્ર અનુવાદ અત્યંત મનનીય છે. ગીતા અંગે

પૂ.પાંડુરંગ શાસ્ત્રી કહેતા કે ગીતા એક ટોર્ચ જેવી છે, સાધક ગમે તેટલો આગળ વધે તો પણ ગીતાનો પ્રકાશ તેનાથી દસ ફૂટ આગળ જ રહેવાનો. શાહસાહેબે ગીતા પર કેટલું ચિંતન અને મનન કર્યું હશે તેની પ્રતીતિ આ અનુવાદ વાંચનારને અવશ્ય થશે.

વિભૂતિ યોગ કે વિશ્વરૂપદર્શનયોગના અનુવાદો ખૂબ જ વિશિષ્ટ રીતે ધ્યાન ખેંચે તેવા છે. વિશ્વરૂપદર્શન યોગમાં ''પ્રેમ પદારથ જે નર પામ્યા ભક્તિ પથ સંચરિયા'' એ પદ સમગ્ર અનુવાદમાં અત્યંત ધ્યાન ખેંચે તેવું બની રહ્યું છે.

ડૉ. શાહસાહેબની હયાતીમાં આ પ્રકાશન ન થઈ શક્યું એને વિધિની એક વિડંબના જ ગણવી રહી. પણ તેમના સંતાનોએ આ પ્રશંસનીય કામ કર્યું છે એ અત્યંત આનંદની વાત છે. તેમના આ પિતૃતર્પણમાં મને પણ થોડીક અંજલિ આપવાનો મોકો મળ્યો તે બદલ એમનો આભાર માનું છું. અને ભવિષ્યમાં એમના દ્વારા રચિત અન્ય સાહિત્ય પણ સંપાદિત કરીને તેનું પ્રકાશન થાય એવી અભ્યર્થના સાથે શાહસાહેબની પુણ્યચેતનાના ચરણોમાં વંદન કરીને વિરમું છું.

– ઉર્વીશ વસાવડા

શ્રી ડૉ. કે. આઈ. શાહનું જીવનવૃત્તાન્ત

અમારા પૂજ્ય પિતાશ્રી ડૉ. કાન્તિલાલ આઈ. શાહસાહેબ (જન્મ શ્રાવણ વદ દશમ, ૧-૮-૧૯૩૦, તથા દેહાવસાન તિથિ ભાઈબીજ, ૨૨-૧૦-૨૦૧૭)નું જીવનવૃત્તાન્ત પ્રથમ દૃષ્ટિએ દાક્તરી વ્યવસાય સાથે સંકળાયેલ હતું, તેથી તેઓ એક વિજ્ઞાનપ્રિય બુદ્ધિપ્રધાન વ્યક્તિ હશે એટલું તરત સમજાઈ જાય એવું સત્ય હતું. પરંતુ તેઓના અન્તઃકરણમાં એક કલાપ્રિય, કાવ્યરચના કરવામાં કુશળ કવિ-હૃદયવાળા વ્યક્તિ પણ હતા – એની ભાગ્યે જ કોઈને ખબર પડે એવું હતું. એમણે પોતાની યુવાનીના આરંભે, એટલે કે અઢાર – ઓગણીસ વર્ષની વયે જ કવિતાઓ રચવાનું શરૂ કર્યું હોય એવાં પ્રમાણો મળે છે. ઊંચી બુદ્ધિમત્તાને કારણે તેમણે પોતાની કારકિર્દી દાક્તરી વિદ્યામાં ઊભી કરવાનો સંકલ્પ કર્યો હોય એ સ્વાભાવિક છે. એમ-બી-બી-એસ. ની ડીગ્રી હાંસિલ કરીને, સૂરતના રાંદેર વિસ્તારમાં "મેડીકલ ઓફિસર" તરીકેની સર્વિસ પણ (૧૯૫૮ થી ૧૯૬૦માં) કરી. પણ વધુ ભણવાની ખેવનાથી પ્રેરાઈને તેઓ ૧૯૬૧ના વર્ષમાં લંડન (ઈંગ્લેન્ડ) ગયા અને ત્યાંથી એમ-આર-સી-પી. (મેમ્બર ઑફ રૉયલ કૉલેજ ઑફ ફિઝીશ્યન્સ) ની ઉપાધિ મેળવી. એ પછી, સ્કૉટ્લેન્ડમાંથી ડી-ટી-એમ-એચ. (ડોક્ટર ઑફ ટોપિકલ મેડિસીન એન્ડ હાઈજીન)ની સર્વોચ્ચ ડીગ્રી પણ પ્રાપ્ત કરી લીધી. અહીં સ્કોટલેન્ડ (એડીનબરો)ની પર્વતમાળાઓથી ઘેરાયેલ પરિસર જોડે ૧૯૬૧ થી ૧૯૬૪ દરમ્યાન એમના કવિહૃદયને પ્રેમ થઈ ગયો ! એમણે મનોમન સંકલ્પ કરી લીધો કે જીંદગી જીવવી તો ભારતના આવા જ પર્વતમાળાઓથી વીંટળાયેલ કોઈક પ્રદેશમાં, પ્રકૃતિના સાંનિધ્યમાં જીવવી. (પણ, પોતાનાથી તબીબી વિજ્ઞાનથી ક્યાંક વિમુખ ના થઈ જવાય એની સભાનતા સાથે સ્ટાઈપન્ડમાંથી બચાવેલાં પૈસામાંથી "બી-એમ-જે." (બ્રિટીશ મેડીકલ જર્નલ)નું આજીવન લવાજમ જમા કરાવી દીધું, કે જેથી ભારતમાં પાછા ખર્યા પછીય, વિદેશમાં થતી તબીબી વિજ્ઞાનની નવી નવી શોધોથી, તેઓ પોતાના જ્ઞાનને અદ્યતન કરતાં રહી શકે. જૂનાગઢના સામાન્ય નાગરિકોને ભાગ્યે જ ખબર હશે કે તેમને ત્યાં આવેલ આ ડૉક્ટર તબીબી વિજ્ઞાનનું પણ સતત તપશ્ચરણ કરતાં રહ્યાં હતાં.) સ્કોટલેન્ડના પ્રાકૃતિક પરિસરથી આકર્ષયેલા, શાહસાહેબે, ગુજરાતમાં પાછા ફર્યા પછી, (એમના સહપાઠી ડૉક્ટરમિત્રો, જેવા કે- ડૉ. સુમન શાહ (ઑર્થોપિડિક), ડૉ. એચ.ડી. જોશી (ન્યુરોલોજીસ્ટ), ડૉ. અમરીશ પરીખ વગેરેના અમદાવાદમાં જ સ્થાયી થવાનાં સૂચનો હોવા છતાંય) ઈ.સ. ૧૯૬૪માં, જૂનાગઢમાં પ્રેક્ટીસ કરવાનો વિચાર અમલમાં મૂકી દીધો. જૂનાગઢમાં એમના ભાગ્યને ઉઘડવાનો અવકાશ મળવાની સાથે, એક ઉચ્ચ કેળવણી પામેલ ડૉક્ટરને મેળવીને, જૂનાગઢના પણ ભાગ્ય ખૂલી ગયાં. વિદેશોમાં તાલીમ પામેલ એક ડૉક્ટરને માટે શહેરી-જીવનના પ્રલોભનોને ત્યજવાં સહજ હોતાં

જ નથી, તથાપિ ડો. કે. આઈ. શાહસાહેબે પોતાના અંતરના અવાજને સાંભળીને, મનગમતાં જૂનાગઢના કુદરતી વાતાવરણમાં જ જીવનને વીતાવ્યું. તેઓ ૧૯૬૪થી ૨૦૦૭ સુધી ત્યાં જ સ્થિર થઈને રહ્યાં અને ઉત્તમ તબીબી સેવાઓ આપતાં રહ્યાં, તેઓ આના થકી ત્યાંના જનસમૂહની પુષ્કળ ચાહનાને પણ કમાઈ શક્યા. એમણે બે પૈસા ઓછા કમાઈને, જનસમૂહની ચાહનાને કમાવવી મહત્ત્વની માની- એનું અમને ગૌરવ છે. ગ્રામ-વિસ્તારમાં સેવાઓ આપનાર ઉચ્ચ ડીગ્રીધારી આવા ડૉક્ટરો કોઈ પણ સમયગાળામાં અતિ દુર્લભ જ હોય છેને ? એ વિચારે એમની સ્મૃતિને શતશઃ વંદન કરીએ છીએ.

એમના અન્તઃકરણમાં જીવી રહેલો કવિજીવ પોતાની અંગત ડાયરીઓમાં નિરંતર કાવ્યસર્જન કરતો રહ્યો હતો. એમાં દૈવે કરીને, એમણે પોતાના પહેલા દીકરા તુષારને ગુમાવ્યો. એની યાદમાં એને શ્રદ્ધાંજલિ આપવાના નિમિત્તે પણ તેમણે કાવ્ય રચનાઓ કરી. એ પછી, તેમણે સંસ્કૃત સાહિત્યમાં રસ કેળવ્યો અને ધાર્મિક ગ્રન્થોનું ઊંડું અધ્યયન પણ શરૂ કર્યું. પતંજલિનાં યોગસૂત્રો ભણીને, તેઓ યોગાભ્યાસ તરફ પણ વળ્યાં હતાં. વાંચન માટેની ભૂખથી પ્રેરાઈને તેઓ સૌરાષ્ટ્રના જાણીતાં લોકમિલાપ અને પ્રવીણ પ્રકાશનોમાંથી અનેક પુસ્તકો ખરીદતાં અને સતત વાંચતાં. આ સાથે તેઓ, જૂનાગઢમાં રહેતાં અને મુંબઈમાં સોલીસીટરની પ્રેક્ટીસ કરતાં શ્રી જયંતીલાલ ભટ્ટના સંપર્કમાં આવ્યા. આ ભટ્ટજી પણ વિશિષ્ટ જીવ હતાં, એમનો સંસ્કૃતવિદ્યા માટેનો પ્રેમ અવિસ્મરણીય છે. એમણે શાહસાહેબને પોતાના "શ્રીગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ"માં ટ્રસ્ટી બનાવ્યા. આ બન્નેની જોડીએ, સંસ્કૃતને લગતી અનેક પ્રવૃત્તિઓ કરી, જેના સુફળ રૂપે જયંતીલાલ ભટ્ટે પોતે કરેલ મહર્ષિ પાણિનિકૃત અષ્ટાધ્યાયીનો ગુજરાતી અનુવાદ અને આદિ શંકરાચાર્ય (સમગ્ર ગ્રન્થાવલી) જેવાં ગ્રન્થો સંસ્કૃતના વિદ્વાનો પાસે સમ્પાદિત કરાવીને, પ્રકાશિત કરાવ્યા. સંસ્કૃતના અનેક ધાર્મિક ગ્રન્થોના અભ્યાસમાંથી, સૌથી વધારે આકર્ષક ગ્રન્થ હતો તે તો શ્રીમદ્-ભગવદ-ગીતા જ હતો. તેથી શાહસાહેબે ધીમે ધીમે બહુ ચીવટથી અને વૈષ્ણવભક્તિથી ભરેલા ચિત્તે આખી ભગવદ્ગીતાનો પદ્યમાં અનુવાદ તૈયાર કરી દીધો. કમભાગ્યે આ અનુવાદ એમની હયાતીમાં અમે પ્રકાશિત કરી શક્યા નહીં. પણ, એમનો અક્ષરદેહ આજે પ્રકાશિત કરીને, થોડુંક પિતૃ-તર્પણ કર્યાનો સંતોષ લઈ રહ્યા છીએ. અમારા કૃષ્ણભક્ત પિતૃચરણને પુનઃ એકવાર શત શત પ્રણામ...

સ્વ. નયન કે. શાહ
ડૉ. સુધા કે. શાહ
રાકેશ કે. શાહ
પરેશ કે શાહ

વાચક વર્ગની પ્રતિભાવ નોંધ

ૐ નમો ભગવતે વાસુદેવાય આનંદ
ૐ નમો ભગવતે વાસુદેવાય આનંદ

ૐ નમો ભગવતે વાસુદેવાય
નંદને બાળકને ઘેર રમાડિયાં ઘોડિયે

ૐ નમો ભગવતે વાસુદેવાય
યશોદાના લાલજીનાં વારણિયાં લેવાય.

ૐ નમો ભગવતે વાસુદેવાય
નંદ-ઘેર આનંદ ભયો ગોકુળિયામાં થાય

ૐ નમો ભગવતે વાસુદેવાય
નંદને આંગણિયે નાચે ત્રિભુવનનાથ

ૐ નમો ભગવતે વાસુદેવાય
દેવકીનો ભયો નંદ ઘેરે મોટો થાય

ૐ નમો ભગવતે વાસુદેવાય
દાઉજીના સંગાથે ધેનુ ચારવાને જાય

ૐ નમો ભગવતે વાસુદેવાય
માખણિયાં ગોપીઓનાં ખાતો ઘેર ઘેર જા

ૐ નમો ભગવતે વાસુદેવાય
યશોદાને દ્વાર ગોપ બાળ ટોળાં થાય

③ જગત

- [illegible]

- [illegible]

- [illegible]

[illegible]

② ઈશ્વર.

- [illegible]

- [illegible] :

[illegible]

- [illegible]

[illegible]

- કાર્ય કારણ કર્તૃત્વે

- પુરુષઃ પ્રકૃતિસ્થો હિ

જીવ V8 ઈશ્વર —×—

- [illegible]

- સર્વતઃ પાણિપાદં તત્

- [illegible]

- [illegible]

[illegible]

- [illegible]

- [illegible]

- [illegible]

ॐ कृष्णाय वासुदेवाय हरये परमात्मने ।
प्रणतः क्लेशनाशाय गोविन्दाय नमो नमः ॥